# શ્રી યોગબિન્દુ

**[અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય :
આ પાંચ પ્રકારના યોગ ઉપરની વાચનાશ્રેણી]**

:: વાચનાપ્રદાતા ::


પ.પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ
સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજીમ.ના પટ્ટાલંકાર
પ.પૂ. સ્વ.આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ.મ.ના શિષ્યરત્ન
પ.પૂ. સ્વ.આ.ભ.શ્રી.વિ. અમરગુપ્તસૂ.મ.ના શિષ્યરત્ન
**પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.**



:: પ્રકાશન ::

**શ્રી અનેકાંત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ**

:: આર્થિક સહકાર ::

**સ્વ. રતીલાલ મણીલાલ શાહ પરિવાર**
**હા. ગૌતમભાઇ રતીલાલ**
**રસિલાબેન ગૌતમભાઇ**
**અવનિ ગૌતમભાઇ**
અમદાવાદ-૧૫.

- **પુસ્તક** : **શ્રી યોગબિન્દુ**
- **આવૃત્તિ** : પ્રથમ, વિ.સં. ૨૦૬૯
- **નકલ** : ૧૦૦૦
- **પ્રકાશન** : શ્રી અનેકાંત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ
- **પ્રાપ્તિસ્થાન :**
  - **શા. મુકુંદભાઇ રમણલાલ**
    ૨૦૧, નવરત્ન ફ્લેટ્સ, નવા વિકાસગૃહ માર્ગ, પાલડી,
    **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.
  - **પ્રમોદભાઇ છોટાલાલ શાહ**
    ૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ, મલાડ (ઇસ્ટ),
    **મુંબઇ**-૪૦૦ ૦૯૭.
  - **જતીનભાઇ હેમચંદ શાહ**
    'કોમલ' છાપરીયા શેરી, મહીધરપુરા,
    **સુરત**-૩.
  - **તનીલભાઇ એ. વોરા**
    ૪/૭૪, કૃષ્ણકુંજ, જૂના પુલગેટ પાસે,
    ૨૩૯૨/૯૩, જનરલ થીમૈયા રોડ,
    **પૂના**-૪૧૧ ૦૦૧.
- મુદ્રક :
  ***Tejas Printers***
  F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur, A'bad-1.
  **(M) 98253 47620 ▪ Ph. (079) (O) 22172271**


# શ્રી યોગબિન્દુ

**(અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય : આ પાંચ પ્રકારના યોગ ઉપરની વાચનાશ્રેણી)**

રાજકોટ વિ.સં. ૨૦૫૨

અનન્તોપકારી શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામ્યા પછી, શાસ્ત્રકાર પરમર્ષિઓએ જ્યારે જ્યારે ભવ્યજીવોના કલ્યાણની વાત કરી છે ત્યારે મોક્ષની જ વાત કરી છે. વીતરાગપરમાત્માના શાસનની છાયા જેમના પર પડી છે અને એ છાયાને લઈને સર્વજીવોનું કલ્યાણ કરવાની ભાવના જેમને હૈયે વસી છે એવા મહાપુરુષો મોક્ષમાર્ગને બતાવવા સિવાય બીજું કોઈ પણ કામ કરતા નથી. આવા જ મહાપુરુષોમાંના - સૂરિપુરંદર આચાર્યભગવન્ત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ આ યોગબિન્દુ નામના ગ્રંથની રચના કરી છે. આમ તો યોગના વિષયમાં તેઓશ્રીએ ચાર ગ્રંથો લખ્યા છે. તેમાંથી આપણે અહીં યોગબિન્દુ નામના ગ્રંથ ઉપર વિચારણા કરવી છે. ૫૨૭ શ્લોકપ્રમાણ આ ગ્રંથનું વિસ્તારથી વાંચન કરવા માટે તો ઘણો સમય જોઈએ, આપણી પાસે અત્યારે એટલો સમય નથી. છતાં અલ્પ પણ સમયમાં, મૂળમાર્ગને સમજાવનારી અમુક ગાથાઓ પર થોડી વિચારણા કરી લેવી છે.

પૂ. હરિભદ્રસૂરિ મ.ના દરેક ગ્રંથમાં મોક્ષમાર્ગની છાયા પડેલી જ છે. દુનિયાના બધા જ આસ્તિકદર્શનકારોનું ધ્યેય એક મોક્ષને મેળવવાનું જ છે. મોક્ષ સિવાય કલ્યાણની વાત કરવાનું કામ કોઈએ કર્યું નથી. કોઈનો માર્ગ પૂર્ણ હતો તો કોઈનો અધૂરો હતો. સાધન બધાનાં ભિન્ન ભિન્ન હોવા છતાં દરેક દર્શનકારે એક મોક્ષના ધ્યેયથી જ લોકોને આગળ વધારવાનો પ્રયત્ન કર્યો છે. તેથી જ સર્વદર્શનને માન્ય એવા મોક્ષના વાસ્તવિક સ્વરૂપનું અને તે મોક્ષપ્રાપ્તિના વાસ્તવિક ઉપાયનું વર્ણન, સર્વદર્શનકારને ગ્રાહ્ય બને તે રીતે આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. આપણા - જૈનદર્શનના પદાર્થો એવા નથી કે જે દુનિયાનાં બીજાં દર્શનોની સાથે ટકરાયા કરે. કદાગ્રહ ન હોય તો ન સમજાય એવી કોઈ વાત નથી. મધ્યસ્થ હોય અને અભિનિવેશ ન હોય તો કોઈ પણ દર્શનકાર જૈનદર્શનની વાત માન્ય કર્યા વગર ન રહે, એવા પદાર્થો જૈનદર્શનમાં બતાવ્યા છે. અમે અહીં જે બોલીએ છીએ તે બરાબર ન સમજાય તો અહીં જ પૂછી લેજો, પણ તમે અમારા નામે

અલગ વાતો કરો તો તે સમજાવવાની જવાબદારી અમારી નથી. અમે જે બોલ્યા છીએ તે તમને સમજાવવાની જવાબદારી અમારી છે.

શાસ્ત્રકારો કલ્યાણનો માર્ગ ચીંધે અને આપણે અકલ્યાણના માર્ગે દોડ્યા કરીએ – એ ખરેખર બુદ્ધિમાનોનું લક્ષણ નથી. વર્તમાનમાં આપણે બધા સ્થૂલ ધર્મના અર્થી બન્યા છીએ. જ્યારે શાસ્ત્રકારો આપણને યોગના–સૂક્ષ્મધર્મના અર્થી બનાવવા માગે છે. જેમની નજર પુણ્ય ઉપર અને પુણ્યથી મળતા સુખ ઉપર છે, તેઓ સ્થૂલ ધર્મ માટે જ પ્રયત્ન કરે છે, યોગ માટે નહિ. યોગના કારણે નિર્જરા થાય છે, સ્થૂલ ધર્મના કારણે પુણ્ય બંધાય છે. આ ૯ દિવસમાં સ્થૂલ ધર્મ અને યોગ વચ્ચેનો ભેદ આપણે બરાબર સમજી લેવો છે. મરીને દેવલોક બધાને જોઈએ છે પણ દુઃખ વેઠીને કેવલજ્ઞાન જોઈએ છે ખરું ? આ જે ફરક છે તે ધર્મના અને યોગના ભેદના કારણે છે. સ્થૂલ ધર્મના કારણે સુખ મળે છે જ્યારે યોગના કારણે સુખ છૂટી જાય છે. સંસારના સુખ સામે નજર રાખનારા વાસ્તવિક ધર્મના કે ધર્મના ધ્યેયના પણ અર્થી બની શકવાના નથી. ચક્રવર્તીનો ઘોડો મરીને આઠમા દેવલોકમાં જાય અને સનત્કુમાર ચક્રવર્તી ત્રીજા દેવલોકમાં જાય – આપણી નજર ક્યાં છે ? શ્રેણિક મહારાજા નરકે થઈને મોક્ષે જશે, સનત્કુમાર ચક્રવર્તી દેવલોકમાં થઈને મોક્ષે જશે – બંન્ને એક જ ભવના આંતરે મોક્ષે જવાના – આપણને શું ગમે ? દુઃખ ગમે ? દુઃખ જો કર્મ બંધાવતું ન હોય તો આપણે તેને સ્વીકારવું છે ? અનુત્તરવાસી દેવો સુખમાં નથી મૂંઝાતા અને શ્રેણિક મહારાજા દુઃખમાં નથી મૂંઝાતા. કર્મબંધનું કારણ ન બનતું હોય તેવું સુખ ભોગવવામાં કે દુઃખ ભોગવવામાં વાંધો નથી. તેથી આરાધનાનું માપ પુણ્યના આધારે નથી કઢાતું પરંતુ નિર્જરાના આધારે કઢાય છે. સુખ કે દુઃખ કર્મબંધનું કારણ નથી, તેમાં થતી રતિ કે અરતિ કર્મ બંધાવે છે. આ રતિ કે અરતિ ટાળતાં આવડે તો સુખ હોય કે દુઃખ હોય તે નિર્જરા કરાવી આપે છે અને આ સામર્થ્ય યોગની સાધનામાંથી મળે છે. યોગમાં આ વિશેષતા છે કે જેથી માણસની નજર પુણ્ય ઉપરથી ઊઠી જાય છે અને નિર્જરા ઉપર સ્થિર થાય છે. આવા યોગના માહાત્મ્યને સમજાવવાનું કામ પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મ.એ કર્યું છે. આ અવસર્પિણીકાળમાં શાસ્ત્રનાં રહસ્યો આપણા સુધી પહોંચાડવા તેઓશ્રીએ જે પુરુષાર્થ કર્યો છે તે ખૂબ જ મહત્ત્વનો છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી ગ્રંથ રચવાનું ચાલુ રાખે એવા મહાત્મા આ એક જ હતા. તેઓશ્રીએ કરેલો ઉપકાર યાદ રહી જાય તો ભગવાનના સાધુસાધ્વી કેવા હોય તે ખબર પડ્યા વગર ન રહે. બધા સાધુસાધ્વી ભલે નવા ગ્રંથો ન રચે પરન્તુ છેલ્લી ઘડી સુધી શાસ્ત્ર ભણવાનું, વાંચવાનું કે સાંભળવાનું તો ચાલુ રાખે ને ? કાળના પ્રભાવે જ્ઞાનાદિનો હ્રાસ થાય છે એટલે આવા ઉત્તમ મહાત્માનો યોગ ન થાય એ બનવાજોગ છે છતાં પણ, મરતાં સુધી આવા ગ્રંથો ભણવાનો, વાંચવાનો, શ્રવણ કરવાનો પ્રયત્ન આપણે ચાલુ રાખીએ તોય તેઓશ્રીની છાયા આપણા આત્મા પર પડી છે – એમ માની શકાય. આવા ગ્રંથો વાંચીને શાસ્ત્રકારોનાં વચન પર શ્રદ્ધા જાગે, શાસ્ત્રકારો પ્રત્યે અહોભાવ જાગે, જ્ઞાનનું અર્થીપણું જાગે અને ક્રમે કરીને શાસ્ત્રનો પરમાર્થ પમાય છે. આ રીતે એકવાર શાસ્ત્રનો પરમાર્થ સમજાઈ જાય, અથવા તો એ પરમાર્થને સમજાવનારા ગુરુભગવંત મળી જાય તો બીજે ક્યાંય ભટકવા જવું નથી. તમારે ત્યાં પણ શું ચાલે છે ? કપડું કે શાકભાજી લેવા જનારાને ઇષ્ટસ્થાનેથી ઇષ્ટ વસ્તુ મળી જાય તો દુકાને દુકાને ફરે ખરા ? નહિ ને ? તેમ વીતરાગપરમાત્માના શાસનના પરમાર્થને સમજાવનારા મહાત્મા મળી જાય તો ઠેર ઠેર ફરવાની જરૂર નથી. તાત્ત્વિક પક્ષપાત સુધી પહોંચ્યા પછી મન છૂટું ન હોય, ખીલે બંધાયેલું હોય. સાચું ન સમજાય ત્યાં સુધી બધે ફરે – એ બને, પણ સાચું સમજાયા પછી પણ ફરફર કરે તો સંભવ છે કે મળેલું તત્ત્વ પણ ગુમાવી બેસે. એટલા માટે કહેવું છે કે – પૂ. હરિભદ્ર સૂ.મ.ના ગ્રંથોનો પરમાર્થ સમજાઈ જાય તે માટે જ પ્રયત્ન કરવો છે અને સમજાઈ ગયા પછી તેમાંથી માથું ઊંચું કરવું નથી.

શાસ્ત્રોના પરમાર્થ સુધી પહોંચાડનારા આવા ગ્રંથો આપણને મળ્યા તેમાં પૂ. હરિભદ્ર સૂ.મ.ના શિષ્યો – હંસ અને પરમહંસનો પણ ફાળો છે. તેમણે પોતાના ગુરુની આજ્ઞા માની નહિ અને બૌદ્ધને ત્યાં ગયા હતા. પોતાના ગુરુભગવંત સમર્થ હોવા છતાં અને તેઓશ્રીએ વાર્યા છતાં હંસ–પરમહંસ જીવના જોખમે ત્યાં ગયા; તેમાં તેમની ઉદ્દંડતા, સ્વચ્છંદીપણું કે અવિનય ન હતો, કેવળ શાસન પ્રત્યેનો રાગ હતો. શાસન પ્રત્યેના અવિહડ રાગના કારણે જે પ્રવૃત્તિ થાય તેમાં ગુરુદ્રોહ ન લાગે. પોતાના મા–બાપને ગાળો આપનારનો, મા–બાપ ના પાડે છતાં પ્રતીકાર કરવા તૈયાર થાય તો તે મા–બાપનો અવિનય ગણાય કે તેમની ભક્તિ ગણાય ? જે દિવસે શાસન પ્રત્યે આવો રાગ પ્રગટશે તે દિવસે આ બધું સમજાશે. આજે તો અમારાં સાધુ–સાધ્વી, ગુરુની આજ્ઞા માને તોપણ પોતાના શરીરાદિના રાગના

કારણે !! જે ફાવે એવું ન હોય તેની તો આજ્ઞા લેવા જ ન જાય અને જે ફાવે એ આજ્ઞા હોંશે હોંશે પાળે. અપવાદ પોતે રાગાદિના કારણે સેવે અને ચઢાવે ગુરુના નામે કે - 'તેમની આજ્ઞાથી કરું છું.' અપવાદ ગુરુની આજ્ઞાના કારણે નથી સેવાતો પરંતુ પોતાની અસહિષ્ણુતા કે રાગાદિના કારણે સેવાય છે - છતાંય તેવા વખતે પોતાના દોષને આગળ ન કરતાં ગુરુભગવંતની આજ્ઞા કે ઉદારતા(!)ને આગળ કરે તેવાં સાધુ-સાધ્વી આ આજ્ઞાયોગનું મહત્ત્વ શી રીતે સમજી શકે ? આ વિષમતા જોતાં લાગે છે કે આજ્ઞાયોગ પામવા માટે ભવોભવની સાધના જોઈશે. યોગમાર્ગ પર નજર નથી તેના કારણે આ બધાં દૂષણો ચાલુ છે. ગુરુનિશ્રામાં રહીને આજ્ઞાયોગમાં કઈ રીતે જીવવું - એ આ દૃષ્ટાંત ઉપરથી શીખવા જેવું છે.

પ્રસંગથી આટલી વાત કરીને આપણે પાછા મૂળ વાત પર આવીએ. યોગમાં અને સ્થૂલ ધર્મમાં શું ભેદ છે - એ આપણે સમજી લેવો છે. ધર્મના કારણે પુણ્ય બંધાય છે અને યોગના કારણે નિર્જરા થાય છે.

સ૦ સાહેબ ! યોગના કારણે પુણ્ય બંધાય જ નહિ ?

યોગના કારણે પુણ્ય બંધાય તોપણ તે ગુણસ્થાનકપ્રત્યયિક જ બંધાય, તેમાં પ્રધાનતા નિર્જરાની છે. તમારી નજર પુણ્ય પર સ્થિર છે. તેથી આવો પ્રશ્ન ઊઠે છે. હૈયાનો ઢાળ જેવો હોય તેવી શંકા થાય. જો નિર્જરા તરફ નજર ગઈ હોત તો એમ પ્રશ્ન કરત કે, 'ધર્મના કારણે નિર્જરા ન થાય ?' અને એ વસ્તુ આગળ સમજાવવી જ છે કે - જેમ યોગના કારણે પુણ્ય બંધાવા છતાં તે ગૌણ છે તેમ ધર્મના કારણે નિર્જરા થાય તોપણ તે અત્યન્ત અલ્પ - ગુણસ્થાનકપ્રત્યયિક - થાય છે. આથી જ આપણે ધર્મને યોગમાં ફેરવવા માટે પુરુષાર્થ કરવો છે. પુણ્ય બાંધવાનો પુરુષાર્થ કરીએ ને તેમાં નિર્જરા થઈ જાય તેની કિંમત નથી. અને નિર્જરા માટે પુરુષાર્થ કરનારને પુણ્ય બંધાય તો તેની ચિંતા નથી. ધર્મ કરવાથી સુખ મળે ને દુઃખ ટળે એમ તો બધા માને છે અને બોલે છે જ્યારે શાસ્ત્રકારો સમજાવે છે કે - જે ધર્મ કરવાથી નિર્જરા થાય ને મોક્ષ મળે તે ધર્મ કામનો. જે ધર્માનુષ્ઠાન, આત્માનો મોક્ષ સાથે મેળાપ કરાવી આપે તે ધર્માનુષ્ઠાનને યોગ કહેવાય છે. યોગમાર્ગમાં જ આ વિશેષતા છે કે માણસનું મન પુણ્ય ઉપરથી ઊઠી જાય છે અને નિર્જરા તરફ વળે છે. માટે જ મોક્ષમાર્ગે ચડનારને પુણ્ય બંધાવનાર નહિ પરંતુ નિર્જરા કરાવે તેવો ધર્મ બતાવવો જોઈએ. સુખી થવાનો વિચાર તો બધાને ડગલે ને પગલે આવે છે, જે દિવસે મોક્ષે જવાનો વિચાર આવશે તે દિવસે યોગમાર્ગની કિંમત સમજાશે. મોક્ષ અત્યારે મળવાનો નથી - એમ કહી-કહીને જ આપણે બગાડ્યું. અહીંથી પણ એક ભવના આંતરે મોક્ષ મેળવી શકાય છે. એમ જો બોલતાં-માનતાં થયા હોત તો આપણી નજર પુણ્ય પરથી ખસીને નિર્જરા પર ઠરી હોત. મોક્ષમાં જવા નીકળેલાં સાધુ-સાધ્વી પણ, જ્યોતિષી પાસેથી (કેવળી ભગવન્ત પાસેથી નહિ !), દેવલોકમાં જવાનો નિશ્ચય થાય તોય રાજી-રાજી થઈ જાય. 'અભવ્યો સાધુપણું પાળીને નવમા ગ્રૈવેયક સુધી જાય તોપણ એની કિંમત નહિ !' તેવું ભારપૂર્વક સમજાવનારા પોતાને દેવલોકમાં જવાનું થાય તેમાં પાછા રાજી થાય !! ચારિત્રમાર્ગ અને યોગમાર્ગમાં કોઈ ભેદ નથી. કારણ કે ચારિત્ર પણ કર્મની નિર્જરા કરાવે છે અને યોગ પણ કર્મની નિર્જરા કરાવે છે. છતાં આપણી નજર પુણ્ય પર હોવાથી આપણે ચારિત્રને યોગથી જાુદું પાડ્યું. જ્ઞાનમંદિરની પાટે એક વાર પૂ. સાહેબજીએ (પ.પૂ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્ર સૂ.મ.) કહ્યું હતું કે, 'જે સાધુપણું પાળીને દેવલોકમાં ગયા તેમને પાળતાં ન આવડ્યું માટે ગયા.' જે સાધુપણું બરાબર ન પાળે તે દેવલોકમાં જાય. જો સાધુપણું બરાબર પાળે તો તે મોક્ષમાં જ જાય. દેવલોકમાં જવું એ સાધુપણાનું ફળ નથી. દેવલોકમાં જવું એ તો સરાગસંયમનું ફળ છે. દેવલોક જ નહિ, શાસ્ત્રકારો તો કહે છે કે - તીર્થંકરનામકર્મનો બંધ પણ સરાગસંયમના કારણે થાય છે. નિષ્કામભાવનું (રાગ વગરનું) સંયમ તો નિર્જરા દ્વારા મોક્ષ આપે છે. વિશુદ્ધિ જાય ત્યારે આયુષ્ય બંધાય છે. અત્યન્ત વિશુદ્ધ નિર્મળચારિત્ર પાળતાં આવડે તો તે આયુષ્ય બાંધ્યા વિના મોક્ષે પહોંચી જાય. ચતુરંતચક્રવર્ત્તી - ચારે ગતિનો અંત કરનારા - તીર્થંકર પરમાત્મા કોઈ પણ સાધનાના મુખ્ય ફળ તરીકે દેવલોકને ન જ જણાવે - એ સમજી શકાય એવું છે. છતાં પણ આજ સુધી આપણે સાધનાનું માપ નિર્જરાના આધારે કાઢવાના બદલે સુખ-દુઃખની પ્રાપ્તિના આધારે જ કાઢતાં આવ્યા છીએ માટે જ ચારે ગતિમાં રખડ્યા કરીએ છીએ. વીતરાગપરમાત્માનું શાસન પામેલાને અહીંથી મરીને દેવલોકમાં જવાનો કે નરકમાં જવાનો હર્ષ-શોક ન હોય. મોક્ષના અર્થીને તો અહીંથી આયુષ્ય બાંધીને પરલોકમાં જવું પડે છે એનો જ ભય હોય છે. આવો ભય જેને જાગે તેની નજર નિર્જરા પર જ સ્થિર થાય, અને નિર્જરાર્થીને યોગમાર્ગ વિના નિસ્તાર નથી. આ યોગમાર્ગનું માહાત્મ્ય સમજાવતાં આ 'યોગબિન્દુ'

નામના ગ્રંથનો પ્રારંભ કરતાં પહેલા પરમાત્માની સ્તવના કરતાં યોગબિન્દુની ટીકામાં પૂ. ગ્રંથકાર પરમર્ષિ જણાવે છે કે-

**सद्योगचिन्तामणितोऽनणीयो । येनाधिजग्मे जगतः प्रभुत्वम् ।।**
**स योगिवृन्दारकवन्दनीयो । द्यतादवद्यानि घनं जिनो नः ।।१।।**

સદ્યોગસ્વરૂપ ચિન્તામણિથી જેઓએ જગતનું અનણીય (નાનું નહિ - એટલે કે મહાન) સ્વામિત્વ પ્રાપ્ત કર્યું છે, અને જેઓ ઉત્તમ એવા યોગીજનોને વંદન કરવા યોગ્ય છે - તે શ્રી જિનેશ્વરભગવાન અમારાં પાપોનો સર્વથા નાશ કરે. આ પ્રમાણે શ્લોકનો અર્થ છે. આશય એ છે કે શ્રી વીતરાગપરમાત્મા આ જગતમાં ઉત્તમોત્તમ છે, જેઓશ્રીના બાહ્ય અને અભ્યન્તર ગુણોની તુલના જેમની સાથે કરી શકાય એવા કોઈ જ નથી. અનન્યસાધારણ ગુણોનો આવો વૈભવ પ્રાપ્ત કરી શ્રી જિનેશ્વરદેવોએ સમસ્ત જગતનું સ્વામિત્વ પ્રાપ્ત કર્યું છે, એમાં સદ્યોગ કારણ છે. દુનિયાની કોઈ પણ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ જેવી રીતે ચિન્તામણિથી થઈ શકે છે; તેમ જગતના મહાન સ્વામિત્વની પ્રાપ્તિમાં કારણભૂત લોકોત્તર ગુણોનો વૈભવ માત્ર સદ્યોગથી જ પ્રાપ્ત થાય છે. આથી અહીં સદ્યોગને (શ્રી વીતરાગપરમાત્માના આજ્ઞાયોગને) ચિન્તામણિની ઉપમા આપી છે. સદ્યોગ વસ્તુતઃ ચિન્તામણિથી પણ અધિક પ્રભાવવન્તો છે. કારણ કે ચિન્તામણિથી આ લોકસંબંધી જ ફલની પ્રાપ્તિ થાય છે અને સદ્યોગથી તો લોક-લોકોત્તર ફળની પ્રાપ્તિ થાય છે. લોકોત્તર ગુણવૈભવને સદ્યોગથી પ્રાપ્ત કરી શ્રી તીર્થંકરપરમાત્મા જગતના સ્વામીપણાને પ્રાપ્ત કરનારા બન્યા છે. તેમના સ્વામિત્વને અહીં અનણીય તરીકે વર્ણવ્યું છે. શ્રી વીતરાગપરમાત્માનું સ્વામિત્વ વાસ્તવિક જ મોટું હોવા છતાં તેનો ઉલ્લેખ 'નાનું નથી' - એમ કહીને કર્યો છે. દરેક દર્શનકારો આપણા ભગવાનનું આવું મહાન પ્રભુત્વ એકાએક સ્વીકારે નહિ. તેથી તે મહાન પ્રભુત્વ, નાનું નથી - એમ કહ્યું છે.

સ૦ સર્વગ્રાહી બનાવવા માટે ન્યૂનતા લવાય ?

ન્યૂનતા નથી લાવ્યા. માત્ર ભિન્નરૂપે નિરૂપણ કર્યું છે. મહાન છે એમ કહેવાને બદલે ન્યૂન નથી - એમ જણાવ્યું છે. શ્રોતાને જેટલું રુચે એટલું સમજાવવાનું, પણ રુચિ મુજબ પણ આપવાનું એ તત્ત્વ જ. 'ઓછું નહિ' એમ સમજાવવાથી ન્યૂનતા નથી આવતી. વાસ્તવિકતાનો બાધ થાય એવું સમજાવે : તત્ત્વના બદલે અતત્ત્વ સમજાવે તો ન્યૂનતા આવે. અને આ રીતે પરમાત્માના ચિન્તામણિસમાન મહિમાને જણાવીને, જેટલો આદર ચિન્તામણિ પ્રત્યે છે તેટલો ય આદર પરમાત્મા પ્રત્યે કેળવાય તોપણ નિસ્તાર થાય - એમ ગ્રંથકારશ્રી સમજાવવા માગે છે.

શ્રી તીર્થંકર પરમાત્માને જગતના સ્વામી તરીકે જણાવીને આગળ જઈને યોગીજનોને વંદનીય તરીકે જણાવ્યા છે. તીર્થંકર ભગવન્તો સ્વયં યોગમાર્ગની સાધના કરીને સિદ્ધ થયેલ હોવાથી પરમયોગી છે. યોગીજનો જ યોગીજનને ઓળખી શકે, માટે યોગીપુરુષોએ પરમયોગી એવા તીર્થંકર પરમાત્માને કરેલી વંદના સાર્થક હોવાથી અહીં તેમનું ગ્રહણ કર્યું છે. ભોગી વંદના કરે તો લાલચ વગેરેથી કરે માટે તેની કિંમત નથી. આથી 'યોગીજનોની વંદના જ ગણનાપાત્ર છે.' - એવું જાણીને ધર્માર્થીજનો પોતાની વંદનાને સાર્થક બનાવવા માટે યોગમાર્ગમાં પ્રયાણ કરે - એ આશયથી અહીં ગ્રંથકારશ્રીએ 'યોગીજનોને વંદનીય' આ પ્રમાણે કહીને પરમાત્માની સ્તવના કરી છે. આવા પરમાત્માને આ રીતે કરેલી વંદના આપણાં પાપોનો સર્વથા ક્ષય કરે છે - એ સારી રીતે સમજી શકાય છે. પૂ. હરિભદ્ર સૂ.મ.ને સમદર્શી માનનારા અને કહેનારાઓએ એ ખાસ યાદ રાખવાની જરૂર છે કે - સર્વદર્શનોને ગ્રાહ્ય બને તેવા ગ્રંથોની રચના કરનારા એ મહાપુરુષે પોતાના ગ્રંથોમાં વંદન તો કાયમ માટે વીતરાગ પરમાત્માને જ કર્યાં છે, ઇતરદેવોને નહિ. માત્ર તેમની પ્રત્યે દ્વેષ ન કરવો અને કરુણાભાવ રાખવો - એટલા પૂરતો જ સમભાવ હતો. અન્ય પ્રત્યે દ્વેષ નહિ છતાં હૈયું માત્ર અહીં ઢાલવ્યું એ જ તેઓશ્રીનો સમભાવ હતો. ઉચિતપ્રવૃત્તિનું સેવન કરનારા જ સમભાવ રાખી શકે. અલંકાર પ્રત્યે ગમે તેટલો સમભાવ હોય તોય પગનું અલંકાર ગળામાં ન નંખાય. બધાને એકસ્થાને બેસાડવા, ગોળ અને ખોળને સરખા કરવા, કુદેવ અને સુદેવને એક માનવા, કુગુરુ અને સુગુરુને એક ગણવા, કુધર્મ અને સુધર્મને એક કરવો : એનું નામ સમભાવ નથી. દરેકનું વાસ્તવિક સ્વરૂપ ઓળખીને પોતપોતાની કક્ષા મુજબ ઉચિત સ્થાને રાખવા તેનું નામ સમભાવ. આથી જ આવા સમદર્શી તે સૂરિપુરંદરે સર્વદર્શનને માન્ય બને એ રીતે વીતરાગ પરમાત્માનું સ્વરૂપ આ યોગબિન્દુ નામના ગ્રંથની આદિમાં જણાવ્યું છે.

પહેલા શ્લોકથી વીતરાગ પરમાત્માની સ્તવના કરીને બીજા શ્લોકથી ગ્રંથકારશ્રી ફરમાવે છે - અમૃતના બિંદુમાત્રનો સંગ્રહ કરતાં જેમ અત્યંત આનંદ અનુભવાય છે તેમ યોગનાં બિંદુમાત્રનો પણ અહીં સંગ્રહ કરતાં તેઓશ્રી અત્યન્ત

આનંદને અનુભવે છે. યોગપ્રવાદ નામના પૂર્વાન્તર્ગત પદાર્થો તેમ જ તે તે દર્શનમાં પ્રસિદ્ધ એવાં યોગપ્રતિપાદક શાસ્ત્રોને નજરમાં રાખીને આ ગ્રંથની રચના કરતી વખતે તેઓશ્રીની સામે પુષ્કળ પદાર્થો હોવાથી આ ગ્રંથને બિંદુ સમાન ગણાવે છે, પરંતુ આપણા સૌ માટે તો એ દરિયાસમાન છે. માટે બિંદુ માનીને તેની ઉપેક્ષા કરવાની જરૂર નથી. બિન્દુનું ગ્રહણ ઉપેક્ષાથી થાય, બિંદુ માટે કોઈ પાત્ર ન લાવે. તમે લાવ્યા છો કે નહિ ? જો દરિયો માનશો તો પાત્ર લાવવાનું મન થશે. અમૃતના અર્થીને જેમ અમૃતનું બિંદુ પણ દરિયાસમાન લાગે છે તેમ યોગમાર્ગના અર્થીને પણ યોગનું બિંદુ દરિયાસમાન લાગે. પરંતુ યોગનું અર્થીપણું જાગ્યું છે કે નહિ તે આપણે ખૂબ શાંતિથી વિચારવાની જરૂર છે.

મોક્ષની સાથે જોડી આપનાર આ યોગનું સ્વરૂપ આટલું રમણીય હોવા છતાં, અહીં યોગના બદલે યોગના બિંદુનો જ સંગ્રહ કેમ કર્યો છે તેનું કારણ જણાવતાં ત્રીજા શ્લોકમાં ગ્રંથકારશ્રી ફરમાવે છે કે – તેઓશ્રી પાસે તે વખતે તેવા પ્રકારનો કોઈ ગુરુનો ઉપદેશ નથી તેમ જ વિશિષ્ટ કોટિનો મતિનો ક્ષયોપશમ પણ નથી છતાં પણ યોગની પ્રીતિના કારણે જ યોગબિંદુનો સંગ્રહ કર્યો છે. તે વખતમાં અપ્રતિમ બુદ્ધિપ્રતિભાના સ્વામી હોવા છતાં, ચૌદપૂર્વનું શ્રુત પોતાની નજર સામે હોવાથી જ, પોતાની પાસે વિપુલમતિ નથી એમ ગ્રંથકારશ્રી માને છે અને યોગના પ્રેમને વશ થઈને જ આ ગ્રંથની રચના કરી છે એમ જણાવે છે. જેને પૈસા ગમે, તે હાથમાં આવેલી પાવલી પણ ખીસામાં નાંખે, પછી તેનાથી નિર્વાહ થશે કે નહિ તેનો વિચાર કરવા ન રહે. તેમ અહીં પણ યોગના બિંદુમાત્રથી નિસ્તાર નથી થતો એવું જાણવા છતાં પણ માત્ર યોગમાર્ગની પ્રીતિને લઈને, ગ્રંથકારશ્રીએ આત્મસ્મરણના અભ્યાસ માટે આટલો પ્રયાસ કર્યો છે. તેઓશ્રીની આ યોગની પ્રીતિની આંશિક પણ પ્રતીતિ આપણને થઈ જાય તો આપણે પણ આ ગ્રંથને વાંચતાં-સાંભળતાં અત્યન્ત આનંદને અનુભવી શકીશું. જેને શાસન પ્રત્યે રાગ હોય તે શાસનને વીણવાનું કામ કરે અને જેને શાસન પ્રત્યે રાગ ન હોય તે શાસનને ફેંકવાનું કામ કરે છે. વર્ત્તમાનમાં જે ઔદયિકભાવનું સામ્રાજ્ય વ્યાપ્યું છે તેનું કારણ એ છે કે – ક્ષયોપશમભાવમાં ઝિલાવનારા આવા ગ્રંથોનું અધ્યયન ઓછું થઈ ગયું, આગળ વધીને કહો તો અધ્યયનનો પ્રેમ પણ ઘટી ગયો. એ અધ્યયનના પ્રેમને પાછો જીવતો કરીએ તો આ ગ્રંથ આપણા આત્માને ઔદયિકભાવના સામ્રાજ્યમાંથી બહાર કાઢવા માટે સમર્થ બને. ગ્રંથના એક એક અક્ષરમાં તાકાત છે કે આપણા આત્માને ક્ષયોપશમભાવમાં સ્થિર કરે. આ ગ્રંથનો એક પણ અક્ષર છોડવાજેવો નથી. આપણી પાસે સમય-સંયોગો નથી, છતાં જેટલું હાથમાં આવે એટલું પણ કાંઈક નક્કર – આત્માને લાભ કરે એવું – તત્ત્વ આમાંથી મેળવીને જવું છે, આટલું પણ નક્કી રાખીએ તો કામ થાય.

યોગ અને ધર્મનો ભેદ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી આગળ વધવું નથી. સોનાને પારખવાની શક્તિ ન હોય તો ન લે, થોભી જાય પરંતુ પિત્તળને સોનું માનીને ઘરમાં ઘાલવાની ભૂલ ન કરે, તેમ અહીં પણ સમજી લેવું. જ્ઞાન ન હોય તો મૌન રહેવું પણ ખોટાની પ્રશંસા કે ખોટાનો આદર કોઈ સંયોગોમાં નથી કરવો. સુખની અર્થી એવી દુનિયાને પણ ક્યારેય સંસારના સુખ માટે ધર્મ કરવાનો ઉપદેશ શાસ્ત્રકારોએ આપ્યો નથી, સુખ અપાવનાર ધર્મ ઉપરથી નજર ખસેડી નિર્જરા કરાવનાર યોગમાર્ગને સેવવા માટેનો જ ઉપદેશ શાસ્ત્રકારોએ આપ્યો છે. વીતરાગ પરમાત્માના શાસનને પામ્યા પછી પણ જેઓ યોગમાર્ગની ઉપેક્ષા કરીને એકાન્તે ધર્મનો જ ઉપદેશ આપીને લોકોને ધર્માનુષ્ઠાન કરાવવાનો પ્રયત્ન કરે છે તેને શાસ્ત્રકારોએ ઉન્માર્ગગામી કહ્યા છે. એવાઓ પોતે ઉન્માર્ગે જવાની સાથે અનેક મુગ્ધ આત્માઓને ઉન્માર્ગે લઈ જવાનું કામ કરે છે. ધર્મદેશકની જવાબદારી ઘણી છે. ધર્મની આચરણામાં શિથિલતા નભાવાય, પ્રરૂપણામાં ન નભાવાય. આજ સુધી કોઈ શાસ્ત્રકારોએ ચારિત્રની ટીકા કરી નથી, પરંતુ પ્રરૂપણાની ટીકા માત્ર કર્યા વગર રહ્યા નથી. શરૂઆતમાં પોતાની મેળે જ ધર્મમાર્ગે વળેલા જીવને ક્રમે કરીને, મોક્ષનું અને મોક્ષના વાસ્તવિક માર્ગનું જ્ઞાન કરાવવાના ઉદ્દેશથી જ દરેક મોક્ષસાધક શાસ્ત્રોની રચના કરવામાં આવી છે. છતાં એ ઉદ્દેશ હણાઈ જાય એ રીતે એ શાસ્ત્રોના નામે પ્રરૂપણા કરવામાં આવે તો કોઈ પણ શાસનનો રાગી તેની ટીકા કર્યા વગર ન રહે. શાસ્ત્રકારોના ઉદ્દેશને અનુરૂપ પ્રયત્ન કરવો હોય તો, ધર્મને યોગરૂપે પરિણમાવવા માટે જ મહેનત કરવાની જરૂર છે. યોગરૂપે પરિણામ પામેલો ધર્મ મુખ્યત્વે સાધુપણામાં જ છે. મોક્ષ માટે ધર્મ કરવાના અધિકારી તરીકે શાસ્ત્રકારોએ સાધુભગવંતોને જણાવ્યા છે. 'મોક્ષ માટે ધર્મ કરું છું' એમ કહેવાનો અધિકાર શ્રાવકને નથી. શ્રાવક તો કહે કે – 'સાધુ થવા માટે ધર્મ કરું છું.' શ્રાવકપણાનાં દરેક અનુષ્ઠાનના ફળ તરીકે સાધુપણાને ઇચ્છનારા ધર્માત્માને યોગમાર્ગની આવશ્યકતા કેટલી છે તે સમજાવવાની જરૂર રહેતી નથી. મોક્ષે જવું હશે તો સાધુ થયા વિના નહિ ચાલે,

સાધુ થવું હશે તો યોગમાર્ગની પ્રીતિ કેળવ્યા વગર નહિ ચાલે. આ યોગમાર્ગની પ્રાપ્તિનો ઉપાય એક જ છે કે : પુણ્ય ઉપરથી નજર ખસેડવી, સુખ સામે નજર કરવી જ નહિ, સુખને નોંતરવું નહિ અને દુઃખને નોંતર્યા વગર રહેવું નહિ. યોગમાર્ગે ચાલનારાં સાધુ-સાધ્વી પણ પરિસહ વેઠવા માટે તત્પર જ રહે. પરિસહ ન આવે તો ચિંતા થાય કે અનુકૂળતામાં પડ્યા રહીશું ને લેપાઈ જઈશું તો મરી જઈશું. માટે દુઃખ પડે એ રીતે જીવવું છે. જ્યાં લોકો આદર-સત્કાર આપે ત્યાં સાધુપણું પાળી નહિ શકાય. માટે ત્યાં નથી રહેવું. આવા પ્રકારના વિચાર જો સાધુ થયા પછી ન આવે તો યોગમાર્ગમાં આવેલાનું પતન થતાં વાર ન લાગે. ખૂબ જ સાવધ રહીએ અને અપ્રમત્તપણે જીવીએ તો જ યોગમાર્ગમાં ટકી શકાય.

આ રીતે યોગબિન્દુ ગ્રંથની શરૂઆત કરતાં પહેલાં ત્રણ શ્લોકથી, યોગમાર્ગના પ્રણેતાની સ્તવના કરીને, યોગગ્રંથની રચનાનું પ્રયોજન જણાવીને અને યોગમાર્ગની પ્રીતિનું મહત્ત્વ સમજાવીને હવે ગ્રંથકારશ્રી મૂળગ્રંથની શરૂઆત કરતાં ફરમાવે છે કે-

**नत्वाऽऽद्यन्तविनिर्मुक्तं शिवं योगीन्द्रवन्दितम् ।**
**योगबिन्दुं प्रवक्ष्यामि तत्त्वसिद्ध्यै महोदयम् ।।१।।**

આદિ અને અન્તભાવથી રહિત તેમ જ ગણધરાદિમહામુનિઓથી વંદાયેલા નિરુપદ્રવ અવસ્થારૂપ મોક્ષને પામેલા મુક્તાત્માને નમસ્કાર કરીને, મોક્ષના સુખને પ્રાપ્ત કરાવનાર યોગબિંદુ નામના (આ) પ્રકરણને આત્માદિતત્ત્વોના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ કરવા-કરાવવાના આશયથી હું કહીશ.

જે મોક્ષના સુખની પ્રાપ્તિ માટે ગ્રંથકારશ્રીએ આ યોગબિંદુ પ્રકરણની રચના કરી છે તે મોક્ષની અનન્તસુખમયતા જણાવતાં પહેલાં તેઓશ્રીએ સંસારની-સંસારના સુખની-અનંતદુઃખમયતા સમજાવવાનું કામ કર્યું છે. સંસારનું સુખ આદિ અને અંતવાળું છે એ જ મોટું દુઃખ છે. જ્યાં સુધી સંસારના સુખની અનંતદુઃખમયતા ન સમજાય ત્યાં સુધી મોક્ષની અનંતસુખમયતાની કલ્પના પણ આવવી શક્ય નથી. ભવ પ્રત્યે નફરત ન જાગે તો શિવ પ્રત્યે પ્રેમ ન જાગે. સંસારના સુખની અને સંસારની ભયંકરતા સમજાઈ નથી માટે જ મોક્ષનો પુરુષાર્થ અટકી પડ્યો છે. શાસ્ત્રકારો ગમે તેટલી લાલચ આપે તોપણ સંસારના સુખમાં જ સંતોષ માનનારાને મોક્ષની લાલચ લાગતી નથી, પછી ભલે ને એ સુખ ભોગવતી વખતે દુઃખ આવે ! સુખની લાલચે એ દુઃખ વેઠવાનો પણ અભ્યાસ પડવાના કારણે એમાં દુઃખજેવું લાગતું નથી. વર્ત્તમાનમાં સંતોષપ્રધાન જીવન જીવનારાને આ એક મોટી તકલીફ છે કે અહીં (સંસારમાં) દુઃખજેવું કશું લાગતું નથી. સંસાર ભૂંડો લાગી જાય તો અનન્તજ્ઞાનીઓનો અડધો પુરુષાર્થ તો સફળ થયો ગણાય. જેને સંસારનું સુખ ભૂંડું લાગે તેનું મોક્ષનું પ્રયાણ અટકે નહિ. વર્ત્તમાનમાં આપણા વિકાસનું પગથિયું રોકાયું છે તેનું કારણ, આપણું વર્ત્તમાનનું સંતોષપ્રધાન જીવન છે. વર્ત્તમાનસુખમાં સંતોષ છે, તેના કારણે જ સંસારમાં કશું ખરાબ નથી લાગતું. પોતાના ઝૂંપડામાં જ સંતોષ માનનારા, લોકોના મહેલ જોઈને પોતાનું ઝૂંપડું તોડી નથી નાંખતા - એવી આપણી હાલત છે. તુચ્છ-અસાર સુખમાં સંતોષ માનવાના કારણે જ અનંતજ્ઞાનીઓના નિરાબાધસુખની વાત સાંભળવા છતાં પણ એ સુખને છોડવા તૈયાર નથી થતા. ઝૂંપડામાં અસંતોષી હોય તે મહેલ બનાવવા મહેનત કર્યા વગર રહેતા નથી, તેમ અહીં પણ સંસારના સુખમાં અસંતોષ અનુભવાય તો નિરાબાધ મોક્ષના સુખની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન કર્યા વગર ન રહે. સંસારમાં જે મજા લાગે છે તે સંસારમાં સુખ અનુભવાય છે માટે નહિ, પરંતુ અનુભવાતા તુચ્છ પણ સુખમાં સંતોષ છે એથી મજા આવે છે. આ માની લીધેલી મજા જીવને આત્માના વાસ્તવિક સુખથી દૂર રાખે છે. અહીંના સુખમાં જે સંતોષની લાગણી છે તે એકવાર મરી જાય તો તાત્ત્વિકસુખની - શુદ્ધ આત્મતત્ત્વની - પ્રતીતિ કરવાનો માર્ગ ખુલ્લો થાય, એ આશયથી જ આ ગ્રંથની આદિમાં સંસારના સુખનું વાસ્તવિક સ્વરૂપ સમજાવવા દ્વારા શુદ્ધ આત્મતત્ત્વનું સ્વરૂપ ગ્રંથકારશ્રીએ વર્ણવ્યું છે. સકલ ધર્માનુષ્ઠાનની ઉપાસના પણ ત્યારે જ સફળ બને કે જ્યારે તે આત્મતત્ત્વની સિદ્ધિ કરાવી આપે. અન્યદર્શન કરતાં આ દર્શનની મહત્તા પણ એના કારણે જ છે કે અન્યદર્શનમાં શુદ્ધ આત્મતત્ત્વમોક્ષની સિદ્ધિ (પ્રાપ્તિ) થતી નથી, જ્યારે વીતરાગ પરમાત્માના શાસનમાં જ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. મળેલા સુખમાં સંતોષ રાખવાની વાતો કરનારા ક્યારેય મોક્ષમાર્ગનું મંડાણ નહિ કરી શકે. મળેલા સુખને પણ છોડવાની તૈયારી થશે ત્યારે મોક્ષની સાધના શરૂ થશે. જેઓ મળેલામાં સંતોષ રાખવાના પાઠ ભણાવે છે તેઓ આ સંસારમાં જ લોકોને સ્થિર કરવાનો પ્રયત્ન કરે છે. જ્યારે શાસ્ત્રકારોનો પ્રયત્ન આ સંસારમાંથી કઈ રીતે છુટાય - એ માટેનો છે. તેથી જ મોક્ષપ્રાપ્તિનો સાચો ઉપાય માત્ર આ શાસ્ત્રોમાંથી જ મળે છે. 'વીતરાગ

પરમાત્માના શાસનમાં જ મોક્ષ મળે છે' - એટલું માનીને શાંતિથી બેસી રહ્યે નહિ ચાલે. તેનાથી એક ડગલું આગળ વધવું છે. વીતરાગ પરમાત્માના શાસનમાં પણ મોક્ષ ત્યારે મળે કે જ્યારે પુણ્યથી મળેલું સુખ પણ ભયંકર લાગે. સંસારમાં સુખ છે માટે સંસાર છૂટતો નથી - એવું નથી. મળેલા સુખમાં સંતોષ માની બેઠા માટે સંસાર છૂટતો નથી. તમારી કે અમારી બધાની આ જ હાલત છે. બધાનો પોતપોતાનો માની લીધેલો સંસાર જાુદો જાુદો છે પણ એ સંસારમાં સંતોષને અનુભવવાનું કામ માત્ર બધા કરે છે. દરેક પોતપોતાની કક્ષા મુજબના સંસારમાં આનંદને અનુભવે છે. નાનાં બાળકોને રમવા-ખાવા મળી જાય ને મા-બાપ કાંઈ બોલે નહિ તો હસતાં-રમતાં ફરે. કુમારોનો સંસાર એટલે ઈચ્છામુજબ ખીસાખર્ચ મળી જાય ને મિત્રો સાથે ફરવા મળે તો એમને સ્વર્ગનું સુખ મળ્યું સમજો ! યુવાનોનો સંસાર એટલે મા-બાપ એકવાર પરણાવી દે અને ધંધો ગોઠવાઈ જાય એટલે પછી આખી દુનિયા ઝખ મારે છે ! પ્રૌઢોનો સંસાર એટલે બજારમાં ચાર માણસ તેમની સલાહ લેવા આવે, ઘરમાં બધા પૂછીને કામ કરે એટલે એમનું જીવતર સફળ ! ને વૃદ્ધોનો સંસાર એટલે કોઈ એમની વાતો સાંભળનાર મળી રહે તો એ રાજી. અમારે ત્યાં પણ કક્ષા મુજબનો સંસાર ગોઠવાયેલો છે. નવાં સાધુ-સાધ્વીનો સંસાર જાુદો, જૂનાં સાધુ-સાધ્વીઓનો સંસાર જાુદો, સ્થવિરોનો સંસાર જાુદો, આચાર્યોનો સંસાર જાુદો યાવત્ ગચ્છાધિપતિઓનો સંસાર પણ જાુદો ! ભક્ત-ભક્તાણીની અવરજવર ચાલુ રહે, શિષ્યપરિવાર તૈયાર થઈ જાય, માનસન્માન મળ્યા કરે અને કોઈ તેમની ટીકા-ટીપ્પણ કરે નહિ - તો તો તેઓ અહીં જ 'મોક્ષના સુખ'નો અનુભવ કરે ! એ જ એમનો સંસાર અને એ જ એમનો મોક્ષ !! આવા સંસારમાં સંતોષનો અનુભવ કરનારા મોક્ષના સ્વરૂપને શા માટે યાદ કરે ? આથી જ શાસ્ત્રકારોએ મોક્ષનું સ્વરૂપ સમજાવતાં પહેલાં સંસારનું સ્વરૂપ સમજાવવાનો પ્રયાસ કર્યો છે. બધા જ ભગવાનની દેશના 'असारोऽयं संसारः' થી શરૂ થાય છે. આ સંસારમાં જો કાંઈ પણ સારભૂત હોત તો સર્વજ્ઞ એવા ભગવાન કીધા વગર ન રહેત. જે વસ્તુ દુનિયામાં નથી એ વસ્તુ કહે એ જ્ઞાની નથી. સર્વજ્ઞ ભગવંતો ફરમાવે છે કે આ સંસારનું સુખ ઉત્પત્તિવાળું અને વિનાશવાળું છે. સંસારના સુખની આદિ પણ છે અને અંત પણ છે માટે જ એ સુખ ઈચ્છવાજેવું નથી. જ્યારે આત્માના સુખની આદિ પણ નથી અને અન્ત પણ નથી. મોક્ષનું સુખ આદ્યન્તવિનિર્મુક્ત છે. તેથી સંસારી જીવો મોક્ષસુખની સાધના શરૂ કરતાં પહેલાં સંસારનાં સુખની સાધનાથી પાછા ફરે એ માટે જ્ઞાની ભગવંતોનો ઉપદેશ છે. આ ઉપદેશને ઝીલવા માટે સંસારના સ્વરૂપનું પરિભાવન કરવાની જરૂર છે. ભગવાનના કે ગુરુના નામની માળા ગણનારા મળે, પરંતુ ભગવાનના કે ગુરુના વચનની નવકારવાળી ગણનારા કેટલા મળે ? 'असारोऽयं संसारः' ની નવકારવાળી ગણે તો સુખની આસક્તિ ઘટ્યા વગર ન રહે. સંસારના સ્વરૂપનું ભાન થાય તો મોક્ષની ઉપાદેયતા સમજાયા વગર ન રહે. સંસારની ભયંકરતા સમજાય ત્યારથી સંયમની સાધનાનું મંડાણ થાય છે. આ સંસારમાં ગમે તેટલી સુખીમાં સુખી અવસ્થા મળે એ અવસ્થાનો એક દિવસ અન્ત આવવાનો જ છે. માટે જ એવા સુખ માટે પુરુષાર્થ કરવો એ બુદ્ધિમાનોનું લક્ષણ નથી. શાલિભદ્રજીનું સુખ કેવું હતું ? પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળેલું, આસક્તિ ન કરાવે એવું, મરતાં સુધી ન છોડે તોપણ દુર્ગતિ ન થાય એવું. છતાંય એ સુખને ભગવાને ભૂંડું કહ્યું કે ઉપાદેય તરીકે જણાવ્યું ? શાલિભદ્રજી પોતે પણ એ સુખને વળગી રહ્યા કે એ સુખને છોડીને ચાલી નીકળ્યા ? સુખ ધર્મથી જ મળે છે છતાંય શાસ્ત્રકારોએ ધર્મને જ ઉપાદેય તરીકે જણાવ્યો છે, સુખને ક્યારે પણ ઉપાદેયકોટિનું જણાવ્યું નથી. મોક્ષની સાધના માટે કરાતા ધર્મને શીતલ ચંદનની ઉપમા આપનારા અનન્તજ્ઞાનીભગવન્તો એ ધર્મથી બંધાતા પુણ્યને, એ ધર્મથી મળતા સુખના ભોગવટાને અગ્નિની ઉપમા આપે છે. શીતલતા આપનારા ચંદનના કાષ્ઠથી ઉત્પન્ન થયેલો અગ્નિ જેમ બાળવાનું જ કામ કરે છે પણ શીતલતા નથી આપતો અને એ અગ્નિથી અળગા જ રહેવું પડે, તેમ ધર્મથી મળેલું સુખ સાધક આત્માને અગ્નિ જેવું અનિષ્ટ લાગે છે અને આથી જ એ આત્માઓ અગ્નિની જેમ એ સુખથી અળગા જ રહેતા હોય છે.

સ૦ ધર્મથી જે સુખ મળે છે એ સુખ પણ છોડી દેવાનું હોય તો પછી સુખ માણવાનું ક્યારે ?

જ્યાં સુધી સુખ ઉપર જ નજર ઠરેલી છે ત્યાં સુધી આવો જ વિચાર આવવાનો ! વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ ધર્મ કરનારાની સંભાળ તો ધર્મ પોતે જ રાખે, ઊંચામાં ઊંચું સુખ આપે ને લેપાવા પણ ન દે. તમને મળેલા સુખમાં જો આસક્તિ પડી હોય તો માનજો કે તમારો ધર્મ આજ્ઞા મુજબનો ન હતો માટે જ ધર્મે તમારી સંભાળ ન લીધી. ધર્મથી મળેલા સુખને માણવાનું મન હશે ત્યાં સુધી ધર્મ આજ્ઞા મુજબ થવાનો જ નથી. આજ્ઞા મુજબનો ધર્મ

ન આરાધે તેનું કલ્યાણ ધર્મ ન કરે. જો ધર્મે તમારી સંભાળ લીધી હોત તો તમે આ સુખને છોડ્યા વગર ન રહેત.

સ૦ સાહેબ, અમારા પુણ્યથી જ અમને સુખ મળ્યું છે તો તે છોડી શા માટે દેવાનું - એ કાંઈ બુદ્ધિમાં બેસતું નથી.

જોયું ! આ ભાઈ કહે છે કે 'જેટલું મળ્યું હોય તેટલું ભોગવી લેવું', તો મારે કહેવું છે કે તમારા જ પાપના ફળરૂપે મળેલું દુ:ખ પણ હાયવોય કર્યા વગર ભોગવી લેશો ને ? એ દુ:ખ પણ મળેલું જ છે ને ? ત્યાં તો બધા એકી અવાજે 'ના' પાડી દેશે ! દુ:ખને અણગમતું માનવાનું - કહેવાનું કામ તો આખી દુનિયા કરે છે. પરંતુ ધર્મથી મળેલા સુખને પણ દુ:ખરૂપ માનવાનું - અણગમતું કહેવાનું કામ માત્ર જૈનદર્શનકારોએ કર્યું છે. કારણ કે આ સુખની આસક્તિ જ સમસ્ત સંસારનું મૂળ છે. જે સુખની ઈચ્છામાત્ર પણ આર્ત્તધ્યાન કરાવવા દ્વારા સંક્લેશનું કારણ બને છે એ સુખને વળગી રહેવાનો ઉપદેશ અનન્તજ્ઞાની ભગવન્તો કઈ રીતે આપે ? બુદ્ધિમાં બેસે એ જ માનવું હોય તો બધી જ વાતો બુદ્ધિમાં બેસવાની નથી. કારણ કે આપણી બુદ્ધિ અલ્પ છે અને જ્ઞેય પદાર્થ અત્યન્ત ગહન છે. જ્ઞેય પદાર્થની ગહનતાની અપેક્ષાએ બુદ્ધિની અલ્પતા કાયમ માટે રહેવાની. સર્વજ્ઞ ભગવન્તોની વાત બુદ્ધિમાં ન બેસતી હોય તો એ બુદ્ધિનો દોષ છે, તેમની વાતનો નહિ. રાગ, દ્વેષ અને અજ્ઞાનરૂપ દોષથી રહિત એવા અનન્તજ્ઞાની ભગવન્તો જ્યારે જ્યારે કોઈ પણ વાત કરે તે એકાન્તે આપણા કલ્યાણને કરનારી હોય - આટલું જો બુદ્ધિમાં બેસી જાય તો પછી ભગવાનના કોઈ પણ વચનને બુદ્ધિમાં બેસાડવાની મહેનત નહિ કરવી પડે. ગણધર ભગવંતને પણ આત્માનું પ્રત્યક્ષ દર્શન ન હતું છતાં ભગવાનના વચનથી માની લીધું ને ? જ્યારે અહીં તો શાસ્ત્રકારો સંસારના સુખની અસારતા પુરવાર પણ કરી આપે છે. અહીં ગમે તેટલું સુખ હોય કે ગમે તેટલો સંતોષ હોય, એ અવસ્થા અહીં મૂકીને જ જવાનું છે. સંસારના સુખનો મોટામાં મોટો દોષ એ છે કે ગમે તેટલું સુખ આપે તોય વિયોગ કરાવે જ. સુખના ઢગલા વચ્ચે પણ આર્ત્તધ્યાન શેનું છે - સુખ જાય છે એનું. સંસારમાં સંયોગના સુખની સાથે વિયોગનું દુ:ખ જોડાયેલું જ છે. દુનિયામાં કોઈ પણ સંયોગ શાશ્વત નથી, બધા જ સંયોગ વિયોગાન્ત છે. તીર્થંકરપદ પણ શાશ્વત નથી. એકમાત્ર સિદ્ધપદનો સંયોગ શાશ્વત છે. સિદ્ધપદની અવગાહનામાં પણ એક પણ પ્રદેશનો ફેરફાર ન થાય. મોક્ષનું સુખ વિયોગ વગરનું છે - એ જ એનો મોટામાં મોટો ગુણ છે. તીર્થંકર પરમાત્માઓ પણ કેવળજ્ઞાન પામ્યા પછી જે તીર્થની સ્થાપના કરે છે તે તીર્થંકરપદની પ્રાપ્તિ કરાવવા માટે નહિ પરંતુ સિદ્ધપદની પ્રાપ્તિ કરાવવા માટે કરે છે. જે તીર્થંકરપદ પોતે મેળવ્યું તે મેળવવાનો ઉપદેશ ન આપતાં જે સિદ્ધપદ મેળવવાનું બાકી હતું તેને મેળવવાનો ઉપદેશ ભગવાન આપે છે - એનું કારણ કદી વિચાર્યું ? જો એનું કારણ વિચારવામાં આવે તો સમજી શકાશે કે - સંસારનાં સુખો કર્મજન્ય છે, તીર્થંકરપણું પણ કર્મજન્ય છે, માટે એ બધું સુખ વિયોગવાળું છે. જ્યારે મોક્ષનું સુખ કર્મને આધીન નથી. એ સુખ તો કર્મના ક્ષયથી પ્રાપ્ત થાય છે, માટે એ સુખનો કદી વિયોગ નથી થતો. આવા શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવવા માટે, દુ:ખને દૂર કરવાનો પુરુષાર્થ ટાળીને કર્મને - કર્મજન્ય સુખને - દૂર કરવાનો પુરુષાર્થ આદરવાનો ઉપદેશ જ્ઞાની ભગવન્તો આપે છે. શાસ્ત્રકારોએ બધાંય અનુષ્ઠાનો આઠે પ્રકારના કર્મને દૂર કરવા માટે બતાવ્યાં છે, દુ:ખને દૂર કરવા માટે નહિ. પરંતુ જ્યાં સુધી કર્મજનિત સુખમાં સંતોષ છે ત્યાં સુધી મોક્ષના સુખમાં કે મોક્ષસુખના ઉપાયમાં કોઈ પ્રકારની શ્રદ્ધા જાગવાની નથી. માટે જ આપણે કહેવું છે કે સંસારના સુખની આસક્તિ કરતાં પણ એ સુખનો સંતોષ આપણને વધારે મારે છે. વર્ત્તમાન સુખમાંનો સંતોષ નીકળી જાય તો આ સંસારની અનંતદુ:ખમયતાનું પરિભાવન કરવા માટે કોઈ મહેનત નહિ કરવી પડે. પરંતુ તકલીફ એ છે કે આજે ધર્મી ગણાતો વર્ગ પણ પોતાના ગૃહસ્થજીવનથી એટલો સંતોષી છે કે તેઓ ધર્મ કરવા માટે ગૃહસ્થપણું છોડવાના બદલે ગૃહસ્થપણામાં રહીને ધર્મ કરવાની વાતો કર્યા કરે છે. ગૃહસ્થપણામાં રહીને ધર્મ કરવાની ભાવનાવાળાને શાસ્ત્રકારોએ ધર્મી તરીકે ગણ્યા નથી. ભગવાને જે શ્રાવક-ધર્મ બતાવ્યો તે તો સાધુપણામાં ધર્મ કરવાની ભાવનાવાળા હોય અને શક્તિના અભાવે ગૃહસ્થપણામાં રહ્યા હોય તેવાઓ માટે બતાવ્યો છે, ગૃહસ્થપણામાં રહીને ધર્મ કરવાની ભાવનાવાળા માટે નહિ. ગૃહસ્થપણામાં ધર્મ કરનારા જાુદા અને ગૃહસ્થપણામાં રહીને ધર્મ કરવાની ભાવનાવાળા જાુદા. જેઓ સંસારના સ્વરૂપનું પરિભાવન કર્યા પછી પણ તેવા પ્રકારના કર્મના ઉદયે એ સુખથી છૂટી શકતા નથી, તેઓ ગૃહસ્થપણામાં ધર્મ કરતા હોવા છતાં પણ ગૃહસ્થપણામાં રહીને ધર્મ કરવાની ભાવનાવાળા નથી જ્યારે જેમણે સંસારના સ્વરૂપનું પરિભાવન કર્યું જ નથી અથવા તો સંસારનું સ્વરૂપ જાણ્યા પછી પણ એ સુખ જેમને છોડવું નથી અને એ સુખને ટકાવી રાખીને થોડોઘણો ધર્મ જેઓ કરે છે તેઓ ગૃહસ્થપણામાં

રહીને ધર્મ કરવાની ભાવનાવાળા છે. ભગવાનનો શ્રાવક તો રહેવું પડે માટે ઘરમાં રહ્યો હોય, સુખને વળગી રહેવા માટે નહિ; સુખથી છૂટી નથી શકાતું માટે રહ્યો હોય, સુખને છોડવું નથી માટે નહિ. એ સુખને છોડીને સાધુપણામાં જવા માટે જ ગૃહસ્થપણામાં ધર્મ કરે છે. ગૃહસ્થાવાસમાં મળેલું સુખ જવાના સ્વભાવવાળું છે - એ, સતત તેના ધ્યાનમાં જ હોય.

સ૦ સાહેબ ! અમે તો આજ સુધીમાં ઘણાને મરતાં સુધી શ્રીમંત જોયા છે !

મરતાં સુધી શ્રીમંત રહ્યો એ જોનારા; શ્રીમંતને પણ મરવું પડ્યું એ કેમ નથી જોતા ? આ કેવા પ્રકારની દૃષ્ટિ છે એ સમજાતું નથી. ખરેખર ! સુખની લાલચ અને સુખનો સંતોષ સૌથી પહેલાં બુદ્ધિને બુઠ્ઠી બનાવવાનું કામ કરે છે. મળેલી બુદ્ધિનો થોડો પણ ઉપયોગ કરવો હોય તો મરતાં સુધી શ્રીમંત હતો એ નથી જોવું પરંતુ શ્રીમંત પણ મર્યો એ જોવું છે. લાઠી ન જાુએ અને માત્ર રોટલો જોયા કરે એ તો કૂતરાની જાત કહેવાય. શાસ્ત્રકારો આવું પશુપણું ટાળવાના ઉપાયો બતાવ્યા કરે અને આપણે તેમના વચનની ઉપેક્ષા કર્યા કરીએ તો આપણો નિસ્તાર કઈ રીતે થાય ? આ અવસ્થામાંથી બહાર નીકળવા માટે ખરેખર દૃષ્ટિ બદલવાની જરૂર છે. એ દૃષ્ટિ બદલવા માટે સંસારના સ્વરૂપનું પરિભાવન કરવાનું છે. એક વાર આ દૃષ્ટિ ફરી, પછી તો ગમે તે અવસ્થામાં રહીને ધર્મ કરે તોય એ ધર્મ કલ્યાણ કર્યા વગર ન રહે. શ્રાવકનો ગૃહસ્થપણામાં કરેલો ધર્મ પણ તેને સાધુપણામાં પહોંચાડે છે, એનું કારણ જ એ છે કે તેને ગૃહસ્થપણામાં રહેવાની ભાવના નથી. માટે જ આપણે સમજાવવું છે કે ધર્મ કરવાની ભાવના સારી હોવા છતાં ગૃહસ્થપણામાં રહેવાની ભાવના એટલે કે ગૃહસ્થપણામાં રહીને ધર્મ કરવાની ભાવના સારી નથી. જેઓ ભવની નિર્ગુણતાનું પરિભાવન ન કરે તે ધર્મને નિર્ગુણ બનાવ્યા વગર ન રહે. ધર્મની કલ્યાણકારિતા પણ ત્યારે છે કે જ્યારે ભવની નિર્ગુણતા લાગે.

સાધુ ભગવન્તો પણ જો ભવની નિર્ગુણતાને ન વિચારે તો તેમને પણ ડગલે ને પગલે પ્રતિબંધ નડ્યા કરવાના. બાકી જે ભવને નિર્ગુણ માને છે તેને તો શાસ્ત્રકારો કહે છે, 'नत्थि पडिबंधो'. ભગવાનનો સાધુ તો અપ્રતિબદ્ધપણે (મમત્વરહિત) વિહાર કરનારો હોય. જ્યારે અમે તો પ્રતિબંધ(મમત્વ)ને લઈને એક છેડેથી બીજા છેડા સુધી ફરફર ફરફર કર્યા કરીએ ! ભગવાને મમત્વ મારવા માટે વિહાર કરવાનું ફરમાવ્યું હતું, અમે મમત્વને પુષ્ટ બનાવવા માટે ફરવાનું શરૂ કરી દીધું ! અમે ગમે તેટલું ફરફર કરીએ ભગવાનની આજ્ઞા કોઈ સંયોગોમાં ફરવાની નથી. છતાંય આજે અમારાં સાધુ-સાધ્વીજી ભગવન્તોએ પોતાના આચારની સાથે ભગવાનની આજ્ઞાને પણ ફેરવવાનો પુરુષાર્થ શરૂ કરી દીધો છે. પોતાની ગમે તેવી પ્રવૃત્તિને ઉપાદેય કોટિની ગણાવવા માટે તેઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું આલંબન લેવા માંડ્યાં. મોક્ષે જવા માટે નીકળેલાં સાધુ-સાધ્વી કાયમ માટે દ્રવ્યક્ષેત્રકાળભાવને જોયા કરશે તો પછી મોક્ષને ક્યારે જોશે ?

સ૦ બેયને સાથે જાુએ તો વાંધો નહિ ને ?

બેય સાથે કઈ રીતે દેખાય ? મોક્ષ શાસ્ત્રના પાને છે અને તેમનાં દ્રવ્યક્ષેત્રકાળભાવ શાસ્ત્રની બહાર છે, બેનો મેળ કઈ રીતે જામે ? મોક્ષે જવા માટે જે દ્રવ્યાદિનું આલંબન લેવાનું હતું તે દ્રવ્યાદિ તો શાસ્ત્રકારોએ પોતે જ શાસ્ત્રને પાને બતાવ્યાં છે. શાસ્ત્રકારોએ આજ્ઞાના પાલન માટે દ્રવ્યાદિનું આલંબન આપ્યું હતું જ્યારે અમે અમારી અનુકૂળતા મુજબ આજ્ઞા ફેરવવા માટે દ્રવ્યાદિનું આલંબન લીધા કરીએ તો અમારાં દ્રવ્યાદિ શાસ્ત્રના પાને ક્યાંથી જડે ? માટે કહેવું છે કે બેને સાથે જોનારો અસલમાં એકેયને નહિ જોઈ શકે. જે મોક્ષને જાુએ તેણે દ્રવ્યાદિને જોવાની જરૂર નથી, શાસ્ત્રને જોવાની જરૂર છે. સાધુપણું પાળવું હોય તો કોઈ બીજા આલંબનની જરૂર નથી, એક શાસ્ત્રનું આલંબન બસ છે. શાસ્ત્રને જોવાના બદલે શાસ્ત્રને બાજાુએ રાખીને દ્રવ્યક્ષેત્રકાળભાવને જોવાની શરૂઆત કરી ત્યારથી અમારી દશા બગડી ગઈ. આજે અમે જે કાંઈ સાધુપણાને ઉચિત પ્રવૃત્તિ ચૂક્યા હોઈએ તે આ દ્રવ્યાદિને વળગી રહ્યા એનો પ્રભાવ છે. અને જે ઔચિત્ય ચૂક્યો તે બધું જ ચૂક્યો. ઔચિત્ય વગરનો બધો જ ધર્મ નકામો. સાધુપણામાં આવ્યા પછી પણ સંસારની અનંતદુઃખમયતાનું પરિભાવન ન કર્યું તેનું આ પરિણામ છે, અનન્તદુઃખમય સંસારથી ભાગી છૂટવાની ઈચ્છા વિના નિસ્તાર નથી.

સ૦ દુઃખમય સંસારથી ભાગી છૂટવાની ઈચ્છા એ તો દુઃખગર્ભિત વૈરાગ્ય થયો કહેવાય ને ?

'સંસાર અનંતદુઃખમય છે' અહીં 'અનંતદુઃખમય' આ પદ પુણ્યાનુબંધી પુણ્યથી મળેલા સુખને પણ દુઃખરૂપ જણાવવા માટે છે. સંસારના દુઃખને દુઃખરૂપ માની તેનાથી ભાગી છૂટવાની ઈચ્છા એ દુઃખગર્ભિત વૈરાગ્ય છે, સંસારમાં મળેલા

સુખને પણ દુઃખરૂપ માનીને તેનાથી ભાગી છૂટવાની ઈચ્છા એ દુઃખગર્ભિત વૈરાગ્ય નથી. જેમાં સંસારના સુખને દુઃખરૂપ માનવાની વાત ન આવે અને માત્ર દુઃખને છોડવાની વાત આવે તે દુઃખગર્ભિત વૈરાગ્ય. જ્યારે જેમાં સુખને પણ દુઃખરૂપ માનીને તેને છોડવાની વાત આવે તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય. દુઃખગર્ભિત વૈરાગ્યવાળા વર્ત્તમાન દુઃખના સંયોગોથી છૂટવા સંસારથી ભાગી નીકળે પણ સુખના સંયોગો શોધ્યા કરે છે. જ્યારે જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા સુખના પણ સંયોગોને દુઃખરૂપ માની તેનાથી ભાગી છૂટી, સમસ્ત દુઃખના ઉચ્છેદ માટે વધુ દુઃખ ભોગવવું પડે તેવા સંયોગોને સ્વીકારે છે. અનન્તદુઃખમય તરીકે સંસારને જણાવનાર શાસ્ત્રકારોએ ક્યારે પણ પાપથી મળેલા દુઃખને દુઃખરૂપ બતાવવાની મહેનત નથી કરી પરંતુ પુણ્યાનુબંધી પુણ્યથી પણ મળેલા સુખને દુઃખરૂપ બતાવવા માટે મહેનત કરી છે. સંસારનું સુખ વિપાકમાં જ દુઃખરૂપ છે – એવું નથી, વર્ત્તમાનમાં પણ એ દુઃખરૂપ જ છે, એ સમજાવવા માટે પુણ્યાનુબંધી પુણ્યથી મળેલા સુખને પણ દુઃખરૂપ બતાવ્યું છે. ઝેર ચઢે ત્યારે જ નડે કે અડે તોપણ નડે ? ઝેરના સ્પર્શથી પણ અળગા રહેનારા ઝેર કરતાં પણ ભયંકર એવા સુખને કઈ રીતે વળગી રહે ? પુણ્યાનુબંધી પુણ્યથી મળેલા સુખને પણ લાત મારીને નીકળે ત્યારે મોક્ષની સાધનાનું મંડાણ થાય છે. આપણે સંસારમાં સુખી છીએ કે દુઃખી એ નથી જોવું, સંસારમાં છીએ એ જ દુઃખ છે. સંસાર ખરાબ એટલે સુખ કે દુઃખ બધું જ ખરાબ. જેને માટે રાત-દિવસ મહેનત ચાલે છે તેવા સંસારને ઓળખાવવાનું કામ શાસ્ત્રકારો શા માટે કરે છે – એ ખરેખર વિચારવાની જરૂર છે.

આ બધું જ આપણા શુદ્ધ આત્મસ્વરૂપના પ્રગટીકરણ માટે વિચારવાનું કે સમજવાનું છે. લોકોને ભણાવવા માટે કે સમજાવવા માટે આ યોગબિન્દુ પ્રકરણની રચના નથી કરી. આપણા જ આત્મતત્ત્વની સિદ્ધિ માટે આ પ્રકરણ રચાયું છે. આપણે થોડા દિવસમાં આ પ્રકરણ પર વિચારણા કરવી છે, તેથી તેનો સારભૂત ભાગ રહી ન જાય એ માટે ખાસ ધ્યાન આપવું છે. થોડા સમયમાં પણ પ્રકરણના પરમાર્થ સુધી પહોંચી શકીએ એ રીતે કામ કરવું છે. પૂ. સાહેબજી પણ કહેતા કે – કોઈ પણ ગ્રંથ પર વ્યાખ્યાન કરવું હોય અથવા તો વાચના આપવી હોય તો તે ગ્રંથ પહેલેથી છેલ્લે સુધી વાંચીને પછી જ બોલવું, જેથી ગ્રંથનો સારભૂત ભાગ રહી ન જાય. તેમ જ કોઈ પણ જાતની વિસંગતિ થવાનો પ્રસંગ પણ ન આવે. આ પ્રકરણની પહેલી ગાથાથી છેલ્લી ગાથા સુધીનો સ્થાયીભાવ એક જ છે કે ભવના સ્વરૂપનું પરિશીલન કરી આપણા પોતાના શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવું. આ આત્મસ્વરૂપની સિદ્ધિના એક અંગ તરીકે જ આ પ્રકરણનું અધ્યયન છે.

સમસ્ત સંસારનો ત્યાગ કરીને સાધુપણાનો સ્વીકાર, આત્મતત્ત્વની સિદ્ધિના ઉદ્દેશથી કરવાનો છે. આત્મતત્ત્વની સિદ્ધિનું પહેલું પગથિયું છે – ભવનો ઉદ્વેગ. ભવના ઉદ્વેગીને જ દીક્ષા અપાય, મોક્ષની લાલચ તો પછી લગાડીશું. ભવના રાગીને અહીં (સાધુપણામાં) ઘાલ્યા તેના કારણે જ આજે સાધુપણાનું નખ્ખોદ વળી ગયું. ભવનો રાગી જ્યાં હોય ત્યાં પાપ કર્યા વગર ન રહે. તેને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ કે ભાવ કશું ન નડે, ભગવાનની આજ્ઞા પણ ન નડે. જેને જેને સુખનો રાગ નડ્યો, તેણે તેણે ભગવાનની આજ્ઞાને નેવે મૂકવાનું કામ કર્યું. સંસારના સુખની ઈચ્છા એ જ ભાવપાપ છે. આ ભાવપાપ જ બીજા ત્રણને (દ્રવ્ય, ક્ષેત્ર, કાળને) ખેંચી લાવે છે. દ્રવ્યક્ષેત્રકાળભાવના કારણે કોઈ પાપ નથી થતાં. પાપ કરવું છે માટે જ દ્રવ્યાદિને સેવીએ છીએ. જો પાપ ન કરવું હોય તો દ્રવ્યનો ત્યાગ કરતાં આવડે, ક્ષેત્રનો, કાળનો કે ભાવનો પણ ત્યાગ કરતાં આવડે છે. વિકથા પણ બધાની સાથે કરે કે માણસ જોઈને કરે ? વિકથાની આલોચના લેવા આવનારને વિકથા કર્યાની આલોચના પછી આપવાની; પૂછ્યા વગર ત્યાં વિકથા કરવા ગયા એની આલોચના પહેલાં આપવાની. ત્યાં ગયા માટે વિકથા નથી કરી ત્યાં જઈને વિકથા કરવી હતી માટે જ ત્યાં ગયા હતા ! પાપના સંયોગોના કારણે પાપ નથી થતું, પાપ કરવાનું મન છે માટે જ સંયોગો ઊભા કરીને પાપ કરીએ છીએ. ભગવાનની આજ્ઞા મુજબની ચર્યા પાળે તો કોઈ પાપ કરવાના સંયોગો ઊભા ન થાય. કોઈના દબાણથી પાપ નથી થતું મનના કારણે પાપ થાય છે. સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના કારણે પાપ થાય છે, પરદ્રવ્યાદિના કારણે નહિ. દ્રવ્યાદિ નડતાં નથી, મન નડે છે. દ્રવ્યાદિ જો કાયમ માટે નડ્યા કરતાં હોય તો કોઈ મોક્ષમાં જાય જ નહિ અને કોઈ કાળમાં મોક્ષની સાધના પણ નહિ કરી શકાય ! જે કાળમાં ને ક્ષેત્રમાં લોકો સાતમી નરકે જતા તે કાળમાં ને તે ક્ષેત્રમાં મોક્ષની સાધના કરનારા પણ હતા ને ?

સ૦ સાહેબ ! એ કાળમાં ટી.વી. – વિડિયો ન હતા ને ?

શું વાત કરો છો ? જે વખતે દેવોની અવરજવર ચાલુ હતી તે કાળમાં લોકો સાધુપણું પાળતા હતા. કોઈ સુખનાં સાધનો ન હતાં માટે સંસાર છોડીને

ગયા ન હતા, સુખના ઢગલાને પડતા મૂકીને ચાલી નીકળેલા. તમારી નબળાઈનો આરોપ કાળ પર ન નાખશો. કાળ ખરાબ નથી, સુખની લાલચ જ ખરાબ છે. સંસારનું સુખ અને સુખનાં સાધનો પર જ જેની દૃષ્ટિ ચોંટેલી છે તેવાને આ મોક્ષસાધક ગ્રંથોની વાતો કોઈ જ કલ્યાણને કરનારી નથી બનવાની. મહાપુરુષ થવાનું હૈયું તો આપણી પાસે નથી પણ મહાપુરુષોની વાતો સમજવા માટેનું માથું પણ રહ્યું નથી - એમ લાગે છે.

સ૦ તો શું કરવું સાહેબ ! કપાળે હાથ દેવો ?

કપાળે હાથ દેવાની જરૂર નથી, ભીંતે માથું પછાડવાની જરૂર છે. નાના છોકરાઓને જોયા છે ને ? ન આપે તો માથું એવું પછાડે, પટ્ટી આપણે મારવી પડે. જે દિવસે આવી તાલાવેલી જાગશે તે દિવસે આ કશું જ સમજાવવાની જરૂર નહિ રહે. આવી તૈયારી થશે ત્યારે કોઈ પણ પ્રવૃત્તિ મોક્ષની કે મોક્ષના ઉપાયની સાધિકા બન્યા વગર નહિ રહે - એ તૈયારી કેળવવા માટે જ ખરેખર પુરુષાર્થ કરવાની જરૂર છે.

શાસ્ત્રકારોનો કોઈ પણ પ્રયાસ, આપણે આપણા આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરીએ એ માટેનો છે. આપણે જો આપણા આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું હોય તો આપણી કોઈ પણ ધર્મપ્રવૃત્તિ શાસ્ત્રકારોના આશયને અનુરૂપ બનાવ્યા વિના નહિ ચાલે. આજે મોટા ભાગના ધર્મી ગણાતા વર્ગની ધર્મપ્રવૃત્તિ ધ્યેયવિહીન છે - એમ કહીએ તો ખોટું નથી. ઘણો ધર્મ કરવા છતાં, ધર્મને નામે ધમધમતી પ્રવૃત્તિ દેખાવા છતાં એ કહેવાતા ધર્મીઓના જીવનમાં કોઈ પણ પ્રકારની તાત્ત્વિક સિદ્ધિનાં દર્શન થતાં નથી - આ વિષમતા તેઓની ધ્યેયવિહીનતાને જ આભારી છે - એમ માન્યા વગર ચાલે એવું નથી. સાધુપણામાં મોક્ષને ભૂલી જઈએ અને ગૃહસ્થપણામાં સાધુપણાને ભૂલી જઈએ તો એ સાધુપણાનું કે ગૃહસ્થપણાનું ગમે તેટલું કઠોર પાલન પણ કોઈ રીતિએ ફલને નહિ લાવી આપે ! આજના સાધકોના ધ્યેયવિહીન (કે વિપરીત ધ્યેયવાળા) જીવનમાં મોક્ષનું ને સાધુપણાનું ધ્યેય જીવતું કરવા માટે જ ગ્રંથકારશ્રીએ આ ગ્રંથના પ્રારંભમાં પ્રથમ શ્લોકથી મંગલ, અભિધેય, સંબંધ વગેરેનું નિરૂપણ કરવા સાથે આ ગ્રંથની રચનાના તેમ જ તેના અધ્યયન - અધ્યાપનના અનન્તર પ્રયોજન તરીકે આત્મતત્ત્વની પ્રતીતિ અને પરંપર પ્રયોજન તરીકે મહોદય-મોક્ષ અવસ્થાનું વર્ણન કર્યું છે. ગ્રંથકારશ્રીએ જે પ્રયોજનથી ગ્રંથની રચના કરી છે તે જ પ્રયોજનથી જો આ ગ્રંથનું અધ્યયન - અધ્યાપન - પરિશીલન કરવામાં આવે તો ચોક્કસ એ પ્રયોજન સિદ્ધ થયા વગર ન રહે.

આ રીતે આ ગ્રંથની પ્રથમ ગાથામાં, 'नत्वा शिवं' પદથી ઇષ્ટદેવતા-નમસ્કારાત્મક મંગલનું, 'योगबिन्दुं' પદથી અભિધેયનું એટલે કે ગ્રંથમાં જેનું નિરૂપણ કરવાનું છે તે વિષયનું, 'तत्त्वसिद्ध्यै' પદથી અનન્તર પ્રયોજનનું, 'महोदयं' પદથી પરંપરપ્રયોજનનું, તેમ જ ઉપલક્ષણથી ગ્રંથ અને ગ્રંથમાં જણાવેલા પદાર્થ વચ્ચેના વાચ્ય-વાચક ભાવરૂપ સંબંધનું નિરૂપણ કરી બીજી ગાથાથી આ યોગબિન્દુ ગ્રંથ કેવા પ્રકારનો છે તે જણાવવા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે-

**सर्वेषां योगशास्त्राणामविरोधेन तत्त्वतः ।**
**सन्नीत्या स्थापकं चैव मध्यस्थांस्तद्विदः प्रति ।।२।।**

આ ગ્રંથ; યોગમાર્ગને સામાન્યથી જાણનારા એવા મધ્યસ્થ શ્રોતાઓને ઉદ્દેશીને, પરમાર્થથી અવિરોધી એવાં સકલ યોગશાસ્ત્રોનું સમ્યગ્ યુક્તિપૂર્વક સંસ્થાપન કરનાર છે.

આશય એ છે કે આ યોગબિન્દુ ગ્રંથ જેમ મોક્ષરૂપ ફળને સાધી આપનાર છે તેમ મોક્ષના હેતુભૂત એવાં સકલ યોગશાસ્ત્રોનો અવિસંવાદીપણે સંસ્થાપક પણ છે. સકલ યોગશાસ્ત્રમાં જણાવેલા પદાર્થો શબ્દને આશ્રયીને ભિન્ન ભિન્ન હોવા છતાં પરમાર્થ (ઐદમ્પર્યાર્થ-તાત્પર્યાર્થ)ને આશ્રયીને તે તે પદાર્થો અવિસંવાદી - અવિરોધી છે. આથી જ સકલયોગશાસ્ત્રમાં પ્રતિપાદિત તે તે પદાર્થોનો, અન્વય-વ્યતિરેકથી શુદ્ધ એવી યુક્તિઓ આપવા દ્વારા કોઈ પણ જાતનો વિસંવાદ-વિરોધ ન આવે એ રીતે આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. માટે જ ગ્રંથકારશ્રી તેને (ગ્રંથને) સકલયોગશાસ્ત્રના સંસ્થાપક તરીકે જણાવે છે. અહીં એક શંકા થવી સંભવી શકે છે કે - દુનિયાના દરેક દર્શનકારો મિથ્યાત્વથી વાસિત છે તો તેમનો સમાવેશ જૈનદર્શનમાં કઈ રીતે થઈ શકે ? એટલે કે દરેક યોગશાસ્ત્રકારો પોતપોતાના મતમાં અત્યન્ત અભિનિવેશી હોવાથી, તેઓ પરસ્પર વિરોધી મતને ધરનારા હોવાથી તે બધાં યોગશાસ્ત્રોનું સંસ્થાપક આ પ્રકરણ કઈ રીતે બની શકે... આવા પ્રકારની શંકાના નિરાકરણમાં ગ્રંથકારશ્રી બીજા શ્લોકના ચોથા પાદથી જણાવે છે કે - જેઓને પોતાના દર્શન પ્રત્યે રાગ નથી અને પર દર્શન પ્રત્યે દ્વેષ નથી -

એટલે કે જેઓ યોગમાર્ગના જ્ઞાતા હોવા સાથે સાચા વસ્તુતત્ત્વના જિજ્ઞાસુ છે એવા મધ્યસ્થ શ્રોતાઓને ઉદ્દેશીને અહીં સકલ યોગશાસ્ત્રોની અવિસંવાદીપણે સ્થાપના જણાવેલી છે તેથી કોઈ દોષ નથી. આ શ્લોકના અંતિમ પાદમાં 'મધ્યસ્થ' પદ દ્વારા ગ્રંથકારશ્રીએ જ્ઞાનપ્રાપ્તિની પ્રાથમિક યોગ્યતા માર્મિક રીતે જણાવી છે. સામાન્યતઃ જિજ્ઞાસા એ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનું પ્રથમ અંગ મનાય છે. પરંતુ એ જિજ્ઞાસા પણ મધ્યસ્થપણાના યોગે જીવતી રહે છે. જાગેલી જિજ્ઞાસાને પણ નકામી બનાવી દે એવો આ; મધ્યસ્થપણાનો અભાવ છે. જેઓએ મધ્યસ્થપણું કેળવ્યું નથી એટલે કે જેઓ કદાગ્રહી - પોતાની માન્યતામાં જ આગ્રહી - છે તેઓને મોટે ભાગે જિજ્ઞાસા થતી જ નથી અને કદાચ થઈ જાય તોય આ કદાગ્રહ જ એ જિજ્ઞાસાને હણી નાખે છે. માટે જ ગ્રંથકારશ્રી સમજાવે છે કે તત્ત્વજ્ઞાનનું સૌથી પહેલું કારણ મધ્યસ્થપણું છે, રાગી કે દ્વેષીપણું નહિ. રાગીપણું કે દ્વેષીપણું જીવને કદાગ્રહી બનાવે છે અને કદાગ્રહ એ તો તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યે મોટામાં મોટો અવરોધક છે. કારણ કે કદાગ્રહ એ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિની યોગ્યતાનો જ નાશક છે. કદાગ્રહના કારણે જીવ પોતાની વાત છોડી શકતો નથી અને બીજાની વાત કાને પણ ધરી શકતો નથી. જ્યારે કદાગ્રહ જવાના કારણે જિજ્ઞાસા જીવતી થવાથી જીવને સામાની વાત સાંભળવા - વિચારવા - સમજવાનો અવકાશ મળે છે અને એ વિચારણા જ જીવને તત્ત્વજ્ઞાનની દિશામાં વાળે છે. યોગના અન્ય ગ્રંથોમાં પણ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થવા પહેલાં કુગ્રહના વિરહને (કદાગ્રહના ત્યાગને) અત્યન્ત આવશ્યક અંગ તરીકે વર્ણવેલો છે. જિજ્ઞાસુ જો મધ્યસ્થ ન બને તો તત્ત્વશ્રવણને પણ પામી શકતો નથી, તો તત્ત્વપ્રાપ્તિની તો વાત જ શી કરવી ? એ વસ્તુ ત્યાં વિસ્તારથી સમજાવેલી છે. 'શ્રીયોગદષ્ટિસમુચ્ચય'માં સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વેની જે ચાર દષ્ટિનું વર્ણન કર્યું છે તેમાં બીજી દષ્ટિમાં જિજ્ઞાસા અને ત્રીજી દષ્ટિમાં શુશ્રૂષા (સાંભળવાની ઈચ્છા) આ બે ગુણ પ્રગટ્યા પછી પણ ચોથી દષ્ટિમાં જ્યારે કુગ્રહ-કદાગ્રહનો ત્યાગ થાય ત્યારે જ તાત્ત્વિક શ્રવણ થાય છે - એ પ્રમાણે જણાવ્યું છે. પણ હાલમાં આપણે એ વસ્તુ નથી વિચારવી. કારણ કે આપણી પાસે સમય થોડો છે, તેથી આ ગ્રંથના પણ અમુક જ પદાર્થોને વિચારી શકીશું. આ તો પ્રસંગથી વાત જણાવી, હવે પાછા મૂળ વાત પર આવીએ.

મધ્યસ્થપણું તત્ત્વજ્ઞાનનું સાધક છે અને કદાગ્રહ તત્ત્વજ્ઞાનનો બાધક છે - એ જો સમજાઈ જાય અને પરસ્પર વિસંવાદી મતને ધારણ કરનારા સકલયોગશાસ્ત્રકારો પણ જો પોતાના કદાગ્રહને બાજુએ મૂકી દે અને મધ્યસ્થતાને ધારણ કરે તો તેઓને યોગમાર્ગનું તાત્ત્વિક જ્ઞાન થાય એ રીતે સ્યાદ્વાદમુદ્રાએ અહીં (આ યોગબિન્દુ પ્રકરણમાં) સકલ યોગશાસ્ત્રોનો સમન્વય કરવામાં આવેલો છે - એ સમજાયા વગર નહિ રહે. આ શ્લોકના એક 'મધ્યસ્થ' પદથી ગ્રંથકારશ્રીએ ચમત્કાર સર્જ્યો છે. પરંતુ ગ્રંથકારશ્રીના શબ્દોના મર્મ સુધી પહોંચવા માટે તેનો અર્થ પણ યથાર્થ રીતે કરાવો જોઈએ. જેઓ પોતાની મતિકલ્પનાના આધારે જ અર્થ કરવા ટેવાયેલા છે તેઓ ક્યારે પણ ગ્રંથકારશ્રીના આશય સુધી પહોંચવા માટે કે ગ્રંથના શબ્દોના ચમત્કારને સમજવા માટે સમર્થ બની શકતા નથી. પોતાના મતિવિકારના પ્રતાપે પારિભાષિક શબ્દોના અર્થ પણ વિકૃત રીતે કરનારા વિદ્વાનોનો આજે તોટો નથી. આજે 'મધ્યસ્થ'નો અર્થ - બંન્નેની વાતને માનનાર - આવો કરનાર જોઈએ એટલા છે. બધાની વાતમાં હાજિયો ભણવો એ તો દહીંદૂધિયાપણું છે. મધ્યસ્થપણું એ કાંઈ દહીંદૂધિયાપણું નથી. બધાની વાત માને એ મધ્યસ્થ નથી. બધાની વાત સાંભળે, સાંભળીને સમજવા પ્રયત્ન કરે અને તેમાંથી જેની વાત સાચી હોય એને જ સ્વીકારે - તે મધ્યસ્થ. જેને જ્ઞાન જોઈતું હોય તેણે મધ્યસ્થ બનવું જોઈએ - એ વાત સાચી, પણ એ મધ્યસ્થતા બધાને સમાન માનવા રૂપ નથી. મધ્યસ્થ અને દહીંદૂધિયાનું વર્ત્તન એકજેવું લાગવા છતાં બંન્નેમાં ઘણો ભેદ છે. મધ્યસ્થ પણ કોઈની વાત કાપતો નથી અને દહીંદૂધિયો પણ કોઈની વાત કાપતો નથી. પરંતુ મધ્યસ્થ સાચું સમજવા માટે વાતને કાપતો નથી. જ્યારે દહીંદૂધિયાને તો સાચાની સાથે કોઈ સ્નાનસૂતક નથી, એ તો બેયને રાજી રાખવા માટે તેમની વાત નથી કાપતો. પોતાની બુદ્ધિનો - પોતાને મળેલા ક્ષયોપશમનો - ઉપયોગ સામા માણસની વાત સમજવા માટે કરવો તેનું નામ મધ્યસ્થપણું. પોતાને મળેલી બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર માત્ર સામાને રાજી રાખવાનો પ્રયત્ન કરવો તેનું નામ દહીંદૂધિયાપણું અને પોતાની બુદ્ધિનો ઉપયોગ પોતાની વાત બીજાને ઠસાવવા માટે કરવો અથવા સમજ્યા વગર સામાની વાત કાપવા માટે કરવો - તેનું નામ કદાગ્રહીપણું. મધ્યસ્થપણું કેળવવા માટે દહીંદૂધિયાપણું ને કદાગ્રહીપણું - આ બેય દોષને ટાળવા પડશે. અનાદિ કાળથી લોકસંજ્ઞામાં તણાયેલા - લોકને રાજી રાખવા ટેવાયેલા - આત્માને લોકસંજ્ઞાથી પર બનાવવાનું કામ કપરું છે, તેમ જ કાયમ માટે પોતાની વાતને સાચી મનાવવાના સ્વભાવવાળા આત્માને બીજાની વાત સાંભળવા - સમજવારૂપ મધ્યસ્થપણું કેળવવું એ પણ સહેલું તો

નથી જ. પરંતુ એકવાર અજ્ઞાનની ભયંકરતા સમજાઈ જાય અને જ્ઞાનનું અર્થીપણું જાગી જાય તો આ બેય દોષો ટાળવા સહેલા છે. ખરેખર ! પોતાના દોષોની ભયંકરતાનું ભાન અને સાચું ગુણનું અર્થીપણું, એ યોગમાર્ગના પ્રારંભથી યોગમાર્ગની પૂર્ણતા સુધીની યોગ્યતાનો સ્થાયીભાવ છે. આ યોગ્યતાના બળે જ જીવ ક્રમે કરીને યોગમાર્ગનાં સાધનો મેળવતો જાય છે અને પોતાનો આત્મવિકાસ સાધતો જાય છે. આત્માના વિકાસનો માર્ગ રૂંધાયો હોય તો તેમાં આ યોગ્યતાનો અભાવ જ કારણ છે. એ માન્યા વગર ચાલે એવું નથી. કદાગ્રહીઓની મોટામાં મોટી તકલીફ જ એ છે કે તેઓ પોતાની જાતને અજ્ઞાન માનતા જ નથી. પોતાને નિઃસંશયપણે જ્ઞાની માનતા હોવાથી તેમને પોતાના અજ્ઞાનનું ભાન જ થતું નથી. કદાચ ભાગ્યયોગે તેઓને એવું ભાન કરાવનાર જ્ઞાની મહાત્માનો ભેટો થઈ જાય તોય તેઓ ઊલટી એ જ્ઞાનીની પણ વિટંબણા જ મોટેભાગે કરતા હોય છે. અને કદાચ એવા જ્ઞાનીજન પાસેથી અથવા કુદરતી રીતે જ તેઓના હાથમાં, શુદ્ધ અર્થ(પોતે કરેલા અર્થથી વિપરીત એવો-)ને જણાવનારા આગમના ચોખ્ખા પાઠ આવે તોય તે આગમના શુદ્ધ અર્થને, પોતાના મતિવિકારના પ્રતાપે મરડી નાંખવાનું જ કામ તેઓ કરતા હોય છે. માટે જ આપણે 'મધ્યસ્થ' વગેરે પદોના વાસ્તવિક અર્થને સમજવા માટે આટલી આગમાનુસારી વિચારણા કરી લેવી છે.

મધ્યસ્થપણું એ જ્ઞાનપ્રાપ્તિની પૂર્વાવસ્થા છે. તે લોકોને રાજી રાખવા માટે નથી, તાત્ત્વિક પક્ષને કેળવવા માટે છે. જે જ્ઞાની છે તેને કોઈ ચિંતા નથી. કારણ કે તે પોતાના જ્ઞાનના પ્રતાપે ગમે ત્યાંથી માર્ગ કાઢી લેશે. પરંતુ જે અજ્ઞાની છે તે જાણવા પહેલાં ક્યાંય ઢળી ન પડે માટે મધ્યસ્થતા રાખે. જ્ઞાનનો અર્થી જ્ઞાનની દિશામાં પ્રયત્ન કરે ત્યારે જ્ઞાનપ્રાપ્તિ માટેના બધા માર્ગ ખુલ્લા રાખે. જ્યાં સુધી ખબર ન પડે ત્યાં સુધી સાચા અને ખોટા - બંન્નેના સંપર્કમાં રહે. પણ આ બધું, સાચું-ખોટું સમજાયું નથી ત્યાં સુધી. સાચા-ખોટાનું જ્ઞાન થયા પછી ખોટાને છોડવા અને સાચાને અપનાવવા ક્ષણનો પણ વિલંબ ન કરવો એ સાચી મધ્યસ્થતા. ખોટાનું જ્ઞાન થયા પછી પણ 'આપણા છે (અથવા આપણું છે) માટે વળગી રહેવું' આવું જે ન કરે એ ખરો મધ્યસ્થ, અને એવા જ તાત્ત્વિક પક્ષપાત કેળવી શકે. ઘણા લાંબા કાળથી પોતે મજબૂત કરેલી માન્યતાને પણ ખોટી તરીકે સમજાયા પછી તે જ ક્ષણે દૂર કરવાની તૈયારી હશે તો તત્ત્વ પમાશે. સાચું સમજાયા પછી પણ જેઓ તત્ત્વનો પક્ષપાત કરતા નથી તેઓ મધ્યસ્થતાનો ડોળ કરનારા એક પ્રકારના કદાગ્રહી જ છે. જ્ઞાનપ્રાપ્તિ પૂર્વે જે મધ્યસ્થતા ગુણરૂપે લેખાય, જ્ઞાનપ્રાપ્તિ પછી તે જ મધ્યસ્થતા દોષરૂપે ગણાય છે. લોકવ્યવહારમાં પણ, કારણની કિંમત કાર્ય કરી આપે ત્યાં સુધી જ મનાય છે. ઝડપથી માર્ગ કાપવા માટે રાખેલો ઘોડો પણ મહેલ સુધી પહોંચવા કામ લાગે. મહેલમાં જતી વખતે તો એ ઘોડાને બહાર જ મૂકીને જવાનું હોય. ઘોડો કામનો ખરો પણ રસ્તામાં, ઘરમાં નહિ. તેમ અહીં પણ સમજી શકાશે કે મધ્યસ્થતા પણ તત્ત્વનું જ્ઞાન મેળવવા પૂરતી જ રાખવાની છે. જ્ઞાન મળી ગયા પછી પણ 'આ વાત પણ વિચારવા જેવી છે.' એવું બોલે તે બોદા માણસ છે. તત્ત્વ સમજાયા પછી તો તત્ત્વનો અભિનિવેશ એ જ ગુણ. તે અભિનિવેશને દષ્ટિરાગ ન કહેવાય. જેમ 'મધ્યસ્થ' પદનો મનફાવતો અર્થ કરનારા છે તેમ મધ્યસ્થતાના ફળરૂપે જે તાત્ત્વિક પક્ષપાતની પ્રાપ્તિ થાય છે તેને પણ દષ્ટિરાગ તરીકે ઓળખાવનારા 'વિદ્વાનો' આજે છે. માટે તાત્ત્વિક પક્ષપાત અને દષ્ટિરાગનો ભેદ પણ સમજી લેવા જેવો છે. તત્ત્વ સમજવાનો પ્રયત્ન ટાળે તે દષ્ટિરાગી, તત્ત્વ સમજવા પ્રયત્ન કરે તે મધ્યસ્થ અને તત્ત્વ સમજાઈ ગયા પછી તત્ત્વ પ્રત્યે દઢ શ્રદ્ધા જેને જાગે તે તાત્ત્વિકપક્ષપાતી. દષ્ટિ એટલે માન્યતા, તેની પ્રત્યે આંધળો રાગ તે દષ્ટિરાગ. આવો દષ્ટિરાગ ખરાબ છે, માટે તે નથી જોઈતો. પરંતુ સારાસારના વિવેકરૂપ જે દષ્ટિ છે, તે દષ્ટિનો રાગ તો જોઈએ છે. સારાસારના વિવેક વગરનો રાગ તે દષ્ટિરાગ. સારાસારના વિવેકવાળો રાગ તે તાત્ત્વિક પક્ષપાત. દષ્ટિરાગી અને તત્ત્વિક પક્ષપાતીનું વર્તન એકજેવું લાગે. દષ્ટિરાગી જેમ બધા પક્ષને ન સ્વીકારતાં એક પક્ષને માનનારો હોય છે તેમ તાત્ત્વિકપક્ષપાતી પણ એક જ પક્ષને સ્વીકારનારો હોય છે. પરંતુ દષ્ટિરાગી કોઈ પણ જાતની વિચારણા કર્યા વગર (અથવા તો વિચારણા કરીને પણ) માત્ર પોતાની માન્યતારૂપ એક પક્ષને પકડી રાખનારો છે, જ્યારે તાત્ત્વિક પક્ષપાતી દરેક રીતે વિચારણા કર્યા બાદ સાચી માન્યતારૂપ એક પક્ષને વળગી રહેનારો હોય છે. બંનેની અવસ્થા એકજેવી દેખાવા છતાં એક અજ્ઞાનની પરાકાષ્ઠા છે અને બીજી જ્ઞાનની પરાકાષ્ઠા છે. ગુણઠાણાની દષ્ટિએ વિચારીએ તો પહેલે ગુણઠાણે અજ્ઞાનમૂલક અને રાગમૂલક પક્ષપાત છે જ્યારે ચોથેથી આગળ જ્ઞાનમૂલક અને તત્ત્વમૂલક પક્ષપાત હોય છે. વસ્તુસ્વરૂપનું જ્ઞાન થયા બાદ 'इदम् इत्थमेव (આ વસ્તુ, આ પ્રમાણે જ છે)' આવી જે શ્રદ્ધા તેનું નામ તાત્ત્વિક પક્ષપાત.

સ્યાદ્વાદના નામે તાત્ત્વિક પક્ષપાતનો છેદ ઉડાવનારા ખરેખર સ્યાદ્વાદના સ્વરૂપના જ અજાણ છે. એક વસ્તુમાં અનન્તા ધર્મો સ્વીકારવા એનો અર્થ એ નથી કે તે પ્રત્યેક ધર્મો વસ્તુમાં ફાવે તે રીતે ઘટાડવા. જે ધર્મ જે વસ્તુમાં જે અપેક્ષાએ ઘટતો હોય, તે જ અપેક્ષાએ તેમાં તે ધર્મ ઘટાવાય, ભિન્ન અપેક્ષાએ પણ એ ધર્મ માનવો - એ તો વસ્તુનો જ છેદ ઉડાડવા જેવું છે. એક જ વ્યક્તિને કોઈકના કાકા તરીકે પણ અને કોઈકના મામા તરીકે પણ જણાવનારો, 'જે, જેના કાકા છે, તે તેના જ મામા પણ છે' આવું કહેવાનું સાહસ નથી કરતો. જ્યારે અહીં તત્ત્વરૂપે તત્ત્વને એકાન્તે માનવાના બદલે તેના સ્વીકારમાં પણ સ્યાદ્વાદને વચ્ચે લાવનારા સાહસિકો (!) છે. વસ્તુ સત્ પણ છે અને અસત્ પણ છે - તેમાં વાંધો નથી. પરંતુ વસ્તુ સ્વરૂપે સત્ પણ છે અને અસત્ પણ છે - આ પ્રમાણે બોલવું-માનવું એ તો સ્યાદ્વાદના નામે સ્યાદ્વાદનો જ ઉપહાસ કરવા જેવું છે. સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ વસ્તુ સત જ છે અને પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ જ વસ્તુ અસત જ છે- આવું જે માને તે જ સ્યાદ્વાદનો જ્ઞાતા છે. સ્યાદ્વાદી જ એવકારનો (જકારનો) સાચો પ્રયોગ કરી શકે છે. સ્યાદ્વાદી જે રીતે એવકારના યથાસ્થિત પ્રયોગ દ્વારા વસ્તુસ્વરૂપનું નક્કર નિરૂપણ કરી શકે છે, તેવું નિરૂપણ કરવાનું સામર્થ્ય એકાન્તવાદીઓમાં તો નથી જ પરંતુ સ્યાદ્વાદના નામે વાત કરનારા એવકારના વિરોધીઓમાં પણ નથી. જે પોલા હોય તેને એવકારની સાથે વેર હોય. જે નક્કર હોય તે કદી એવકારથી ન ગભરાય. આંખનો નિષ્ણાત કહે કે 'તમને ઝામર પણ હોઈ શકે અને મોતિયો પણ હોઈ શકે.' તો તે સ્યાદ્વાદી કહેવાય, મધ્યસ્થ કહેવાય કે હજામ ?! જે ચોક્કસ નિદાન કરે તે ડૉક્ટર કે अपि(પણ)થી નિદાન કરે તે ? રોગીને 'રોગ હોય પણ ખરો ને ન પણ હોય' આવું નિદાન કરનારા ડૉક્ટરનું દવાખાનું કેટલા દિવસ ચાલે ? તમે તેવા ડૉક્ટરનું પગથિયું પણ ચઢો ? અમારે ત્યાં તો આવા સ્યાદ્વાદીઓને માનનારા મધ્યસ્થોનો તોટો નથી. કારણ કે જેટલી ચિંતા શરીરની છે તેટલી ચિંતા તત્ત્વ પામવા માટે નથી, એટલે બધું ચાલ્યા કરે છે. શરીરની ચિંતા છે તો જેમ તે તે રોગના નિષ્ણાતોને ગમે ત્યાંથી ગમે તે રીતે ખોળી કાઢો છો તેમ આત્માની ચિંતા જાગે તો તત્ત્વના નિષ્ણાતને ઓળખવાનું શીખવવું ન પડે. તત્ત્વ ન સમજાય ત્યાં સુધી મધ્યસ્થ રહેવું - એ સાચું. પરંતુ 'તત્ત્વ જ પામવું છે' એવો તો આગ્રહ હોવો જોઈએ કે નહિ ? તત્ત્વ એક સ્થાને હોય કે દરેક ઠેકાણે ? વિવાદાસ્પદ પક્ષોમાં પણ, સત્ય ઉભયપક્ષે હોય કે એક પક્ષે ?

સ૦ કંઈક ને કંઈક ગુણ તો દરેક સ્થાને હોય ને ?

ગુણ બધે ન હોય. ગુણ તો માત્ર ભગવાનની આજ્ઞામાં જ હોય. જ્યાં ભગવાનની આજ્ઞા ન હોય ત્યાંનો દેખીતો ગુણ પણ ગુણાભાસ છે. ભગવાનની આજ્ઞામાં જ બધા ગુણો સમાયેલા છે. ભગવાનની આજ્ઞાનો બાધ આવે એવા ગુણમાં ગુણપણું જ રહેતું નથી. ભગવાનની આજ્ઞા એ જ પરમતત્ત્વ છે. એ તત્ત્વ ન સમજાતું હોય એને સમજાવવાની અમારી તૈયારી છે. જિજ્ઞાસાપૂર્વક સાંભળે, અજ્ઞાન દૂર કરવા ભણે અને સમજવા માટે પ્રયત્ન કરે તે તાત્ત્વિક પક્ષપાતી બન્યા વગર ન રહે. એવાઓને સંભળાવવાની, ભણાવવાની અને સમજાવવાની તૈયારી છે. પણ જે માત્ર કુતૂહલ ખાતર સાંભળતા હોય, વિદ્વાન કહેવડાવવા માટે ભણતા હોય અને સમજ્યા વગર વાતને કાપવા માટે પ્રયત્ન કરતા હોય તેવાઓને ઉતારવાની પણ તૈયારી છે.

સ૦ સાહેબ ! આ કાળમાં તાત્ત્વિક પક્ષપાતનો આગ્રહ રાખવાથી સંઘના-સમુદાયના ભાગલા પડે છે - તો શું કરવું ?

તાત્ત્વિક પક્ષપાતથી ભાગલા ન પડે. તત્ત્વ કડવું લાગે તેવાઓ ભાગલા પાડે. એવા ભાગલા પડે - એની ચિંતા નહિ. સત્યનો પક્ષ કરવાના કારણે અસત્યનો પક્ષ જાુદો પડવાનો જ. આ ભાગલા આજના નથી, ભગવાનના વખતથી ચાલે છે. ભગવાને પોતાના જમાઈ અને પોતાના શિષ્ય એવા જમાલિને કેટલાની સાથે જાુદો કર્યો ? જમાઈ ને દીકરી બેય સામા પક્ષમાં હતા છતાં ભગવાને સુલેહ કરી કે ભાગલા રાખ્યા ? આ બધું કેમ વિચારતા નથી ? એથીય આગળ વધો. ગુણસ્થાનકના ભેદ કોણે પાડ્યા ? અમે પાડ્યા કે શાસ્ત્રકારોએ ? એ ભાગલા અનાદિના છે કે આજના ? એમાં તાત્ત્વિક અને અતાત્ત્વિકને ભેગા રાખ્યા છે કે જાુદા ? ગુણઠાણાના ભેદમાં તો કોઈ મતભેદ નથી ને ?

સ૦ ગુણઠાણાના ભેદ તો માન્ય છે પણ આ તો એક જ ગુણઠાણે રહેલામાં મતભેદ છે - એનો નિકાલ શી રીતે લાવવો ?

એક જ ગુણઠાણે રહેલાના પરિણામમાં ભેદ હોઈ શકે, માન્યતામાં ભેદ ન હોય. માન્યતાનો ભેદ તો ગુણઠાણાના ભેદને આભારી છે. અસલમાં તો આ વિવાદ

મતભેદનો નથી, મનભેદનો છે – માટે તેનો નિકાલ આવી શકે તેમ નથી. બાકી, જો મતભેદના કારણે વિવાદ હોય તો મતભેદ હમણાં દૂર કરી આપીએ. પોતાની પકડ ઢીલી મૂકે ને શાસ્ત્ર વાંચવા દષ્ટિ ખુલ્લી રાખે તો બધો મતભેદ ટાળી આપીએ, પણ મનના ભેદને ન પહોંચી વળાય. શાસ્ત્રકારોના વચન પ્રત્યે શ્રદ્ધા હોય અને મળેલી બુદ્ધિનો સદુપયોગ કરે તો શાસ્ત્રના શબ્દોમાં જ તાકાત છે કે આપણા મતિભ્રમને ભૂંસી નાંખે. એકવાર હૈયું ચોખ્ખું થઈ જાય તો માર્ગ તો ચોખ્ખોચટ છે.

આ રીતે બીજી ગાથામાં આપણે જોઈ આવ્યા કે – સર્વ યોગશાસ્ત્રના મધ્યસ્થ વિદ્વાનોને તાત્ત્વિક પક્ષનો બોધ કરાવનાર બની શકે – એ રીતે આ ગ્રંથની રચના કરવામાં આવી છે. તત્ત્વજિજ્ઞાસાપૂર્વક મધ્યસ્થતા રાખે તેને આ ગ્રંથ ગ્રાહ્ય બને – એ બીજી ગાથામાં જણાવીને હવે 'તમારા ગ્રંથમાં એવું તો શું તત્ત્વ છે કે જેથી તે બધા જ દર્શનકારોને ગ્રાહ્ય બની શકે છે...' આવી શંકાના નિરાકરણ માટે ત્રીજી ગાથા જણાવી છે. ગ્રંથની રચના જિજ્ઞાસાની સાંકળના આધારે ચાલે છે અને એના કારણે જ ગમે તેટલો વિશાળ ગ્રંથ હોય તોય પહેલેથી છેલ્લે સુધી અત્યન્ત સંકલનાબદ્ધ લાગે. કોઈ ઠેકાણે અનુસંધાન તૂટે નહિ અને નવા નવા વિષયો એમાં જોડાતા જાય. આવી શૈલીની વિશેષતા જ ગ્રંથના અધ્યેતાને ગ્રંથના અધ્યયનમાં રસ પેદા કરે છે, તે આશયથી ગ્રંથકારશ્રીએ બીજી ગાથા પછી ત્રીજી ગાથા કયા કારણસર જણાવી એ સમજાવીને હવે ત્રીજી ગાથા જણાવે છે–

**मोक्षहेतुर्यतो योगो भिद्यते न ततः क्वचित् ।**
**साध्याभेदात्तथाभावे तूक्तिभेदो न कारणम् ।।३।।**

જે કારણથી, સર્વ યોગશાસ્ત્રકારો સાધ્યરૂપ મોક્ષના સાધનને જ યોગ તરીકે જણાવે છે તે કારણથી કોઈ પણ યોગશાસ્ત્રમાં ભેદ નથી અને જ્યાં સાધ્યરૂપ અર્થમાં કોઈ ભેદ ન હોય ત્યાં તે તે દર્શનમાં પ્રસિદ્ધ એવા શબ્દમાત્રનો ભેદ વસ્તુના ભેદનો પ્રયોજક બનતો નથી.

આશય એ છે કે કોઈ તત્ત્વજ્ઞાનથી મુક્તિ માને, કોઈ અવિદ્યાના નાશથી મુક્તિ માને, કોઈ ઈશ્વરના અનુગ્રહથી મુક્તિ માને... પરંતુ બધાય પોતપોતાના સાધનથી મોક્ષની જ પ્રાપ્તિ માને છે. તે તે દર્શનકારોએ કરેલ એ ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓ પરમાર્થથી કઈ રીતે સંગત થાય છે – તે આ ગ્રંથમાં જણાવેલું છે, માટે તે સર્વદર્શનને ગ્રાહ્ય બને છે – આ પ્રમાણે ત્રીજી ગાથાનો તાત્પર્યાર્થ છે. સકલદર્શનમાં એક તંતુ એ છે કે સકલ દર્શનકારો એક મોક્ષને જ ધ્યેયરૂપે જણાવે છે. ગમે તેટલાં આલંબન હોય પણ તે તત્ત્વના જ્ઞાનને ન કરાવે તો તે બધાં અનાલંબન. મોક્ષના હેતુરૂપે પોતાના દર્શનને માનનારા બધા જ છે. સકલ કર્મના ક્ષય સ્વરૂપ મોક્ષ છે અને એનું સાધન જે હોય તેને જ યોગ કહેવાય – એમાં કોઈ વિવાદ નથી. મોક્ષની પ્રાપ્તિ એ જ યોગશાસ્ત્રની રચનાનો પ્રાણ છે. જે મોક્ષે ન પહોંચાડે તે દર્શન જ નથી. આપણે કયા દર્શનમાં જન્મ્યા એ મહત્ત્વનું નથી, કયું દર્શન મોક્ષે પહોંચાડે છે – એ મહત્ત્વનું છે. જે 'આપણું' હોય તે દર્શન નથી, જે મોક્ષનું કારણ બને એ જ દર્શન. મોક્ષ જ્યાં મળતો હોય ત્યાં આપણે જવું છે. માટે જ ગ્રંથકારશ્રી જણાવે છે કે મોક્ષને સાધ્યરૂપે સ્વીકારવું એ જ સકલ શાસ્ત્રકારોનો મહત્ત્વનો ગુણ છે. એ ગુણને લઈને જ આ ગ્રંથમાં સકલ યોગશાસ્ત્રોનો સંગ્રહ શક્ય બન્યો છે.

અહીં એ યાદ રાખવું કે જેમ સકલ દર્શનમાં રહેલ ગુણના અંશમાં તેનો સમાવેશ કર્યો છે તેમ સાથે તેમાં રહેલા દોષોનું નિરાકરણ પણ આ જ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. દરેક દર્શનકારોની વ્યાખ્યાને સંગત કરતાં કરતાં જ તે દર્શનના મિથ્યા અંશનું ખંડન પણ ગ્રંથકારશ્રીએ પોતાની શૈલીમાં સચોટ રીતે કર્યું છે. જેને આ રીતે સમ્યગ્ અને મિથ્યાનો વિવેક કરતાં ન આવડે તેવાએ સર્વદર્શનનો સમન્વય કરવાનું સાહસ કરવાજેવું નથી. સકલ દર્શનકારો સર્વજ્ઞને જ દેવ તરીકે સ્વીકારે છે. જે સર્વજ્ઞ હોય તેને જ દેવ કહેવાય – એમાં કોઈને વિવાદ નથી. પરંતુ સર્વજ્ઞનું સ્વરૂપ માત્ર બધા પોતપોતાની રીતે માને છે. આથી જ પરદર્શનના સંવાદી કે વિસંવાદી અંશનો વિવેક કર્યા વગર તેનું એકાન્તે ખંડન કરનાર અસલમાં (સંવાદી અંશનું પણ ખંડન થવાથી) સ્વદર્શનના (જૈનદર્શનના) પણ ખંડનના કારણે વિરાધનાનું પાપ બાંધે છે. જે ગૌતમબુદ્ધને સર્વજ્ઞ માનીને તેનું ખંડન કરે તે શ્રી ઋષભાદિ તીર્થંકરોની આશાતનાનું પાપ બાંધે. અને જે ગૌતમબુદ્ધનું અલ્પજ્ઞરૂપે ખંડન કરે તે મિથ્યામતના ઉન્મૂલનરૂપ આરાધનાનું પુણ્ય ઉપાર્જે.

સ૦ ગૌતમબુદ્ધને એ લોકો તો સર્વજ્ઞ માને છે તો આપણે અલ્પજ્ઞ કઈ રીતે કહી શકીએ ?

શ્રી મહાવીર પરમાત્માએ નિગોદમાં અનંતા જીવો પોતાના જ્ઞાનથી જોયા અને જણાવ્યા. આ વસ્તુની ટીકા કરતાં ગૌતમબુદ્ધ જણાવે છે કે – 'किं

ક્રીટસંખ્યાપરિજ્ઞાતેન' અર્થાત્ જીવોની સંખ્યા કેટલી છે - એ જાણવાનું શું કામ છે ?!' આના ઉપરથી જ સ્પષ્ટ છે કે ગૌતમબુદ્ધ પોતે અલ્પજ્ઞ છે. જે જાણતો હોય તે 'શું કામ છે ?' એવું ન બોલે. 'શું કામ છે' એમ બોલે એટલે સમજવાનું કે તેને આવડતું નથી. આવા અલ્પજ્ઞને પણ જેઓ સર્વજ્ઞ માને છે તેઓ ખરેખર અજ્ઞાની છે, પરંતુ એ અજ્ઞાનીને પણ 'સર્વજ્ઞને જ દેવ કહેવાય' એમાં મતભેદ નથી. માટે તેવા અજ્ઞાનીનું 'ગૌતમબુદ્ધ સર્વજ્ઞ નથી' એમ કહીને ખંડન કરવાના બદલે 'જો ગૌતમબુદ્ધ સર્વજ્ઞ હોય તો તેને પણ અમે ભગવાન તરીકે જ માનીએ છીએ.' આ રીતે કહીને પછી તેને સર્વજ્ઞનું સ્વરૂપ એ રીતે સમજાવવાનું કે પેલો સામેથી કહેતો આવે કે, 'જો સર્વજ્ઞ આવા હોય તો ગૌતમબુદ્ધને સર્વજ્ઞ ન મનાય...' પણ આ બધું ત્યારે શક્ય બને કે જ્યારે શાસ્ત્રકારોના વચન પ્રત્યે અગાધ શ્રદ્ધા હોય, શાસ્ત્રોનું સચોટ જ્ઞાન હોય, પોતાનામાં થોડી સ્થિરતા અને ધીરતા હોય. જેના હૈયામાં શાસન પરિણામ પામ્યું હોય તે જ બીજાને શાસન પમાડી શકે. સંસારની ભયંકરતા અને મોક્ષની ઉપાદેયતા જો સમજાઈ જાય તો આ શાસન હૈયે વસ્યા વગર ન રહે. મોક્ષને સાધ્ય તરીકે બધાં દર્શનકારો (શાસ્ત્રકારો) બતાવે છતાં મોક્ષ મળે છે માત્ર આ (જૈન) જ શાસનમાં. અને એ જ આશયથી સકલ દર્શનનો સમાવેશ કરનારા જૈનદર્શનકારોએ ક્યારે પણ મોક્ષમાર્ગ તરીકે જૈનદર્શન સિવાય અન્યદર્શનને બતાવવાનું કામ નથી કર્યું. અન્યદર્શનમાં - અન્ય લિંગમાં - પણ અરિહંત પરમાત્માની આજ્ઞા મુજબનો પરિણામ સ્પર્શી જાય તો એ પરિણામની વિશુદ્ધિ મોક્ષે પહોંચાડે તેની ના નહિ, છતાં ય એ દર્શનને માર્ગ ન કહેવાય. ઇષ્ટ સ્થાને પહોંચવાના માર્ગ તો ઘણા હોય પણ જેમાં પડવાની સંભાવના હોય તેવો માર્ગ ન બતાવાય. આશ્રવની ક્રિયા પણ સંવરરૂપે પરિણામ પામે તો મોક્ષે પહોંચાડે, છતાં આશ્રવને મોક્ષસાધક તરીકે ન બતાવાય. મોક્ષનું કારણ તો સંવર જ કહેવાય. તે જ રીતે સંવરની ક્રિયા પણ આશ્રવરૂપે પરિણમે તો સંસારમાં રખડાવે છતાં સંવરને સંસારના કારણ તરીકે ન બતાવાય. આશ્રવની ક્રિયા, પણ સાવધ રહે તો મોક્ષે લઈ જાય અને સંવરની ક્રિયા પણ કરતાં ન આવડે તો સંસાર વધારે, એવું જણાવનારા શાસ્ત્રકારો, 'આશ્રવો ભવહેતુઃ સ્યાત્ સંવરો મોક્ષકારણમ્ ।' (અર્થાત્ આશ્રવ એ સંસારનું કારણ છે અને સંવર એ મોક્ષનું કારણ છે) આ પ્રમાણે પણ જણાવે છે : એ ભૂલવા જેવું નથી. ત્યાં માત્ર વિવેક એટલો કરવો કે ભાવઆશ્રવ એ સંસારનું કારણ છે, આશ્રવની ક્રિયામાત્ર નહિ; તેમ જ ભાવસંવર એ મોક્ષનું કારણ છે, સંવરની ક્રિયામાત્ર નહિ. ચારિત્ર વગર મોક્ષ ન મળે એ નિશ્ચિત. કોઈ ઠેકાણે એકલું ભાવચારિત્ર હોય, કોઈ ઠેકાણે દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્ર બે ભેગાં હોય પણ એકલા દ્રવ્યચારિત્રથી મુક્તિ ક્યારેય ન મળે. દ્રવ્યથી જિનેશ્વર ભગવંતની આજ્ઞા પાળે તોય મોક્ષ ન જ મળે. જૈનદર્શનકારોની આ જ વિશેષતા છે કે તેઓ ક્યારેય વાસ્તવિકતાનો લોપ નથી કરતા. સર્વજ્ઞના શાસનને પામેલા શાસ્ત્રકારો કોઈ પણ વસ્તુનો અપલાપ ન જ કરે - એ સમજી શકાય એવું છે. નિષ્પક્ષપાતપણે વસ્તુસ્વરૂપનું નિરૂપણ કરનારા આવા ગ્રંથોનું વાંચન, શ્રવણ, પરિશીલન કોઈ મહાન ભાગ્યોદયે આપણે પામ્યા છીએ. એ ભાગ્યોદયને લેખે લગાડવો હોય તો ખૂબ જ અપ્રમત્તપણે જીવવું પડશે. જે મોક્ષને ગ્રંથકારશ્રી સકલ મિથ્યાદર્શનકારોને પણ માન્ય તરીકે જણાવે છે એ મોક્ષનું ધ્યેય, આવા સમ્યક્શાસનને પામ્યા પછી પણ આપણે ન કેળવી શક્યા હોઈએ તો આપણી આ દશા કેટલી શોચનીય છે - એ ખૂબ જ શાંતિથી વિચારવાની જરૂર છે - એવું તમને નથી લાગતું ?

સમર્થ શાસ્ત્રકાર પરમર્ષિઓ, ભવનિસ્તારક ગ્રંથોની રચના પણ કોઈના ઉપકાર માટે નથી કરતા, પરંતુ માત્ર પોતાના આત્મસ્મરણ માટે કરે છે. પોતાના આત્મસ્વરૂપને વીસરાવી દે એવી પરોપકારની પણ પ્રવૃત્તિ (પરના અપકારની પ્રવૃત્તિ તો આત્મહિતનાશક છે જ) પોતાના આત્મહિતનો નાશ કર્યા વગર રહેતી નથી, તે જ આશયથી ગ્રંથના પ્રારંભમાં, 'તત્ત્વસિદ્ધિ માટે એટલે કે સ્વ-આત્મતત્ત્વની સિદ્ધિ માટે શ્રી યોગબિન્દુની રચના કરી છે' એ પ્રમાણે ગ્રંથકારશ્રી જણાવે છે. તે છતાં પણ, ભગવાનની આજ્ઞા મુજબની કોઈ પણ પ્રવૃત્તિ કરતાં કરતાં અન્ય જીવ ઉપર ઉપકાર થયા વગર રહેતો જ નથી. તેમાં વળી આવા પરમતારક શાસનના પરમાર્થને જણાવનારા ગ્રંથોની રચનામાં તો સ્વોપકાર હોવા છતાં પણ પરોપકારનું જ પ્રાધાન્ય છે - એ સમજી શકાય એવું છે. ભગવાનની આજ્ઞાને નેવે મૂકીને પરોપકાર કરે તો દોષ, પણ ભગવાનની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરતાં કરતાં પરોપકાર થાય તેમાં કોઈ દોષ નથી, ઊલટો એકાન્તે ગુણ થાય છે. ગ્રંથકારશ્રી, આત્મસ્મૃતિ માટે ગ્રંથ રચ્યો એમ કહે - એ તેમની મહત્તા. પરંતુ આપણે તો એમ જ માનવું જોઈએ કે તેઓશ્રી પોતાની આત્મસ્મૃતિ તો આ ગ્રન્થની સહાય વિના પણ કરી શકત છતાંય તેઓશ્રીએ આ ગ્રંથરચનાનો પુરુષાર્થ કર્યો છે - તે એકાન્તે આપણા જેવા અબુધ જીવોના ઉપકાર માટે જ કર્યો છે.

જો એ રીતે  તેઓશ્રીને ઉપકારી માનીને કૃતજ્ઞતા દાખવીશું તો જ એ ઉપકારને ઝીલવા માટે આપણી પોતાની જાતને સુધારવાનું મન થશે. આત્માને પરમાત્મા બનાવવા માટે આત્મશુદ્ધિ કરવાનું મન હોય એવા જીવો માટે જ આ ગ્રંથ લાભદાયી નીવડી શકે. પણ જેને મોક્ષે જવાનું મન જ ન હોય તેને આવા ઉપકારની પણ શું કિંમત હોય ? ખરેખર મોક્ષની ઈચ્છા એ યોગમાર્ગને પામવા માટેની મોટામાં મોટી યોગ્યતા છે. તેથી જ, મોક્ષની સાથે જોડી આપે એ જેમ યોગ કહેવાય છે તેમ મોક્ષની ઈચ્છા થાય એ પણ યોગ છે. કારણ કે મોક્ષની ઇચ્છા જ મોક્ષસાધક સામગ્રીને સુલભ બનાવવા દ્વારા ક્રમે કરીને મોક્ષે પહોંચાડવાનું કામ કરે છે. યોગનો વિકાસ ગુણઠાણાના ક્રમે સાધી શકાય છે અને આ ગુણનું સ્થાનક મોક્ષની ઈચ્છામાંથી જન્મે છે. મોક્ષની ઈચ્છાને લઈને જ આત્મા પહેલા પણ ગુણઠાણાનો (ગુણસંપન્ન ગુણઠાણાનો) ધણી બને છે.

અત્યાર સુધીમાં આપણે જોઈ આવ્યા કે મોક્ષપ્રાપ્તિની એકમાત્ર ઈચ્છાથી સમસ્ત યોગની સાધના પ્રવર્ત્તે છે - એવું સર્વ યોગશાસ્ત્રકારો માને છે. એટલે યોગની મોક્ષસાધકતા તો તેઓએ સ્વીકારી. પરંતુ સાધનને સાધન તરીકે સ્વીકાર્યા પછી એ સાધન સાધ્યને સિદ્ધ કરવા માટે કઈ રીતે સમર્થ બની શકે છે એ, શાસ્ત્રકાર પરમર્ષિ આગળની ગાથાથી સમજાવે છે, દરેક દર્શનકારોએ નિર્વિવાદપણે સ્વીકારેલો યોગ પણ મોક્ષને સાધી આપનારો ત્યારે જ બને છે કે જ્યારે તે યોગનો વિષય, તેનું સ્વરૂપ અને ફળ વિશુદ્ધ કોટિનાં હોય. યોગની સાધના કરતાં પહેલાં યોગનાં વિષય, સ્વરૂપ અને ફળ કેવાં હોવાં જોઈએ એનો નિર્ણય કરી લેવો જોઈએ. તે આશયથી જ ચોથી-પાંચમી ગાથાથી ગ્રંથકારશ્રી જણાવે છે કે - જેઓને પોતાના આત્મકલ્યાણની ચિન્તા હોય તેઓએ ખૂબ જ આદરપૂર્વક અને નિપુણપણે ઊહાપોહ કરવા દ્વારા યોગના વિષય (પાત્ર), સ્વરૂપ અને ફલની સંશુદ્ધિને વિચારવી જોઈએ. જો એ રીતે યોગના સ્વરૂપાદિની સંગતિને વિચારવામાં ન આવે તો યોગની સાધનાનો સર્વ પુરુષાર્થ નકામો જ જવાનો. જે આત્મા યોગના સ્વરૂપાદિમાં ઠગાયો તે, યોગની સાધનાના પુરુષાર્થમાં અને અન્તે પોતાના આત્મકલ્યાણમાં પણ ઠગાયેલો જ છે. તેવાનો પુષ્કળ પુરુષાર્થ પણ આત્માનો મોક્ષની સાથે યોગ કરાવનાર નથી બનતો, પરંતુ માત્ર ક્લેશકારી જ નીવડે છે. તેથી આપણે પણ યોગના વિષયની (પાત્રની) વિચારણા કરી લેવી છે.

આત્માની સર્વથા વિશુદ્ધ કોટિની અવસ્થા - તેનું નામ મોક્ષ. મોક્ષ એ આત્માનો ધર્મ છે. એ ધર્મ આપણા આત્મામાં રહે છે. આત્માના એ મોક્ષરૂપ ધર્મને સાધી આપનારો યોગનો પરિણામ પણ આપણા આત્માનો ધર્મ છે. કાર્ય અને કારણ એક જ સ્થાને હોવાં જોઈએ. જ્યાં કાર્ય કરવું હોય કારણ પણ ત્યાં જ હોવું જોઈએ. મોક્ષ એ આત્માનો ગુણ હોવાથી આત્મામાં રહે છે તેથી મોક્ષના કારણભૂત યોગ પણ આત્માનો ગુણ છે માટે આત્મામાં જ રહે છે. આત્મા એ યોગનો આધાર છે, આશ્રય છે, પાત્ર છે. જે યોગનું પાત્ર એ જ યોગનો વિષય. જો પાત્ર સારું હોય તો તેમાં આધેય (વસ્તુ) ટકી શકે છે. જેમાં યોગ ટકી શકે એવો આત્મા એ યોગનો વિષય છે. આ યોગના વિષયને જણાવતાં ગ્રંથકારશ્રી પાંચમી ગાથાની ટીકામાં ફરમાવે છે કે - परिणामिजीवलक्षणो विषयः । જો આત્માને પરિણામી માનીએ તો જ તે યોગનો વિષય બની શકે. યોગની સાધના દ્વારા આપણે આપણા પરિણામી એવા આત્મામાં મોક્ષરૂપ ધર્મને સ્થાપિત કરવાનો છે. જ્યારે જ્યારે તીર્થંકર ભગવન્તોનું સમવસરણ રચાય ત્યારે ત્યારે એ સમવસરણમાં બેસીને યોગમાર્ગની દેશના આપતાં તેઓશ્રી આત્માની પરિણામિતાનું વર્ણન કરે છે. એ દેશનામાં ભગવાન સાત નય, ચાર નિક્ષેપા અને સપ્તભંગીનું સ્વરૂપ સમજાવીને મોહના વિષને દૂર કરે એ રીતે આત્માની પરિણામિતાનું નિરૂપણ કરે છે. આત્માની પરિણામિતાના શ્રવણમાં અને ચિંતનમાં એ સામર્થ્ય છે કે જે આત્માને મોહના સામ્રાજ્યમાંથી બહાર કાઢે છે. મોહનું સામ્રાજ્ય જ્યાં સુધી આપણા આત્મા પર વર્ત્તે છે ત્યાં સુધી યોગમાર્ગની છાયા પણ આત્મા પર પડી શકે એવું નથી. ભગવાનની દેશના નયનિક્ષેપાદિના નિરૂપણ દ્વારા આત્માદિ તત્ત્વોની સિદ્ધિને કરાવી આપે છે માટે તે ષટ્ (છ) મહિનાની ભૂખ-તરસને શમાવે છે, માત્ર દેવતાઈ સંગીતના કારણે નહિ ! ભગવાનની દેશનાના સ્વરૂપને જણાવનારા સ્તવનાદિને મોટે મોટેથી લલકારનારા આપણે એ દેશનાના સ્વરૂપને યથાસ્થિતપણે યાદ રાખી એને અનુરૂપ આચરણ કરીએ અને અર્થહીન બધું આચરણ દૂર કરીએ તો જ આપણાં પાપનું પ્રક્ષાલન થશે ને મોક્ષ નજીક બનશે. પણ આ બધું આપણે બોલીએ એટલું સહેલું નથી. દેશનાને અનુરૂપ આચરણને તો બાજુએ રાખીએ, પણ અત્યારે જિનેશ્વર ભગવંતોની વાણીને સાંભળવા કે સમજવા પણ કેટલા રાજી ? વ્યાખ્યાનમાં જો આત્માની પરિણામિતા કે અપરિણામિતાની વાતો આવે તો તે કેટલા શ્રોતાને ગમે ? એવી વાતો કરનારા વક્તાનું વ્યાખ્યાન જામે ખરું ? પરિણામી આત્મા એટલે શું,

અપરિણામી આત્મા એટલે શું, આત્માને પરિણામી માનીએ તો શું લાભ થાય, અને પરિણામી ન માનીએ તો શું વાંધો આવે... એ જાણવાનું, સમજવાનું આપણને મન ખરું ? નહિ ને ? કારણ કે તે માટે તો શાસ્ત્રનો અભ્યાસ કરવો પડે. શાસ્ત્રમાં તો નયનિક્ષેપા ને સપ્તભંગીની વાતો આવે. તે સમજવા માટે મનને એકાગ્ર કરવું પડે, કાયાને સ્થિર કરવી પડે, માથું ઠેકાણે રાખવું પડે ને બીજાં બધું જ ભૂલી જવું પડે - એ બધું આપણને પાલવે ? આપણે તો 'કામવાળા' માણસ ને ? શાસ્ત્રોને સાંભળવા કે સમજવા સિવાયનાં બીજાં ઘણાં કામો કરવાનાં આપણે બાકી છે, માટે તેનો સમય ક્યાંથી મળે ? આપણાં કામોની રોજ ચિંતા કરનારા આપણે, 'મારે મોક્ષે જવાનું બાકી છે' એવી ચિંતા કયા દિવસે કરી ? એકવાર પણ એવી ચિંતા થઈ હોત તો ભણવાનો વિચાર આવત ! કેવળજ્ઞાનીના શાસનમાં જન્મેલા અને પોતાને ધર્મી કહેવડાવનારા આપણે, કેવળીપ્રરૂપિત ધર્મશાસ્ત્રોનું જ્ઞાન મેળવવા આપણી જિંદગીમાં કેટલો પુરુષાર્થ કર્યો ? હજી પણ એટલી તૈયારી ખરી કે જેટલી જિંદગી બાકી છે તેમાં પણ જેટલું પમાય એટલું તત્ત્વજ્ઞાન પામીને જ જવું છે ? ભગવાનની દેશના નયનિક્ષેપાગર્ભિત હોય અને આપણને શાસ્ત્ર ભણતાં ભણતાં પણ નયનિક્ષેપાની વાતો આવે તો માથું ભમવા માંડે - એ કેમ ચાલે ? વિકથામાં દિવસો પસાર કરવાને બદલે સત્કથામાં દિવસો પસાર કરે તો જ્ઞાન સારામાં સારું પ્રાપ્ત કરી શકાય. જો કાળનો પ્રભાવ કહેતા હો તો, તે તો બધા ઉપર પડે ને ? બધાને જ જ્ઞાનનો અભાવ થાય. જ્યારે આ કાળમાં તો ઘણાં સાધુ-સાધ્વી સારામાં સારું જ્ઞાન પામી ચૂક્યાં છે. જીવની અયોગ્યતાના કારણે કે પ્રયત્નના અભાવમાં કોઈ જ્ઞાન ન પામ્યા હોય ત્યાં કાળનો પ્રભાવ ન મનાય. પહેલું સંઘયણ, ચૌદ પૂર્વનું જ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ વગેરે ન મળે એમાં ચોક્કસ કાળનો પ્રભાવ છે. પણ જેટલું જ્ઞાન આ કાળમાં વિદ્યમાન છે તેટલું પણ જો ન મળ્યું હોય તો તેમાં કાળનો પ્રભાવ નથી, ન ભણવાની વૃત્તિનો જ પ્રભાવ છે ! જ્ઞાનનું અર્થીપણું જાગે તો ન સમજાવા છતાં આનંદ આવે અને એ આનંદને લઈને જ પ્રવૃત્તિ ક્યારે પણ છૂટે નહિ. અહીં થોડું ઉપયોગપૂર્વક સાંભળે તો ન સમજાય એવું કશું નથી.

યોગ, ફળની સિદ્ધિ ત્યારે જ કરાવે કે જ્યારે તે ઉત્તમ પાત્રમાં હોય. પાત્ર શુદ્ધ હોય તો જ આધેયની રક્ષા થઈ શકે. માટે યોગના પાત્રની શુદ્ધિને સૌથી પહેલાં વિચારવાની. એવા સુંદર પાત્રમાં રાખેલી વસ્તુ પણ સુંદર હોવી જોઈએ. માટે યોગના પાત્રની શુદ્ધિ પછી યોગના સ્વરૂપની શુદ્ધિ વિચારવાની. અને સુંદર પાત્રમાં રહેલી સુંદર વસ્તુ પણ જો સુંદર ફળને આપનારી હોય તો જ તેની કિંમત. માટે વિષય અને સ્વરૂપ પછી યોગના ફળની શુદ્ધિને વિચારવાની. પરિણામી આત્મા એ યોગનો વિષય છે. સર્વ પદાર્થોમાં ઉચિત પ્રવૃત્તિ કરવી એ યોગનું સ્વરૂપ છે ને સકલ દોષોની હાનિ અને સકલ ગુણોની પૂર્ણતારૂપ મોક્ષ એ યોગનું ફળ છે. ત્રણમાંથી એક પણ તત્ત્વ જો વિકૃત થાય તો બીજાં બધાં જ તત્ત્વો વિકૃત થઈ જાય. દાળમાં માત્ર મીઠું વધારે પડે તો મીઠું નકામું ગયું કહેવાય કે આખી દાળ બગડી કહેવાય ? એક વસ્તુમાં ફેરફાર થાય તો સમસ્ત વસ્તુ નકામી જાય. માટે દરેકની શુદ્ધિ વિચારવાની. તેમાં સૌથી પહેલી વિષયશુદ્ધિમાં આપણે જોયું કે આત્મા પરિણામી હોય તો જ યોગનું પાત્ર બની શકે. સમયે સમયે વસ્તુના સ્વરૂપમાં ફેરફાર થવો તેનું નામ પરિણામિતા. પ્રત્યેક સમયમાં આત્માની જે પરિવર્ત્તનશીલ અવસ્થા, એ જ આત્માની પરિણામિતા. આત્મા, તત્ત્વરૂપે (આત્મદ્રવ્યરૂપે) એક જ સરખો હોવા છતાં પણ આત્માની પૂર્વાવસ્થા અને ઉત્તરાવસ્થામાં જે વિલક્ષણતા અનુભવાય છે તે આત્માની પરિણામિતાના કારણે છે. પૂર્વે જે આત્મા સુખનો અનુભવ કરતો હોય તે જ આત્મા બીજી ક્ષણે (ઉત્તરક્ષણે) દુઃખને અનુભવે છે. આ વસ્તુ આપણા અનુભવ બહારની નથી. જો આત્માના સ્વરૂપમાં ફેરફાર જ ન થતો હોય તો સુખી આત્મા કાયમ માટે સુખને જ અનુભવે અને દુઃખી કાયમ દુઃખી જ રહે, પરંતુ આવું તો નથી બનતું. માટે નક્કી જ છે કે આત્મા પરિણામી છે. જેઓ આત્માને અપરિણામી માને છે તેઓ એક જ આત્માના સુખદુઃખના અનુભવને સંગત નહિ કરી શકે. કારણ કે આત્મા કાયમ માટે એક જ અવસ્થામાં રહે છે - એવું માનવું તે આત્માની અપરિણામિતા કહેવાય. તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલું પણ પરાવર્ત્તન વસ્તુસ્વરૂપમાં ન આવે તેનું નામ અપરિણામિતા. ઘણા દર્શનકારો આત્માને આવો અપરિણામી માને છે. તેમના મતે આત્મા કાયમ માટે શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર છે. તેઓ આત્માને એકાન્તે શુદ્ધ બુદ્ધ નિરંજન નિરાકાર માને છે, તેથી તેમની વાત સંગત થતી નથી. આશય એ છે કે શુદ્ધ એટલે કેવલ - એકલો આત્મા. રાગાદિ દોષથી સહિત ન હોય તે આત્મા શુદ્ધ કહેવાય, પરંતુ ગુણથી પણ સહિત ન હોય તે શુદ્ધ ન કહેવાય. અજ્ઞાનરહિત આત્મા બુદ્ધ કહેવાય છે, જ્ઞાનથી પણ રહિત હોય તે બુદ્ધ ન કહેવાય. સંસારસંબંધી કોઈ રંગ ન લાગે તે નિરંજન કહેવાય, ધર્મનો પણ રંગ ન લાગે તે નિરંજન ન કહેવાય. તેમ જ

કર્મના આકારને ધારણ ન કરે તે નિરાકાર કહેવાય, જ્ઞાનના પણ આકાર ધારણ ન કરે તે નિરાકાર ન કહેવાય. તેથી આત્મામાં શુદ્ધતા વગેરે ધર્મો પણ અમુક અપેક્ષાએ ઘટે છે, સર્વથા નહિ. છતાં આત્માને સર્વપ્રકારે એકાન્તે શુદ્ધ બુદ્ધ નિરંજન નિરાકાર માની લઈએ તો જ્ઞાનાદિથી પણ રહિત એવો આત્મા માનવો પડશે – એટલે કે આત્માનું અસ્તિત્વ જ નહિ રહે અને આ દોષને ટાળવા માટે, 'આત્મા દોષરહિતપણે જ શુદ્ધ છે, ગુણરહિતપણે નહિ...' ઇત્યાદિ જો બોલવા જાય તો અન્યદર્શનકારનો એકાન્તવાદ જ ઊડી જશે. કારણ કે આ રીતે 'અમુક અપેક્ષાએ ધર્મ ઘટે પણ અમુક અપેક્ષાએ ધર્મ ન ઘટે...' આવું તો અનેકાન્તવાદી જ બોલી કે માની શકે. માટે અન્યદર્શનમાં જણાવેલી અવસ્થા પણ સ્યાદ્વાદમતે જ ઘટી શકે છે. એકાન્તવાદને માનનારા પોતાના દર્શનમાં બતાવેલા પદાર્થોને પણ સંગત કરવા સમર્થ નથી. તે માટે પણ તેમને સ્યાદ્વાદનો જ આશરો લેવો પડે છે. એ જ રીતે આત્મા, આત્મદ્રવ્યરૂપે અપરિણામી હોવા છતાં સુખી કે દુ:ખીરૂપે પરિણામી પણ છે. છતાં આત્માને એકાન્તે અપરિણામી માનવામાં આવે અને કાયમ માટે શુદ્ધ જ માની લઈએ તો આત્માનો કર્મ સાથે યોગ જ નહિ સંભવી શકે અને જો કર્મ સાથે સંયોગ ન થાય તો આત્માનો સંસાર પણ નહિ ઘટે. જે આત્માનો સંસાર જ ન હોય તેને સંસારથી મુક્ત થવાનું પણ નહિ રહે. તેથી અંતે મુક્તિના ઉપાય તરીકે કરેલી સમસ્ત યોગશાસ્ત્રોની રચના પણ નિરર્થક જશે. આથી સ્પષ્ટ છે કે આત્માના સ્વરૂપમાં ફેરફાર થાય છે એ માન્યા વગર ચાલે એવું નથી. અને એ જ આત્માની પરિણામિતા છે. આત્મા અસંખ્ય પ્રદેશમાં પણ રહે છે ને સંપૂર્ણ લોકાકાશમાં પણ રહે છે. આત્મા મનુષ્યરૂપે પણ હોય, દેવરૂપે પણ હોય, તિર્યંચરૂપે પણ હોય ને નારકરૂપે પણ હોય. એક મનુષ્યભવમાં પણ બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા વગેરે અનેક અવસ્થાઓને એક જ આત્મા અનુભવે છે માટે આત્મા પરિણામી છે. આત્મા શુદ્ધ બુદ્ધ છે તેની ના નહિ, પણ એ મોક્ષમાં ગયા પછી. તે પહેલાં તો તે અશુદ્ધ છે અબુદ્ધ છે, અંજનયુક્ત છે ને સાકાર છે. અશુદ્ધ જ શુદ્ધ થાય છે, અબુદ્ધ જ બુદ્ધ થાય છે. સંસારી જ મુક્ત થાય છે. આ રીતે પૂર્વાવસ્થાથી વિલક્ષણ એવી ઉત્તરાવસ્થા એક જ આત્મામાં હોવાથી આત્મા પરિણામી છે અને એ પૂર્વાવસ્થામાંથી ઉત્તરાવસ્થામાં જવા માટે સકલ યોગશાસ્ત્રોની રચના છે. માટે પરિણામી આત્મારૂપ વિષયમાં જ યોગ ટકે છે.

આ રીતે આત્માની પરિણામિતા જો સિદ્ધ થઈ જાય તો જ આત્મા સિવાયનાં બીજાં પણ તત્ત્વો ઘટી શકે છે. આત્મા પરિણામી છે માટે જ તેની સાથે દૂધ અને પાણીની જેમ, લોહ અને અગ્નિની જેમ – એકમેક થવારૂપે કર્મનો સંયોગ થાય છે. આત્માનો હવા સાથે પણ સંબંધ થાય છે છતાં તેની સાથે એકમેક થવા રૂપ સંયોગ નથી થતો. કારણ કે આત્મામાં કર્મને જ ગ્રહણ કરવાનો સ્વભાવ છે, હવાને નહિ. આને આત્માનો ગ્રાહક સ્વભાવ કહેવાય છે. અને કર્મનો (કાર્મણવર્ગણાનાં પુદ્ગલોનો) આત્મા વડે ગ્રહણ થવાનો સ્વભાવ છે તેને કર્મનો ગ્રાહ્યસ્વભાવ કહેવાય છે. કર્મના અને આત્માના આ ગ્રાહ્ય-ગ્રાહક સ્વભાવના કારણે જ આત્મા કર્મ બાંધે છે અને અનાદિ કાળથી સંસારમાં ભટકે છે. આત્માની આ કર્મગ્રહણની યોગ્યતા નાશ પામે તો જ આત્માનો મોક્ષ થાય. ગ્રાહકની યોગ્યતા નાશ પામે તો ગ્રાહ્યની યોગ્યતા પણ નાશ પામવાની જ. તમારે ત્યાં પણ શું ચાલે છે ? જે માલની માંગ ઘટી જાય, જેના ઘરાક બંધ થઈ જાય એ માલ બજારમાં મળે કે તેની ઉત્પાદક કંપનીઓને પણ તાળાં દેવાય ? અમારે ત્યાં પણ એવું જ છે. આત્માની ગ્રાહકતા ગયા પછી કર્મની ગ્રાહ્યતા ક્યાં સુધી ટકે ? આપણો સ્વભાવ જો સુધરી જાય તો બીજાનો સ્વભાવ સુધારવાની જરૂર જ નહિ પડે. એનો સ્વભાવ એની મેળે જ સુધરી જશે અને કદાચ બીજાનો સ્વભાવ પણ ન સુધરે તોય આપણને તો એનો સ્વભાવ નહિ નડે. આત્મામાંથી એકવાર કર્મબંધની યોગ્યતા ટળી એટલે કર્મ કોઈ પણ રીતે આત્માને વળગતું નથી. કર્મનો ગ્રાહ્ય સ્વભાવ હોવા છતાં, તે આત્મા માટે તો કર્મનો ગ્રાહ્ય સ્વભાવ નાશ પામી જ જાય છે. મોક્ષે જવા માટે સૌથી પહેલાં કર્મબંધની યોગ્યતા ટળે એવો પુરુષાર્થ કરવાની જરૂર છે. ભવ્યત્વ એટલે સિદ્ધિગમની યોગ્યતા અને સિદ્ધિગમનની યોગ્યતા એટલે કર્મબંધ ટાળવાની યોગ્યતા. એ યોગ્યતા કેળવવા પહેલાં યોગના સ્વરૂપની શુદ્ધિ વિચારવી પડશે. કોઈ પણ સ્થાને આજ્ઞાનો બાધ ન આવે એ રીતે ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ કરવી એ યોગનું સ્વરૂપ છે. યોગ જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ છે. ક્રિયા જેમ ફળને સાધી ન આપે તો નકામી ગણાય છે તેમ જ્ઞાન પણ પ્રયોજનને સિદ્ધ ન કરી આપે તો નકામું છે. નિશ્ચયનયનું જ્ઞાન કયું ? અર્થક્રિયાકારી હોય તે. શાસ્ત્રનાં પાનાં એ જ્ઞાન નથી અને અભવ્યની ક્રિયા (બાહ્યક્રિયા) એ ક્રિયા નથી. કર્ત્તવ્યતાનું જ્ઞાન એ જ્ઞાન અને કર્ત્તવ્યતાનો અધ્યવસાય એ ક્રિયા. 'સંસારથી ભાગી છૂટવા અને મોક્ષમાં જવા મારે શું શું

કરવું જોઈએ' એવા પ્રકારના કર્ત્તવ્યને જાણવાનો પરિણામ તેને જ્ઞાન કહેવાય, માત્ર જાણવું તે જ્ઞાન નહિ. અને એવું જ્ઞાન મળ્યા પછી એ દરેક ઉપાયોને સેવવાનો અધ્યવસાય તેને ક્રિયા કહેવાય, માત્ર કરવું તે ક્રિયા નહિ. બાહ્યક્રિયા(દ્રવ્યક્રિયા)માં પણ પ્રધાનતા ત્યારે જ આવે કે જ્યારે તેમાં કર્ત્તવ્યતાનો અધ્યવસાય પ્રગટાવવાનું મન હોય. જ્ઞાન અને ક્રિયા : બેથી મોક્ષ થાય છે - એમ બોલવાનું. પરંતુ તેમાં ક્રિયાથી એકલી બાહ્ય ક્રિયા નહિ લેવાની. ક્રિયાનો અધ્યવસાય એ જ મોટામાં મોટી ક્રિયા. કર્ત્તવ્યતાના અધ્યવસાય વગરની એકલી ક્રિયાથી જો મોક્ષ થતો હોય તો અભવ્યને મોક્ષમાં મોકલી આપવા પડશે અને ભરત મહારાજા, પૃથ્વીચંદ્ર ગુણસાગર... એ બધાને મોક્ષમાંથી પાછા બોલાવવા પડશે. તંદુલિયા મત્સ્યને કર્મ વળગે ને ભરત મહારાજાને ન વળગે !... કંઈ સમજાય છે ? હૈયું વાંચવાની તાકાત ન હોય ત્યાં સુધી મોઢા પર પટ્ટી મારવાની. શાસ્ત્રો વાંચવાની યોગ્યતા નહિ પ્રગટે ત્યાં સુધી હૈયાં વાંચવાની પણ યોગ્યતા નહિ આવે. આત્માના, કર્મના અને યોગના સ્વરૂપને જે જાણે તેની જવાબદારી ઘણી વધે છે. કેવલ બાહ્ય ક્રિયાના આધારે ફળનું માપ તો તમે વ્યવહારમાં ય નથી કાઢતા ! તિરસ્કારથી જમવા આપે તો ગળે ઊતરે કે પ્રેમથી પીરસે તો ? કેમ ? આપણે તો પેટ ભરવાથી કામ, એમાં ભાવની શી જરૂર ? પ્રસન્નચિત્તે ખાય તો ખાધેલાનું લોહી થાય ને જીવ બાળીને ખાય તો હોય એ પણ લોહી બળી જાય - બરાબર ને ? ખાવા માટે પણ જેમને ભાવની - પ્રેમની અપેક્ષા છે તેવાઓ કોઈ પણ જાતનો ભાવ કે પ્રીતિ કેળવ્યા વગર અહીં ક્રિયાઓ કર્યે રાખે તેને યોગ ફળે ક્યાંથી ? બાહ્ય ક્રિયા જેમ મોક્ષનું કારણ નથી તેમ કોરું જ્ઞાન પણ મોક્ષનું કારણ નથી. અભવ્યને નવ પૂર્વનું જ્ઞાન પણ કેવળજ્ઞાન ન અપાવે અને માષતુષમુનિને એકે પૂર્વનું જ્ઞાન નહિ છતાં કેવળજ્ઞાન મળે ! મોક્ષસાધક શું ને મોક્ષબાધક શું એનો નિશ્ચય કર્યા વગર ગમે તેટલું ભણે કે ગમે તેટલી ક્રિયા કરે, તેવાનો નિસ્તાર ન થાય. જે કર્મને મજબૂત બનાવે એવું જ્ઞાન હોય કે ક્રિયા તે મોક્ષબાધક છે અને જે કર્મને દુર્બલ બનાવે તે જ્ઞાન અને ક્રિયા મોક્ષસાધક છે. પાપની ક્રિયા કરવાથી મુક્તિ નથી અટકતી, ધર્મની ક્રિયા કરવાથી સંસાર છૂટી જતો નથી. પાપની ઉપાદેયબુદ્ધિથી મુક્તિ અટકે છે અને પાપને હેય માનવાથી સંસાર છૂટે છે. પાપની ક્રિયા હોય કે ધર્મની, પાપની ઉપાદેયતા જો હોય તો એ ક્રિયા કર્મને મજબૂત જ કરવાની ને સંસારને વધારવાની જ. પાપમાં હેયબુદ્ધિ આવે એટલે કર્મ દુર્બલ બનવા માંડે. પાપની ઉપાદેયતા સંસારના સુખના રાગમાંથી જન્મે છે. સુખનો રાગ પડ્યો છે ત્યાં સુધી પાપમાં હેયબુદ્ધિ જાગવાની જ નથી. આ સુખનો રાગ યોગમાર્ગનો મોટામાં મોટો શત્રુ છે. મોક્ષે લઈ જાય એવાં જ્ઞાન-ક્રિયાને આવવા જ ન દે અને મળેલા પુષ્કળ જ્ઞાનને તેમ જ આત્મસાત્ થયેલી ક્રિયાઓને પણ મોક્ષબાધક બનાવે એવો આ સંસારના સુખનો રાગ છે. યોગના વિષય-સ્વરૂપ-ફલની શુદ્ધિને સમજવા માટે આ બધી વસ્તુ ખૂબ જ ધ્યાનપૂર્વક વિચારવાની જરૂર છે. આવી વિચારણા બીજાને નજર સામે રાખીને નહિ, પોતાના આત્માને અનુલક્ષીને કરવાની છે. ભગવાનનું શાસન દર્પણજેવું છે. એમાં આપણે આપણા પોતાના આત્માનું દર્શન કરવાનું છે. સકલ યોગદર્શનકારોની માન્યતા પણ વસ્તુતત્ત્વને સમજવાપૂરતી વિચારવાની છે, 'શાસ્ત્રકારો આમ કહે છે ને બધા આમ કરે છે.' એવું કહેવા માટે નહિ. 'શાસ્ત્રકારો આમ કહે છે ને હું આમ કરું છું' એવી ચિંતા જેને થાય એ જ શાસ્ત્રો ભણવા કે સાંભળવા માટે યોગ્ય છે.

સકલદર્શનકારો જે યોગને મોક્ષના હેતુ તરીકે બતાવે છે એ યોગ મોક્ષસાધક કઈ રીતે બને છે - એ વિચારતાં આપણે જોઈ આવ્યા કે જો આત્માને પરિણામી-નિત્યાનિત્ય ન માનીએ તો ઉચિતપ્રવૃત્તિરૂપ યોગ એમાં ટકી ન શકે. જે યોગ યોગ્ય પાત્રમાં ન હોય અને જે યોગનું સ્વરૂપ શુદ્ધ ન હોય તે યોગ મોક્ષરૂપ ફળને સાધી આપવા સમર્થ નથી બની શકતો. અલંકાર શરીરની શોભા વધારે, પણ ક્યારે ? જ્યારે અલંકારને પહેરનાર કદરૂપો ન હોય અને એ અલંકાર યથાસ્થાને ધારણ કરે તો. જે પોતે કદરૂપો હોય એની શોભા અલંકારથી ન વધે. તે જ રીતે રૂપવાન પણ પગનું અલંકાર માથે ધારણ કરે તો તેય હાંસીપાત્ર જ બને. પાત્ર અને સ્વરૂપની સાથે ફલની શુદ્ધિ પણ એટલી જ આવશ્યક છે. વિષય અને સ્વરૂપથી શુદ્ધ વસ્તુ, મુખ્ય ફળને આપનારી હોય તો તેની ફલશુદ્ધિ મનાય. લોકો સાધનમાં પ્રવૃત્તિ મુખ્ય ફળને પામવા માટે કરતા હોય છે. ગૌણ ફળ સિદ્ધ થતું હોવા છતાં ગૌણ ફળ માટે કોઈ પ્રવૃત્તિ નથી કરતું. જમતી વખતે સ્વાદ પણ આવે છતાં લોકો રસોઈ શેના માટે કરે છે - પેટ ભરવા કે સ્વાદ લેવા ? જે ખાવાથી સ્વાદ આવે પણ પેટ ન ભરાય તેને રસોઈ કહેવાય ? ખેતી કરતાં ઘાસ પણ ઊગે છતાં ખેતી ઘાસ માટે કરાય છે કે અનાજ માટે ? જેમાં માત્ર ઘાસ ઊગે અને અનાજ ન પાકે તેને ખેતી કહેવાય ? એ જ રીતે અલંકારના પણ બે ફળ મનાય છે : એક તો શરીરની શોભા અને બીજાું આપત્તિમાં નિર્વાહ.

તમે અલંકાર શેના માટે રાખો છો ? માત્ર શોભા વધારવા કે આપત્તિ વખતે વેચીને નિર્વાહ પણ થઈ શકે - એ માટે ? તમે વાણિયા છો ને ? તમે કેવા અલંકારો રાખવાનું પસંદ કરો ? માત્ર શરીરશોભા માટે તો બનાવટી અલંકાર પણ ચાલે ને ભાડાના અલંકાર પણ ચાલે. પણ એ ભાડાના કે બનાવટી અલંકાર આપત્તિ વખતે કામ લાગે ? નહિ ને ? એ જ રીતે અહીં પણ અન્ય-યોગદર્શનકારોની મોક્ષસાધકતાની વાતો ભાડાના અલંકાર જેવી છે. એ વાતોથી માત્ર તેમનાં શાસ્ત્રો શોભે, પણ એવાં શાસ્ત્રોના આધારે આજ સુધી કોઈ આત્મા સંસારરૂપી મહાઆપત્તિમાંથી પાર પામીને મોક્ષે ગયો નથી અને જશે પણ નહિ. અન્ય દર્શનકારોને ત્યાં મોક્ષની વાતો મળે છે પણ મોક્ષ નથી મળતો - એ સમજાવવા માટે જ સર્વદર્શનગ્રાહ્ય એવા પણ આ ગ્રંથમાં તે તે દર્શનની અસંગતિઓ બતાવવાનું કામ હવે ગ્રંથકારશ્રી આગળની ગાથાઓથી કરે છે. શાસ્ત્રકારોની આ એક વિશેષતા છે કે સર્વદર્શનનો ગ્રાહ્ય ગ્રંથ બનાવતા જાય અને એમાં તે તે દર્શનની ક્ષતિઓ બતાવવાનું પણ કામ કરે. આપણને એ ફાવે ? જે તત્ત્વ પામેલો હોય તેને તત્ત્વ કેવી રીતે પમાડવું એ આવડે. મધ્યસ્થતા તત્ત્વ પામતી વખતે રાખવાની હોય, તત્ત્વ પમાડતી વખતે નહિ ! ન્યાયાધીશ કેવા હોય ? પહેલા મધ્યસ્થતા રાખે ને પછી ધીરે ધીરે ચુકાદો આપે - એ ચુકાદામાં બધાને સાચા કહે ? બધાની વાત સાચી માનનારો ન્યાયાધીશ બની શકે ? દસ ખોટાની વાત ખોટી છે અને એક સાચાની વાત સાચી છે - એમ કહેવાની હિંમત જેની હોય તે જ ન્યાયાધીશ થઈ શકે. વસ્તુસ્થિતિને જાણવા માટે ન્યાયાધીશ વાત બધાની સાંભળે પણ જ્યારે ચુકાદો આપવાનો વખત આવે ત્યારે 'બધા પોતપોતાની અપેક્ષાએ સાચા છે' એમ કહે કે એકપક્ષી ચુકાદો આપે ?... સત્યપક્ષના સ્થાપન માટે અસત્પક્ષનું નિરાકરણ પણ કરવું જ પડે. એ આશયથી જ અહીં યોગના વિષયાદિની શુદ્ધિની વિચારણામાં સ્વપક્ષનું સ્થાપન કરવા સાથે અન્ય પક્ષોના નિરાકરણીય પદાર્થો ઉપર પણ થોડો વિચાર કરવામાં આવ્યો છે. બધા દર્શનકારો મોક્ષને માને છે માટે જ તેમના મત પર વિચારણા કરવી છે. બાકી તો જેઓ આત્માને પણ ન માનતા હોય તેવાની તો વાત જ કરવી નથી. મોક્ષની ઈચ્છા હોવા છતાં જેઓ મોક્ષના અને મોક્ષમાર્ગના વાસ્તવિક સ્વરૂપને જાણતા નથી તેઓ માટે જ આટલો પ્રયાસ છે. યોગમાર્ગની સાધનામાં મોક્ષની ઈચ્છાનું પ્રાધાન્ય છે - એની ના નહિ પરંતુ સાથે સન્માર્ગની પ્રાપ્તિ પણ એટલી જ મહત્ત્વની છે. અજ્ઞાનના કારણે; મોક્ષની ઈચ્છાથી ગમે ત્યાં - ગમે તે આરાધના કરે તો તેથી મોક્ષબાધક સામગ્રીનો બાધ થાય છે - એ ખરું. પરન્તુ માત્ર બાધકના નાશથી કાર્યસિદ્ધિ થતી નથી. કારણસામગ્રીમાં બાધકનો અભાવ ઉપયોગી હોવા છતાં માત્ર તેટલાથી નિસ્તાર થતો નથી. સાથે સાધકસામગ્રીનો યોગ હોય તો જ કાર્ય સિદ્ધ થાય. બાધકનો અભાવ તો સહકારી કારણ છે - પ્રયોજક છે. ઘણી વાર તો સાધક સામગ્રી જો બલવાન હોય તો તે જ બાધકનો નાશ પણ કરી આપે છે. માટે મોક્ષબાધકના નાશ સાથે મોક્ષસાધકની પ્રાપ્તિ પણ થાય - એ રીતે પુરુષાર્થ કરવાની જરૂર છે. મોક્ષસાધક સામગ્રી માટે; માત્ર મોક્ષની ઈચ્છાથી નિસ્તાર નહિ થાય : સાથે મોક્ષમાર્ગનું યથાર્થજ્ઞાન કરાવનાર સદ્ગુરુ ભગવન્તનો યોગ પણ જોઈશે. સદ્ગુરુ ભગવન્તના યોગે - અજ્ઞાનરૂપી અંધકાર દૂર થવાથી તત્ત્વપ્રકાશની પ્રાપ્તિ થાય છે, સન્માર્ગનું જ્ઞાન થાય છે. આ અનાદિ સંસારમાં અનાદિકાળથી ભમતાં ભમતાં જીવને કર્મલઘુતા અને કાંઈક ઉજ્જવળ ભવિતવ્યતાના યોગે થયેલી મોક્ષની ઈચ્છા સદ્ગુરુ ભગવંતના સમાગમથી જ ફળીભૂત થાય છે. ઘણા જીવો એવા છે કે જેમને મોક્ષની ઇચ્છા થયા પછી પણ સુગુરુનો યોગ ન થવાથી એ ઈચ્છા પરિપૂર્ણ બની શકતી નથી. ઊલટું ઘણી વાર તો કુગુરુનો યોગ થવાથી, પ્રગટ થયેલી મોક્ષની ઈચ્છા પણ બાધિત કોટિની બની જાય છે અને લાંબા કાળે થયેલી કર્મલઘુતા પણ અંતે સંસારવૃદ્ધિનું કારણ બને છે. આથી જ શાસ્ત્રમાં યોગાવંચકયોગને (સુગુરુભગવંતના યોગને) મોક્ષપ્રાપ્તિના પ્રથમ અંગ તરીકે વર્ણવ્યો છે. મોક્ષની ઈચ્છા એ મોક્ષપ્રાપ્તિનું બીજ છે - એ ખરું, પરંતુ બીજ યોગ્ય ક્ષેત્રાદિનું સંનિધાન પામીને જ ફળરૂપે પરિણમવા સમર્થ બને છે. નહિ તો કોઠીમાં જ પડ્યું પડ્યું એ બીજ સડી જાય અથવા તો ઉખર ભૂમિમાં વાવેલું - અકાળે વાવેલું તે બીજ નકામું જાય ને મહેનત માથે પડે. તેમ સુગુરુનો યોગ થયા વિના મોક્ષની ઈચ્છા મોક્ષે પહોંચાડવા સમર્થ બનતી નથી. મોક્ષની ઈચ્છાનો વિકાસ અને પરિપૂર્ણતા, સુગુરુના યોગે સન્માર્ગની પ્રાપ્તિ થવાથી જ થાય છે. મોક્ષની ઈચ્છા એ તો યોગમાર્ગની યોગ્યતારૂપ છે, યોગની સાધનાની શરૂઆત સુગુરુ ભગવંતના સમાગમ-નિશ્રાથી થાય છે. સુગુરુના યોગે જીવને આત્માદિ તત્ત્વોનું પારમાર્થિક જ્ઞાન થાય છે અને ક્રમે કરીને વિષય, સ્વરૂપ અને અનુબંધથી શુદ્ધ એવા યોગમાર્ગને પામીને જીવ પરમપદને પ્રાપ્ત કરે છે. સુગુરુના યોગે, યોગની જે વિષયાદિશુદ્ધિનું જ્ઞાન થાય છે તે આપણે

સામાન્યથી જોઈ આવ્યા. હવે ગ્રંથકારશ્રી યોગની વિષયાદિશુદ્ધિને જણાવીને અન્ય દર્શનકારોના યોગની વિષયાદિશુદ્ધિ કઈ રીતે ઘટતી નથી, ઇત્યાદિ વિચારણા આગળની ગાથાઓથી કરે છે : તે આપણે જોઈએ : તેમાં પહેલાં યોગના વિષયની (પાત્રની) શુદ્ધિને છઠ્ઠી ગાથાથી જણાવે છે-

**आत्मा तदन्ययोगात्संसारी तद्वियोगतः ।**
**स एव मुक्त एतौ च तत्स्वाभाव्यात्तयोस्तथा ।।६।।**

આત્મા, પોતાનાથી ભિન્ન એવા કર્મના સંયોગના કારણે સંસારી કહેવાય છે અને તે કર્મનો વિયોગ થવાથી તે જ આત્મા મુક્ત થાય છે. આત્માની સાથે થતો કર્મનો સંયોગ આત્માને સંસારી બનાવવાના સ્વભાવવાળો છે અને કર્મનો (સર્વથા) વિયોગ આત્માને મુક્ત બનાવવાના સ્વભાવવાળો છે. આ રીતે આત્મા સાથે થનાર કર્મનો સંયોગ અને કર્મનો વિયોગ : એ બંન્ને તેવા પ્રકારના સ્વભાવવાળા હોવાથી આત્માનો સંસાર અને મોક્ષ ઘટે છે.

આશય એ છે કે અનાદિકાળથી આત્માનો કર્મની સાથે સંયોગ હોવાથી તે ચાર ગતિરૂપ સંસારમાં ભટકયા કરે છે. કર્મયુક્ત આત્માનો કર્મને ગ્રહણ કરવાનો સ્વભાવ હોવાથી જ તે સંસારી છે અને કર્મનો પણ તેવા કર્મસહિત આત્માને વળગવાનો સ્વભાવ હોવાથી તે કર્મ આત્માને સંસારી બનાવે છે. જ્યારે સુગુરુ ભગવંતના યોગે આત્માને પોતાના શુદ્ધ સ્વભાવનું અને કર્મની વિભાવદશાનું તાત્ત્વિક જ્ઞાન થાય છે ત્યારે તે કર્મના સંયોગને ટાળવા માટે અને કર્મના સર્વથા વિયોગને પ્રાપ્ત કરવા માટે યોગની સાધનાને સ્વીકારે છે. એ સાધનાના યોગે કર્મનો સર્વથા વિયોગ થવાથી એ જ આત્મા મુક્ત થાય છે. સંસાર અને મોક્ષરૂપ પર્યાયને આશ્રયીને આત્મા ભિન્ન હોવા છતાં આત્મદ્રવ્યરૂપે તે એક જ છે. જે આત્મદ્રવ્ય સંસારી છે તે જ મુક્ત બને છે, બીજાું નહિ. આ રીતે આત્મા પરિણામી નિત્ય હોવાથી અને કર્મનો પણ આત્મા પર ઉપઘાત-અનુગ્રહ કરવાનો સ્વભાવ હોવાથી જ; આત્મા, તેનો સંસાર, તેનો મોક્ષ... વગેરે તત્ત્વો પારમાર્થિક રીતિએ ઘટે છે. જેઓ આ રીતે આત્માદિ તત્ત્વોનો સ્વીકાર નથી કરતા, તેઓને ત્યાં આત્મા, એનો સંસાર, એનો મોક્ષ... વગેરે તત્ત્વો માત્ર ઔપચારિક રીતે જ ઘટે છે, વાસ્તવિકપણે નહિ : એ જણાવવા માટે સૌપ્રથમ સકલ યોગદર્શનકારોમાં અગ્રેસર તરીકે ગણાતા સાંખ્યદર્શન(પાતંજલયોગદર્શન)કારના મતને જણાવવા દ્વારા તેનું નિરાકરણ કરતાં સાતમી ગાથાથી ગ્રંથકારશ્રી ફરમાવે છે કે-

**अन्यतोऽनुग्रहोऽप्यत्र तत्स्वाभाव्यनिबन्धनः ।**
**अतोऽन्यथा त्वदः सर्वं न मुख्यमुपपद्यते ।।७।।**

સાંખ્યદર્શનમાં પ્રસિદ્ધ 'महेशानुग्रहाद् बोधनियमौ' આ વચનના આધારે, ઈશ્વરની કૃપાના કારણે થનાર શુદ્ધ જ્ઞાનક્રિયાની પ્રાપ્તિરૂપ ઉપકાર પણ અહીં - યોગની વિચારણામાં, મહેશ(ઈશ્વર)ના અનુગ્રહ(ઉપકાર)ને યોગ્ય એવા આત્મસ્વભાવરૂપ કારણવાળો છે. જો એ રીતે આત્માનો, ઈશ્વરના અનુગ્રહને ગ્રહણ કરવાનો સ્વભાવ ન માનીએ ને માત્ર મહેશાનુગ્રહના કારણે જ બધું થાય છે એમ માનીએ તો આત્મા, આત્માનો સંસાર, આત્માનો મોક્ષ વગેરે દરેક તત્ત્વો પરમાર્થથી નહિ ઘટે. કોઈ પણ વસ્તુમાં તેવા પ્રકારની યોગ્યતા વિના તે તે પ્રકારના કાર્યની નિષ્પત્તિ થતી નથી. જે રીતે કપાસ, સ્વભાવથી જ અયોગ્ય હોવાથી લાક્ષારસાદિથી રંગાવા છતાં રાગ(રંગ)ના આભાસને જ પામે છે, પણ તાત્ત્વિકરાગ(રંગ)ને પામતું નથી. તે રીતે અહીં પણ આત્મામાં તેવા પ્રકારની (પરમાત્માના અનુગ્રહને ઝીલવાની) યોગ્યતા વગર મહેશ દ્વારા કરાતા અનુગ્રહનિગ્રહ પણ તાત્ત્વિક નહિ માની શકાય. તેથી આત્માનો તેવો સ્વભાવ માનવો જ પડશે. અને આત્માનો એવો સ્વભાવ માની લીધા પછી એ સ્વભાવને લઈને જ આત્માના સંસાર-મોક્ષ ઘટતા હોવાથી પરમાત્માની કૃપાની કલ્પના કરવાની રહેતી નથી.

આશય એ છે કે સાંખ્યદર્શનકારો પરમાત્માની કૃપાથી જ બધું થાય છે - એમ માને છે. ઈશ્વરની મીઠી નજર થાય તો આપણો મોક્ષ થાય અને ઈશ્વરની માઠી નજર થાય તો આપણે સંસારમાં રખડીએ : આવી તેઓની માન્યતા છે. જ્યારે ગ્રંથકારશ્રી તેના નિરાકરણમાં જણાવે છે કે - આ સંસારનો નાશ પરમાત્માની કૃપાથી નથી થતો, પરંતુ સ્વપુરુષાર્થથી થાય છે. માત્ર એ પુરુષાર્થ કર્યા બાદ અહંકાર ન આવી જાય એ માટે સ્વપુરુષાર્થને ગૌણ બનાવી, પોતાની સિદ્ધિને પરમાત્માની કૃપાનું ફળ માનવામાં આવે છે. પરમાત્માની કૃપા એ કાંઈ તાત્ત્વિક વસ્તુ નથી, ઔપચારિક વસ્તુ છે. પુરુષાર્થ કર્યા બાદ તેના કારણે અહંકારાદિ દોષની ઉત્પત્તિ ન થાય એ માટે પરમાત્માની કૃપાની કલ્પના કરવામાં આવે છે. એ કલ્પના પણ ત્યારે જ સંગત થઈ શકે કે જ્યારે આત્મામાં તાદશ કૃપાની યોગ્યતા હોય. અસલમાં આપણને પુરુષાર્થ કરવાનું મન થયું - એ જ પરમાત્માની કૃપા છે. જે આત્મા પુરુષાર્થનો આદર કરે તે જ કૃપાને યોગ્ય બની

શકે. આત્માનો પુરુષાર્થ કરવાનો સ્વભાવ એ જ પરમાત્મકૃપાની યોગ્યતા છે. પુરુષાર્થ કરવાના સ્વભાવના કારણે જ પરમાત્મકૃપા ફળે છે. એવો સ્વભાવ ન હોય તો કૃપા કશું કરતી નથી. છતાંય પરમાત્માની કૃપામાત્રથી જ મોક્ષ થાય છે - એવું માનવામાં આવે તો પુરુષાર્થને રદિયો અપાઈ જાય. જે પુરુષાર્થના પાયા પર આત્માનો વિકાસક્રમ ગોઠવાયેલો છે તે પુરુષાર્થને જ જો રદિયો અપાય તો આત્માના વિકાસનો કોઈ માર્ગ જ નહિ રહે. ચૌદે ગુણઠાણા પુરુષાર્થના પાયા પર મંડાયેલા છે. તે તે ગુણની સિદ્ધિ એ પોતાના પુરુષાર્થનું ફળ હોવા છતાં આપણને ગર્વ ન આવે તે માટે કૃતજ્ઞતા દર્શાવવા પરમાત્માની કૃપા માનવાની છે, પુરુષાર્થનો બાધ કરવા માટે નહિ. એકાન્તે કૃપાને માને તો; અહંકાર તો જાય પણ સાથે પુરુષાર્થનો પણ બાધ થાય ને તેથી ફલ મળે નહિ. ભગવાનની કૃપાથી જ મોક્ષને માનનારાએ, મોક્ષે નહિ જનારા અયોગ્ય આત્માઓ ઉપર ભગવાને કૃપા નહિ કર્યાનું પણ માનવું પડશે ને એ રીતે ભગવાન પક્ષપાતી - રાગી અને દ્વેષી હોવાનું પણ માનવું પડશે. વાસ્તવમાં આવું મનાય નહિ. જ્યારે પુરુષાર્થ કર્યા પછી કૃપાને આગળ કરે તો કૃતજ્ઞતા પ્રગટે, અહંભાવ જાય અને મોક્ષ મળ્યા વગર ન રહે.

સાંખ્યદર્શનમાં પ્રસિદ્ધ એ વચન માત્ર અહંકારને દૂર કરવાના તાત્પર્યવાળું હતું. જ્યારે એ લોકોએ એ વચનના આધારે પુરુષાર્થને દૂર કરવાનું કામ કર્યું. વસ્તુના પરમાર્થ સુધી પહોંચ્યા વગર માત્ર શબ્દના આધારે અર્થ કરનારાઓની આ જ તકલીફ છે. જે વચન તારનારું હોય એ જ વચન એમને મારનારું બની જાય છે. માટે જ આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે કોઈ પણ શ્રુત પરમાર્થથી સમ્યક્ કે મિથ્યા નથી. સમ્યગ્દષ્ટિના હાથમાં જે શ્રુત આવે તે વ્યવહારથી મિથ્યાશ્રુત ગણાતું હોવા છતાં સમ્યગ્દષ્ટિને તે સમ્યગ્રૂપે જ પરિણમે છે. અને મિથ્યાદષ્ટિના હાથમાં ગયેલું સમ્યક્શ્રુત પણ મિથ્યારૂપે પરિણમે છે. તેથી શાસ્ત્રોના અર્થ પણ જ્ઞાની સદ્ગુરુ પાસે કરવા જોઈએ, પોતાની બુદ્ધિથી નહિ. તે તે શાસ્ત્રોના માર્ગાનુસારી અર્થ કરવા માટે આલંબનરૂપ બની રહે એવો આ યોગબિંદુ ગ્રન્થ છે. માત્ર શબ્દના કારણે મૂંઝાતા જીવોને આ ગ્રંથ ઉપયોગી છે. વર્તમાનના જીવોની એક ખાસિયત છે કે ઘણા લોકો કહે - એ માને. એક કહેતું હોય તો તેની સંગત વાત પણ ન માને. માટે એવા જીવોને ગ્રંથ ઉપાદેય બને એ આશયથી અહીં અન્યદર્શનની વિચારણા કરવામાં આવી છે. તે તે યોગશાસ્ત્રોના સંવાદી અંશોનો સ્વીકાર કરવાની સાથે વસ્તુતઃ તે તે ગ્રન્થોના વિસંવાદી (અસંગત) પદાર્થોનું નિરાકરણ કરવાનું કામ પણ ગ્રન્થકારશ્રીએ કર્યું છે. તેમાં સાંખ્યદર્શનના, વિસ્તારથી ખંડન માટે લગભગ ૨૫ જેટલી ગાથાઓ ફાળવી છે. એ વિષયમાં આપણે જોઈ આવ્યા કે સાંખ્યદર્શનકારો એમ માને છે કે - પરમાત્માની કૃપા થાય તો જ મોક્ષનો પુરુષાર્થ થાય. જ્યારે શાસ્ત્રકાર પરમર્ષિ ફરમાવે છે કે પુરુષાર્થ કરવાના કારણે જ પરમાત્માની કૃપા ફળે છે.

પુરુષાર્થસાપેક્ષ પરમાત્માની કૃપા ફલવતી છે : તેમાં ભગવાનનું સમવસરણ દૃષ્ટાંતરૂપ છે. ભગવાને એક જ સરખી દૃષ્ટિથી સમવસરણમાં બધાને જોયા હતા. છતાં પુરુષાર્થ વિનાનાને કાંઈ અસર ન થઈ. પ્રખર વિદ્વત્તા હોવા છતાં ત્રણસો ત્રેસઠ પાંખડીઓને કાંઈ મળ્યું નહિ. જેણે જેણે સમજવાનો પુરુષાર્થ કર્યો તે તરી ગયા. જેણે જેણે ખંડન કરવાનું કામ કર્યું તે બધા પરમાત્માની 'કૃપા' મળ્યા પછી પણ ડૂબી ગયા. ભગવાન તો આપવાયોગ્ય દેશના પહેલા જ સમવસરણમાં આપી દે છે. એ દેશના જ્યારે સમજાય અને રુચી જાય ત્યારે ભગવાનની કૃપા થઈ સમજવી. મેઘ જેમ લોકોના ઉપકાર માટે વરસતો નથી છતાં જેનું પાત્ર છતું હોય તેને તે લાભ કરે છે; તેમ તીર્થંકર પરમાત્મા પણ લોકોના હિત માટે દેશના નથી આપતા; છતાં જે, તે દેશનાને ઝીલે તેનું હિત થાય છે. જેઓ પહેલી વાર સમવસરણમાં પામવા માટે આવ્યા તેઓ પામી ગયા અને બીજે દિવસે જૂનું સાચવવા અને નવું મેળવવા માટે પાછા આવ્યા. ભગવાને કોઈને બોલાવ્યા નથી. દેવો પણ કોઈને બોલાવતા નથી. ભગવાન જ્યારે વરસીદાન આપે ત્યારે લોકોને દાન ગ્રહણ કરવા માટે દેવતાઓ ઘોષણા કરે છે કે 'वरं वृणुत, वरं वृणुत'. પરંતુ સમવસરણ માંડ્યા પછી દેવતાઓ કદી ઘોષણા નથી કરતા કે - 'तत्त्वं शृणुत, तत्त्वं शृणुत'. કારણ કે દેવતાઓ જાણે છે કે તત્ત્વજ્ઞાન એ પ્રચાર કરવાની વસ્તુ નથી, હૈયામાં ઉતારવાની વસ્તુ છે. જેને તત્ત્વજ્ઞાનની કીમત સમજાય તે તત્ત્વ પામવા માટે પુરુષાર્થ કરે, તત્ત્વના પ્રચાર માટે નહિ. તત્ત્વ પામવામાં ઉતાવળ કરવાની જરૂર છે, તત્ત્વજ્ઞાન આપવામાં ઉતાવળ કરવાની ન હોય. જેને અર્થીપણું હોય તે સામે થઈને આવશે જ. સાધુપણાની મર્યાદામાં રહીને જે બોલે તે જ સામાને તત્ત્વનો બોધ કરાવી શકે. મર્યાદાનું અતિક્રમણ ન કરીએ તો તમારું અને અમારું બંન્નેનું કલ્યાણ થાય. ભગવાનની દેશના, ભગવાને ફરમાવેલી રીતે જ આપવાની, પોતાને ફાવે એ રીતે નહિ ! સર્વજ્ઞને - સર્વજ્ઞની આજ્ઞાને અનુસરે

તે સર્વજ્ઞજેવું કામ કરે. પોતાની બુદ્ધિ મુજબ ચાલે તે 'સુધી' (જ્ઞાની) ન કહેવાય, મહાપુરુષોનું અનુસરણ કરે તે સુધી કહેવાય. તીર્થંકર પરમાત્માની આજ્ઞાને અનુસરનારા, જેટલાને લાભ કરી શકે તેટલાને; પોતાનું આયુષ્ય મર્યાદિત હોવાના કારણે પરમાત્મા પોતે ન કરી શકે. પ્રથમ તીર્થપતિએ ૮૪૦૦૦નો ઉદ્ધાર કર્યો અને તેમની પાટ પરંપરા અસંખ્યાત વર્ષો સુધી ચાલી. એનું કારણ પણ એ જ કે એ અસંખ્યાત પાટ સુધી બધા જ, તીર્થંકર પરમાત્માની આજ્ઞાને અનુસરનારા હતા.

તીર્થંકર પરમાત્માની આજ્ઞાને અનુસરે એનો જ પુરુષાર્થ ફળે. 'પરમાત્માની કૃપામાત્રથી કલ્યાણ નહિ થાય, પ્રધાનતા તો પુરુષાર્થની છે.' એટલું માનવાથી નિસ્તાર નહિ થાય. એ પુરુષાર્થ સાચા માર્ગે કરવામાં આવે તો જ ફળે. અવળે માર્ગે કરેલો એ જ પુરુષાર્થ ફૂટી નીકળે. સાધન, જ્યારે આભાસને ઊભું કરતું હોય છે ત્યારે તે સાધનથી કાર્યસિદ્ધિ થતી નથી. અવળા માર્ગનો પુરુષાર્થ, માત્ર સિદ્ધિની સાધનાનો આભાસ ઊભો કરે છે અને સાધકને સિદ્ધિની નજીક ન લઈ જતાં સિદ્ધિથી દૂર કરે છે. ભગવાને, બીજા આત્માને દુઃખ ન થાય તે માટે જાતે કષ્ટ વેઠવાનો માર્ગ બતાવ્યો. તે કષ્ટ પણ આત્મહિત માટે વેઠવાનું કહ્યું, પરહિત માટે નહિ. આત્મહિત માટે દુઃખ વેઠવું એ જ સાધનામાર્ગનો પુરુષાર્થ છે. વ્યવહારમાં; કહેવાતા થોડા સુખ માટે પણ જો કષ્ટ વેઠવું પડતું હોય તો મોક્ષના અનંતસુખ માટે તો કંઈકગણું વેઠવું પડશે. જેવું ફળ એવું એનું સાધન. જે મોક્ષમાં ભગવાન ગયા તે જ મોક્ષમાં અમારે જવાનું; જે કેવળજ્ઞાન ભગવાન પોતે પામ્યા એ જ કેવળજ્ઞાન અમારે પણ જોઈએ. તે છતાં ભગવાને સાધુપણું પોતે કેવું પાળ્યું અને અમને કેવું બતાવ્યું ? અનંતમા ભાગે ! એ અનંતમા ભાગે બતાવેલું સાધુપણું પણ તેઓશ્રીની આજ્ઞા મુજબનું હોવાથી સાધુ ભગવન્તોને મોક્ષે પહોંચાડે છે. છતાં એવા સાધુપણામાં પણ પોતાની અનુકૂળતા ખાતર બાંધછોડ કરવાની વાત કરે એનો નિસ્તાર કઈ રીતે થાય ? ભગવાન દુઃખ વેઠી વેઠીને કેવળજ્ઞાન મેળવે ! અને એ ભગવાનના અનુયાયી ગણાતા સાધકો ભગવાન જેટલું તો નહિ પણ ભગવાનની આજ્ઞા મુજબનું પણ દુઃખ વેઠવામાં આનાકાની કરે !! આજ્ઞા ખાતર મનને અને બુદ્ધિને ફેરવવાની તૈયારી કેળવવાને બદલે પોતાની અનુકૂળતા ખાતર આજ્ઞાનુસારી અનુષ્ઠાનો અને સિદ્ધાન્તો ફેરવવાની ચેષ્ટા કરે !!! - એ કેટલી દુઃખદ અને વિષમ પરિસ્થિતિ છે ? આજના સાધકોની એક વિશેષતા છે કે તેઓ પોતાની અનુકૂળતા ખાતર દુઃખ વેઠવા તૈયાર થાય પણ બીજાની અનુકૂળતા માટે કે આજ્ઞા ખાતર દુઃખ વેઠવાનું આવે તો અશક્ત થઈ જાય ! અપ્રમત્ત અને આત્માર્થી ગણાતા સાધકો પણ પોતાના મુમુક્ષુ કે ભગતના મમત્વને લઈને પોતાના સમયનો, સ્વાધ્યાયાદિનો યાવત્ અનુકૂળતાનો પણ ભોગ આપવા તૈયાર હોય, જ્યારે સહવર્તી માટે કે આજ્ઞા માટે વેઠવાનું આવે તો અસહનશીલતાને આગળ કરે ! આવાઓ યોગની સાધનામાર્ગમાં પ્રવેશ પણ ક્યાંથી પામી શકે ? આ બધી વિષમતાને ટાળ્યા વગર ગમે તેટલો પુરુષાર્થ કરવામાં આવે - એ પુરુષાર્થ મોક્ષે તો નહિ લઈ જાય ઊલટો સંસારને વધારનારો થશે !

પરમાત્માની કૃપાથી જ મોક્ષ માનનારાના મતનું નિરાકરણ કરવા દ્વારા જે પુરુષાર્થવાદનું સ્થાપન કરવું છે તે પુરુષાર્થ પણ માર્ગાનુસારી હોય તો જ તે મોક્ષનું કારણ બને છે : એ વસ્તુ પ્રસંગથી આપણે જોઈ ગયા. હવે પાછા મૂળ વાત પર આવીએ. યોગની વિષયશુદ્ધિને તપાસતાં સાંખ્યદર્શનની વિચારણા સંક્ષેપથી કરી. એ જ રીતે નૈયાયિકદર્શનકારો પરમાત્માની કૃતિના કારણે મોક્ષ માને છે. તેઓ ઈશ્વરને જગત્કર્ત્તા માને છે. પરંતુ કૃતકૃત્ય એવા પરમાત્માને કરવારૂપ કોઈ પણ કૃતિ સંભવી શકતી નથી. સમસ્ત જગતનું જ્ઞાન કરવારૂપ જ તે કૃતિ છે. ઈત્યાદિરૂપે તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ કર્યું છે. બીજાં પણ દર્શનોની ચર્ચા અહીં કરવામાં આવી છે. પરંતુ સમયની અલ્પતાના કારણે તે બધાનો વિચાર આપણે કરવો નથી. આ રીતે સંક્ષેપથી યોગની વિષયશુદ્ધિને વિચારી હવે યોગની સ્વરૂપશુદ્ધિ જોઈએ. યોગનું સ્વરૂપ સમજવા માટે પહેલાં યોગના ભેદો સમજવા પડશે.

યોગના ભેદો સમજાવવા દ્વારા યોગના સ્વરૂપને સમજાવવા માટે ગ્રંથકારશ્રી ૩૧મી ગાથાથી ફરમાવે છે કે-

**अध्यात्मं भावना ध्यानं समता वृत्तिसंक्षयः ।**
**मोक्षेण योजनाद् योग एष श्रेष्ठो यथोत्तरम् ।।३१।।**

અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય : આ પાંચે મોક્ષની સાથે જોડી આપનાર હોવાથી યોગ કહેવાય છે. આ અધ્યાત્માદિ યોગ યથાક્રમે, ઉત્તરોત્તર વિશુદ્ધ કોટિનો એટલે કે નિરુપચરિત છે.

અધ્યાત્મનું કાર્ય ભાવના છે. ભાવનાનું કાર્ય ધ્યાન છે. ધ્યાનનું કાર્ય સમતા છે અને સમતાનું કાર્ય વૃત્તિસંક્ષય છે. જે ગુણ, ઉત્તરગુણમાં પરિણામ ન પામે તે

ગુણની યોગમાર્ગમાં કોઈ કિંમત નથી. વ્યવહારમાં પણ જે કાર્યને કરી આપે તે જ કારણની કિંમત ગણાય છે. જે, કાર્યને ન સાધી આપે તેને કારણ માનવાનું કામ કોઈ કરતું નથી. જે પાણી ભરવા કામ ન લાગે તે ઘડાને લોકો પણ નકામો કહે છે. તેમ યોગમાર્ગમાં - જે, વૃત્તિસંક્ષયને ન લાવી આપે તે સમતા નકામી, સમતા ન લાવી આપે તે ધ્યાન નકામું, ધ્યાન ન લાવી આપે તે ભાવના શા કામની ? અને ભાવનામાં પરિણામ ન પામે તો તે અધ્યાત્મ પણ બનાવટી. યોગની સાધના અધ્યાત્મથી આરંભીને વૃત્તિસંક્ષયમાં વિરામ પામે છે - એ જ યોગનું સ્વરૂપ છે.

વસ્તુતઃ યોગમાર્ગનો વિકાસ ગુણની પ્રાપ્તિરૂપ નથી, પરંતુ દોષની નિવૃત્તિરૂપ છે. તે તે ગુણના આવારક એવા કર્મમલનો નાશ થવાથી ગુણ પ્રગટ થાય છે, તે જ ગુણઠાણાનો વિકાસ છે. ગુણઠાણાનો અર્થ એક જ છે કે અશુદ્ધિ દૂર કરવી. જે શુદ્ધિ છે એ તો આત્માની સ્વાભાવિક છે, નવી નથી મેળવવાની. મલના ક્ષય પર ગુણઠાણાનો ક્રમ આધારિત છે. ગુણની પ્રાપ્તિ પર નહિ. ગુણ એ મેળવવાની વસ્તુ નથી, પ્રગટ કરવાની વસ્તુ છે જ્યાં પણ ગુણ મળે છે એવી વાત આવે ત્યાં તે ગુણના આવારક કર્મનો નાશ થાય છે - એમ સમજવું. જેમ પડદો ખસવાના કારણે પડદા પાછળ રહેલું દશ્ય માત્ર પ્રગટ જ થાય છે પણ દશ્યનું નિર્માણ થતું નથી, તેમ આવરણભૂત કર્મો ખસે એટલે તે તે ગુણો પ્રગટ થાય છે. માટે દરેક ગુણઠાણે શું મળે છે એ નહિ જોવાનું, શું જાય છે એ જોવાનું. કઈ કર્મપ્રકૃતિ જવાથી કયો ગુણ પ્રગટ થાય છે - એ જ જોવાનું. જે મલનો ક્ષય અધ્યાત્મની પ્રાપ્તિ વખતે થાય છે તેના કરતાં અધિક મલક્ષય ભાવનામાં થાય છે. એમ કરતાં અંતે સર્વથા મલક્ષય સ્વરૂપ વૃત્તિસંક્ષયના યોગે જીવ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે. આથી જ, અધ્યાત્મ મોક્ષમાં પહોંચાડે ને વૃત્તિસંક્ષય મોક્ષમાં પહોંચાડે - એ બે વચ્ચે અનન્તા કાળનો ફરક પણ પડી શકે છે. કારણ કે અધ્યાત્મ તો કિંચિત્ મલક્ષયના યોગે પહેલા ગુણઠાણે પણ આવે છે, જ્યારે સર્વથા વૃત્તિસંક્ષય તો ચૌદમે ગુણઠાણે આવે છે.

આ અધ્યાત્માદિયોગના; આશયવિશેષને લઈને એટલે કે જીવની અવસ્થાવિશેષને આશ્રયીને - તાત્ત્વિક-અતાત્ત્વિક, સાનુબંધ-નિરનુબંધ, સાસ્રવ-અનાસ્રવ વગેરે અનેક ભેદો સંજ્ઞાભેદથી યોગશાસ્ત્રકારોએ વર્ણવેલા છે. પ્રસંગથી તે ભેદોનું સ્વરૂપ સામાન્યથી સમજી લઈએ. જે યોગ એકમાત્ર નિર્વાણપદની અભિલાષાથી કરવામાં આવે તે યોગ ફળની સાથે સંવાદી હોવાથી તેને નિરુપચરિત એટલે કે તાત્ત્વિક યોગ કહેવાય છે.અને જે યોગ માત્ર લોકના ચિત્તની આરાધના માટે કરાય છે તે યોગ ફળની સાથે વિસંવાદી હોવાથી ઉપચરિત એટલે કે અતાત્ત્વિક યોગ કહેવાય છે. મોક્ષ ન મળે ત્યાં સુધી જે યોગની પરંપરા અવિચ્છિન્નપણે ચાલ્યા કરે તે સાનુબંધયોગ અને એકાદવાર પ્રાપ્ત થયા પછી પણ જે યોગની પરંપરા ન ચાલે તે નિરનુબંધ યોગ. દીર્ઘકાળ સુધી સંસારમાં ભટકાવનાર કર્મબંધ જેમાં થાય તે સાસ્રવયોગ અને તેવા પ્રકારનો સંસારમાં ભટકાવનાર કર્મબંધ જેમાં નથી થતો એટલે કે એકાદ ભવના આન્તરે જે મોક્ષ અપાવે તે અનાસ્રવયોગ કહેવાય છે. આ રીતે સંજ્ઞાભેદથી યોગનું સ્વરૂપ જણાવ્યા બાદ આગળની ગાથાઓથી યોગમાહાત્મ્ય, યોગની પૂર્વસેવા, અનુષ્ઠાનના પ્રકાર, યોગના અધિકારી... વગેરે અનેક વિષયો ગ્રંથકારશ્રીએ આ ગ્રંથમાં સુંદર રીતે વર્ણવ્યા છે. પરન્તુ આપણી પાસે સમય મર્યાદિત હોવાથી એ વિષયો ચર્ચવાનું શક્ય નહિ બને. માટે આપણે વચ્ચેની ૨૦૦-૨૨૫ જેટલી ગાથાઓ છોડીને પ્રકૃત વિષયને લગતી એટલે કે અધ્યાત્માદિ યોગના સ્વરૂપને જણાવનારી (૩૫૮ થી ૩૬૬) ગાથાઓ દ્વારા આ પાંચે યોગનું સ્વરૂપ છેલ્લા ચાર દિવસમાં સમજી લેવું છે.

અત્યાર સુધીમાં આપણે જોઈ આવ્યા કે યોગ કોના કારણે પ્રાપ્ત થાય છે, કોના કારણે ટકે છે, કઈ રીતે શુદ્ધ થાય છે અને કઈ રીતે મુખ્ય બને છે. આપણે એ પણ જોઈ ગયા કે દરેક દર્શનકારો મોક્ષ સુધી આત્માનો વિકાસ બતાવે છે. છતાં તેમને ત્યાં આજ સુધી એક પણ આત્મા મોક્ષે ગયો પણ નથી અને જવાનો પણ નથી. કારણ કે જ્યાં સુધી તથાભવ્યત્વનો પરિપાક ન થાય ત્યાં સુધી બીજી ગમે તેટલી ઉત્તમ સામગ્રી મળે તોય તે ફળદાયી નીવડતી નથી. અન્યદર્શનની વાસનાથી વાસિત બનેલાના તથાભવ્યત્વનો પરિપાક થયેલો ન હોવાથી તેમની પાસે જ્ઞાન હોવા છતાં અધ્યાત્માદિની તાત્ત્વિક પ્રાપ્તિ થતી નથી. જ્યારે તથાભવ્યત્વનો પરિપાક થાય ત્યારે જ પાપકર્મનો તથાપ્રકારે વિગમ થવાથી શુદ્ધધર્મની અર્થાત્ તાત્ત્વિક અધ્યાત્માદિયોગની પ્રાપ્તિ થાય છે. તથાભવ્યત્વના પરિપાકના કારણે ઘણી વાર જ્ઞાન વિના પણ સાચો માર્ગ હાથમાં આવે તે આંધળાને કેડી મળ્યા બરાબર છે. આને જ માર્ગાનુસારીપણું કહેવાય છે. જોકે આવો તથાભવ્યત્વનો પરિપાક થયા પછી પણ જો માર્ગે ચાલવાનો પુરુષાર્થ કરવામાં ન આવે તો ઇષ્ટસ્થાને પહોંચી ન શકાય. અધ્યાત્મની તાત્ત્વિક પ્રાપ્તિ થયા પછી પુરુષાર્થ કરવામાં ન આવે તો એ અધ્યાત્મ ક્રમે કરીને વૃત્તિસંક્ષયમાં પરિણામ

પામવા દ્વારા મોક્ષે પહોંચાડવા સમર્થ નહિ બને. આથી સ્પષ્ટ છે કે ઇષ્ટસ્થાને પહોંચવા માટે માર્ગાનુસારીપણાની સાથે પુરુષાર્થની પણ એટલી જ આવશ્યકતા છે. આથી જ મોક્ષની સાધના કરનાર ચારિત્રીનાં લિંગો જણાવતી વખતે માર્ગાનુસારીપણાની સાથે મહાસત્ત્વને-પુરુષાર્થને પણ જણાવ્યો છે. આ રીતે ૩૫૩મી ગાથામાં ચારિત્રીનાં લિંગો જણાવીને એ ચારિત્રની પ્રાપ્તિ થયે છતે અધ્યાત્માદિ યોગની સંપ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે પ્રકૃતની સાથે અનુસંધાન કરીને ૩૫૮મી ગાથાથી અધ્યાત્મયોગનું સ્વરૂપ જણાવે છે :

**औचित्याद् वृत्तयुक्तस्य, वचनात्तत्त्वचिन्तनम् ।**
**मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः ।।३५८।।**

ઉચિતપ્રવૃત્તિ કરવાપૂર્વક વ્રતને ધારણ કરનારનું, મૈત્ર્યાદિ ભાવનાથી અત્યન્ત સારભૂત અને શ્રી જિનેશ્વર ભગવન્તના વચનને અનુરૂપ એવું જે તત્ત્વચિંતન છે, તે તત્ત્વચિન્તનને જ અધ્યાત્મશાસ્ત્રના જાણકારો અધ્યાત્મરૂપે જાણે છે.

ઉચિત પ્રવૃત્તિ એ અધ્યાત્મ નથી, ઉચિત પ્રવૃત્તિ કરનારનું તત્ત્વચિંતન એ અધ્યાત્મ છે. આપણે જે સમૂહમાં જીવીએ, તેમાં જે જે પાત્રો આપણા પરિચયમાં આવે, તેમનું યથાયોગ્ય બહુમાન કરવું, અવસરે તેમનું કામ કરી આપવું, તેમને અનુકૂળ થવાનો પ્રયત્ન કરવો તેનું નામ ઉચિત પ્રવૃત્તિ. આપણે જે કક્ષામાં જીવતા હોઈએ એને અનુરૂપ પ્રવૃત્તિ કરવી - તે ઉચિત પ્રવૃત્તિ. શ્રાવક ભૂખ્યો રહે પણ માંગે નહિ, મજૂરી કરે પરન્તુ હાથ ન લંબાવે : એ શ્રાવકને ઉચિત પ્રવૃત્તિ. જ્યારે સાધુ ભગવન્તો ભૂખ્યા રહે પણ પોતાને માટે બનાવરાવે નહિ, મજૂરી પણ ન કરે, મંત્રતંત્ર વગેરે પણ ન કરે, ભગવાનની આજ્ઞા મુજબની ભિક્ષા દ્વારા જ પોતાનો નિર્વાહ ચલાવે - તે સાધુ ભગવન્તને ઉચિત પ્રવૃત્તિ. પોતપોતાની કક્ષાનું ઔચિત્ય ચૂકે તે માર્ગ પણ ચૂકી જવાના. અર્થ-કામનો સર્વથા બાધ થાય તેવો ધર્મ સાધુભગવન્તો કરે. અર્થકામનો સર્વથા ભોગ લેવાય તેવો ધર્મ શ્રાવક ન કરે. યોગશાસ્ત્રમાં જણાવ્યું છે કે ઉપાશ્રયમાં કે દેરાસરમાં ગયા પછી પણ શ્રાવકે સમયસર પાછા આવી જવાનું. જો ચોવીસે ય કલાક ઉપાશ્રયમાં બેસવાનું જ મન હોય તો ગૃહવાસ છોડીને સાધુ થઈ જવું, અથવા તો નિવૃત્ત થઈ જવું. પરન્તુ ગૃહસ્થપણાના વ્યવહારમાં જીવવાનું અને માથે કોઈ જવાબદારી ન રાખવી - એ ન ચાલે. મર્યાદાનું અતિક્રમણ દુનિયાના કોઈ પણ ક્ષેત્રમાં નથી ચાલતું. તેમ અહીં પણ ગુણઠાણાના રક્ષણ માટે ઔચિત્યનું પાલન એ સારામાં સારી વાડ છે. પહેલા ગુણઠાણે માતાપિતાદિ ગુરુજનોની સેવા કરવી - એ ઉચિત્ત પ્રવૃત્તિ. ચોથે-પાંચમે, દેવ-ગુરુ-સાધર્મિક વગેરેની સેવા કરવી એ ઉચિત પ્રવૃત્તિ અને છઠ્ઠે-સાતમે ગુણઠાણે, ગુરુ તથા સહવર્ત્તીની સેવા-ભક્તિ કરવી - એ ઉચિત પ્રવૃત્તિ. ગૃહસ્થ માટે, માતાપિતાનો ત્યાગ ન કરવો અને સેવા કરવી - એ ઉચિત પ્રવૃત્તિ. અને સાધુ ભગવન્તો માતા-પિતાનો ત્યાગ કરે અને માતા-પિતાની સેવા ન કરે તોય ઔચિત્યનું અતિક્રમણ ન થાય. ગૃહસ્થ સંસાર પ્રત્યે વિરાગી હોય તોય માતા-પિતાનું ઔચિત્ય ન ચૂકે. માતા-પિતા સંસારનાં કામ કયા કારણસર કરે છે - એ નથી જોવું, આપણે તેમનો ભાર હળવો કરવો એ જ આપણું કર્ત્તવ્ય... આ પ્રમાણે સમજીને સંસારમાં રહેલો શ્રાવક માતા-પિતાની ભક્તિ કરે. સાહેબ કહેતા કે સાધુ-સાધ્વી પાસે રહેલ મુમુક્ષુ કોઈના પણ ઘેર જમવા જાય તો તેને કામમાં સહાય કરવા લાગી જાય, પાપનું કામ છે - એમ કહીને બેસી ન રહે. આનું જ નામ ઔચિત્યનું સેવન.

ઉચિતપ્રવૃત્તિવાળાનું તત્ત્વચિંતન અધ્યાત્મ કહેવાય છે. જે ઉચિત પ્રવૃત્તિ ન કરે તેને તત્ત્વચિંતન કરવાનો કોઈ અધિકાર નથી. એકલી ઉચિતપ્રવૃત્તિ એ અધ્યાત્મ નથી અને એકલું તત્ત્વચિંતન એ પણ અધ્યાત્મ નથી. અધ્યાત્મ એ યોગ છે અને યોગ એ આત્માના પરિણામ સ્વરૂપ છે. જે કેવળ ચિંતન કર્યા કરે અને ઔચિત્યને ચૂકે - એના હૈયામાં આજ્ઞાપાલનનો પરિણામ છે - એવું કઈ રીતે મનાય ? જેને આજ્ઞા પાળવી હશે તેણે ઉચિત પ્રવૃત્તિ કર્યા વિના નિસ્તાર નથી. તે તે ગુણઠાણાની ઉચિત પ્રવૃત્તિ જ આગળના ગુણઠાણે લઈ જાય છે. ગુણસ્થાનકને વધારી આપે તો તો સારું, પરન્તુ તે તે ગુણઠાણાનો બાધ ન થાય એ રીતે જીવવું - એ પણ એક પ્રકારની ઉચિત પ્રવૃત્તિ જ છે.

ઉચિત પ્રવૃત્તિ જેમ અધ્યાત્મયોગ માટે મહત્ત્વની છે, તેમ અનુચિત પ્રવૃત્તિને ટાળવાનું પણ એટલું જ આવશ્યક છે. આપણો ધર્મ નિંદાને પાત્ર ન બને એ રીતે ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. આપણને પામીને આપણા ધર્મની લોકો નિંદા કરે તો તે આપણી અનુચિત પ્રવૃત્તિ છે. ગૃહસ્થો નિંદા ન કરે - એ માટે કાચા પાણીમાં પરઠવવું પડે તો તે પણ ઉચિત પ્રવૃત્તિ. તે વખતે કોરામાં પરઠવવાનો આગ્રહ રાખવો એ અનુચિતપ્રવૃત્તિ છે. અજ્ઞાન લોકો ટીકા કરે તો ભલે કરે, આપણે જે કરીએ છીએ - તે બરાબર છે... આવા પ્રકારનું 'તત્ત્વચિંતન'

કરનાર, અધ્યાત્મયોગનો અધિકારી નથી. અજ્ઞાનીઓને પણ શાસનની અપભ્રાજના કરવાનું નિમિત્ત ન આપવું - એ જવાબદારી આપણી જ છે. આવા સંયોગોમાં અજ્ઞાનમૂલક પણ પ્રવૃત્તિ નથી કરવી અને ધર્મ માનીને પણ પ્રવૃત્તિ નથી કરવી. માત્ર આપણા ધર્મની નિંદા ન થાય એ રીતે વર્ત્તી લેવું - એનું નામ ઉચિત પ્રવૃત્તિ. માર્ગના જ્ઞાતા ગીતાર્થ ગુરુભગવન્તો એવા વખતે ઉચિતનું પ્રવર્ત્તન કરાવવામાં કચાશ ન રાખે. પરંતુ નિશ્રાવર્તી સાધુ-સાધ્વીઓએ એવા વખતે 'શેમાં વિરાધના ઓછી ને શેમાં વધારે' તેનો વિચાર કરવાનું બાજુએ મૂકીને ગીતાર્થભગવન્તની આજ્ઞાને વિકલ્પ કર્યા વગર સ્વીકારી લેવી જોઈએ. ગુરુની આજ્ઞામાં 'પણ' કહીને વિકલ્પ ઊભા કરે તે મુમુક્ષુ બનવા માટે પણ અયોગ્ય છે. આજ્ઞા થતાંની સાથે તહત્તિ કહીને ઊભો થાય - તેવાનું અહીં કામ છે. 'પણ' કહીને ઊભો રહેનાર તો અનુચિતપ્રવૃત્તિનો ભોગ બનવાનો. કાચા પાણીમાં પરઠવવાથી વિરાધના થાય, પણ ગીતાર્થ ભગવન્તનું ન માનવામાં એથી ય મોટી વિરાધના થાય છે... આટલું માનવાની તૈયારી હોય તેવાઓ જ અધ્યાત્મયોગના અધિકારી બની શકે. શાસ્ત્રાનુસારી મતિથી નિર્ણય લેવો - એ ગીતાર્થ માટે ઉચિત પ્રવૃત્તિ અને કોઈ પણ જાતના વિકલ્પ વિના એ નિર્ણયનો અમલ કરવો તે ગીતાર્થનિશ્રિતની ઉચિતપ્રવૃત્તિ.

વર્ત્તમાનમાં ઉચિત પ્રવૃત્તિ અદશ્ય થતી જાય છે, તેનું કારણ વિવેકનો લોપ થતો જાય છે - તે છે. વિવેકના યોગે ઔચિત્યનું પાલન થાય છે. વિવેકી જે પ્રવૃત્તિ કરે તે ઉચિત જ હોય. વિવેક ચૂકે તે ઔચિત્ય પણ ચૂકે જ. આ વિવેકને દૂર કરનાર કોઈ હોય તો તે સુખનો રાગ અને દુ:ખનો દ્વેષ છે. દુ:ખનો ભય સતાવે અને સુખનું અર્થીપણું જાગે એટલે વિવેક સૌથી પહેલાં જાય. અને વિવેક જાય એટલે ઔચિત્યનું અતિક્રમણ થવાનું જ. તેથી અધ્યાત્મયોગ પામવા માટે સૌથી પહેલા સુખના અર્થીપણા ઉપર કાપ મૂકવાની જરૂર છે. સુખ ઉપરથી નજર ખસે એ માટે જે ચિંતન થાય - એ જ તત્ત્વચિંતન છે અને એ તત્ત્વચિંતનને જ અધ્યાત્મ કહેવાય. તત્ત્વ એટલે આત્મસ્વરૂપ. આત્માના શુદ્ધ સ્વરૂપને અનુરૂપ કોઈ પણ ચિંતન કરવું તે તત્ત્વચિંતન. આત્માથી ભિન્ન કોઈનું ચિંતન ન કરવું અને આત્માનું પણ ચિંતન ઈચ્છા મુજબ ન કરવું, આજ્ઞાનુસારે કરવું - પૌદ્ગલિક સુખદુ:ખનું ચિંતન ન કરતાં આત્માના સંસારની અને મોક્ષની ચિંતા કરવી. આત્માના ક્ષાયિકભાવના ગુણોની ચિંતા કરવાની. તે ગુણો ન મળે ત્યાં સુધી ક્ષયોપશમભાવના ગુણની ચિંતા કરવાની અને તે પણ ન મળે ત્યાં સુધી પ્રશસ્ત ઔદયિકભાવની ચિંતા પણ કરવાની. જેમ કે, દીક્ષા લેવી છે તો માતા-પિતાની વ્યવસ્થા માટે કમાવવાની ચિંતા - એ પ્રશસ્ત ઔદયિકભાવની ચિંતા છે. દુનિયાનાં પૌદ્ગલિક સુખ-દુ:ખ-ગુણો વિભાવદશાનાં છે, માટે તેની ચિંતા નથી કરવી. પૌદ્ગલિક સુખ કેમ આવે અને દુ:ખ કેમ જાય - એની ચિંતા એ તત્ત્વચિંતા નથી.સુખનો રાગ અને દુ:ખનો દ્વેષ : બંન્ને કેમ જાય - તેની ચિંતા એ તત્ત્વચિંતા છે.

પૌદ્ગલિક સુખદુ:ખની ચિંતા પણ અધ્યાત્મ તરીકે ગણાતી નથી, જ્યારે વર્ત્તમાનમાં આચાર્યની કક્ષા સુધી પહોંચેલા સાધુઓ કે જેઓ અધ્યાત્મના પરમયોગી ગણાય તેવાઓ પણ પર્યાવરણના નામે ગૃહસ્થના ખાવાપીવાની અને પહેરવા-ઓઢવાની ચિંતા કરવા માંડ્યા છે. પોતાના સાધુપણાના સંસ્કારનો પણ ભોગ આપીને તેમણે 'આર્યસંસ્કૃતિ'ની રક્ષાનું કાર્ય શરૂ કર્યું છે. આર્યસંસ્કૃતિ અને જૈનસંસ્કૃતિના ભેદને પણ નહિ જાણનારા સંસ્કૃતિની રક્ષા કરવા નીકળ્યા છે. ખાવા-પીવાની ચિંતા કરવાનું કામ જૈનસંસ્કૃતિનું નથી, આર્યસંસ્કૃતિનું છે. જૈનસંસ્કૃતિ તો ખાવા-પીવાનું છોડાવવાની વાત કરે. શુદ્ધ આહારની ચિન્તા આપણે ત્યાં ન શોભે, આહાર કેમ છૂટે - એની ચિંતા આપણે ત્યાં હોય. 'દવા લેવી - એ પણ દોષ છે' એવું સમજનારા સાધુ ભગવન્તો જરૂર પડે તો દવા લે એ બને, પરંતુ 'આ દવા નિર્દોષ છે'... એવી જાહેરાત ન કરે. ચિકિત્સા કરાવવાની ઇચ્છાને પણ પાપ માનનારા જૈન સાધુઓ નિર્દોષ ચિકિત્સાનો પ્રચાર કઈ રીતે કરી શકે ? આવા આવા 'અધ્યાત્મયોગીઓ'થી સાવધ રહેવાની જરૂર છે. આવાઓના ચિંતનને અધ્યાત્મ માનવાની ભૂલ ન કરી બેસીએ એટલાપૂરતી આ વાત છે. બાકી આપણી તો મૂળ વાત એ છે કે, આ સંસારનો ઉચ્છેદ કઈ રીતે થાય અને શુભાશુભ કર્મમાત્રથી મારા આત્માનો મોક્ષ કઈ રીતે થાય : એવી ચિંતા જેના મૂળમાં હોય તેવા ચિંતનને જ અધ્યાત્મ કહેવાય છે અને આવું ચિંતન પણ ઉચિત પ્રવૃત્તિ કરનારનું હોય તો જ તે અધ્યાત્મ કહેવાય. ઉચિતપ્રવૃત્તિના યોગે જ આત્મપરિણતિની પ્રાપ્તિ પણ થાય છે અને રક્ષા પણ થાય છે. જેઓ ઉચિત વર્ત્તન નથી કરતા તેમને ગુણઠાણાની જરૂર જ નથી - એમ કહેવું પડે. અને ગુણઠાણું પામ્યા પછી પણ જેઓ સ્વગુણને ઉચિત વર્ત્તન ન કરે તેઓને ગુણઠાણાની કિંમત જ સમજાઈ નથી - એમ માનવું પડે. ગુણઠાણાની રક્ષા અને વૃદ્ધિ ગુણઠાણાને ઉચિત પ્રવૃત્તિ કર્યા વિના ન થાય. પરંતુ વિષમતા એ છે કે

ગુણ પામ્યા પછી ગુણને ટકાવવા માટે શું કરવું જોઈએ – એનો આજે લગભગ વિચાર જ નથી. ગુણ પામવાની કે નાનો પણ ગુણ ટકાવવાની જેને પડી નથી, તેના ચિંતનમાં શો ભલીવાર આવવાનો ? ગુણનું અર્થીપણું જાગે પછી જ સાચું તત્ત્વચિંતન થાય. પાપનાં સાધન કયાં અને નિર્જરાનાં સાધન કયાં એની વિચારણા તે તત્ત્વચિંતન. પાપ કરવાના વિચાર એ તત્ત્વચિંતન નહિ અને નિર્જરા ન થાય એવું ચિંતન પણ તત્ત્વચિંતન નહિ. પાપથી દૂર થવા માટે અને નિર્જરા કરવા માટેના જેટલા પણ વિચાર કરવા તેનું નામ તત્ત્વચિંતન. મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત ન બને – એવું ચિંતન તે તત્ત્વચિંતન. ટૂંકમાં, ભગવાનની આજ્ઞાના પાલન માટે જે કાંઈ વિચારવું તેનું નામ તત્ત્વચિન્તન.

તત્ત્વચિંતન સાથેનું ઉચિતવર્ત્તન હોય તો જ તેને યોગ કહેવાય. ગુણસ્થાનકનું અતિક્રમણ ન કરે, છતાં સાથે કોઈ પણ જાતની ક્રિયા ન કરે તોપણ અધ્યાત્મયોગ ન આવે. ક્રિયા કદાચ ન કરી શકે – એ બને પરન્તુ ક્રિયાનું અર્થીપણું પણ ન હોય તો અધ્યાત્મ ન જ આવે. ક્રિયાનું અર્થીપણું એ મોટામાં મોટી ક્રિયા છે. એકલી ક્રિયા કર્યા કરે અને ક્રિયાનો અર્થી ન હોય તો તે બનાવટી યોગી છે, અને એકલું ચિંતન કર્યા કરે અને ક્રિયાનો અર્થી ન હોય તો તે પણ બનાવટી યોગી છે. ક્રિયાનો અર્થી જ સાચો યોગી છે – તે જણાવવા માટે મૂળમાં 'औचित्याद् वृत्तसंयुक्त:' આ પ્રમાણે પાઠ છે. ક્રિયા ન કરતો હોય એટલામાત્રથી જ ક્રિયાનું અર્થીપણું નથી – એવું માનવાની ભૂલ ન કરવી. પાંગળો માણસ કે જે પોતાની મેળે એક ડગલું પણ ચાલી શકતો નથી તેવો માણસ જો આગમાં બળતો હોય તો ત્યારે તેને આગમાંથી ભાગી છૂટવાનું મન હોય કે નહિ ? અને ભાગી છૂટવા માટેનો કોઈ પ્રયત્ન દેખાય ખરો ? આગમાં બળી મરવું નથી તો ઊઠીને ભાગી કેમ નથી જતો – આવો કોઈ વિકલ્પ એના માટે થઈ શકે ખરો ? તેવી જ રીતે શાસ્ત્રકારો કહે છે કે તેવા પ્રકારના કર્મના ઉદયના કારણે બાહ્યદૃષ્ટિએ ક્રિયા ન કરવા છતાં ક્રિયાનું અર્થીપણું તેવા પ્રકારના જીવોને હોઈ શકે છે. સવાલ માત્ર એટલો જ છે કે આપણને બધાને પણ તેવા પ્રકારના કર્મનો ઉદય છે – માટે જ ક્રિયા નથી કરતા કે ક્રિયાનું અર્થીપણું જ જાગ્યું નથી ? આપણે દીક્ષા નથી લઈ શકતા તે, કર્મ નડે છે માટે કે આસક્તિ નડે છે માટે ? આપણે પેલા માણસ જેવા પાંગળા છીએ માટે જ બેસી રહ્યા છીએ કે આગને પણ રોશની માનનાર જેવા પાગલ છીએ માટે બેસી રહ્યા છીએ ? કર્મ નડે છે – એવું બોલવાનો અધિકાર તો તેને છે કે જે કર્મ સામે ઝઝૂમતો હોય. ભાગ્યને રોયા કરે એવાઓ દીક્ષા ન લઈ શકે. ભાગ્યને પણ ફેરવવાની તૈયારી હોય એવાનું અહીં કામ છે. નંદીષેણમુનિને ભગવાન ના પાડે કે 'દીક્ષાનો યોગ નથી', તોય તે ઘરે ન બેસે અને દીક્ષા લે. અને આપણને સામાન્ય જ્યોતિષી ના પાડે કે 'કુંડલીમાં દીક્ષાનો યોગ નથી' તો ઘરે બેસી જઈએ !... કંઈ સમજાય છે કે દીક્ષાનું અર્થીપણું કોને કહેવાય ? દીક્ષા મૂક્યા પછી પણ દીક્ષાનું અર્થીપણું તેમની પાસે કેવું હતું ? દસને પ્રતિબોધ પમાડીને પછી આહારપાણી લેવાનો નિયમ હતો, આજે અમને દીક્ષા લીધા પછી પણ દસ ગાથા કરીને વાપરવાનો નિયમ નથી. બોલો, ભાગ્ય નબળું છે કે મન નબળું છે ?

સ૦ દીક્ષા માટે કુંડલી કેમ જોવાય છે ?

દીક્ષા માટે કુંડળી અને મુહૂર્ત્ત જોવાનું શાસ્ત્રોમાં વિધાન છે, તે એટલા માટે કે મંદ સત્ત્વવાળાને મોહનીયનો આવેગ આવે ત્યારે શુભમુહૂર્ત્ત વગેરેની સહાય હોય તો, ટકી રહેવાનો – મોહના ઉદયને નિષ્ફળ બનાવવાનો – પુરુષાર્થ કરવામાં ઉત્સાહ રહે. તીવ્ર સત્ત્વવાળાને આવી સહાયની અપેક્ષા નહિ. પૂર્વેના મહાપુરુષોમાં સત્ત્વ આવું પ્રબળ અને દીક્ષા આપનારા ય અતિશય જ્ઞાની, તેથી તેમને મુહૂર્ત્ત જોવાની જરૂર નહિ. આવા મહાપુરુષો દીક્ષા લે ત્યારે ઉત્તમ મુહૂર્ત આપોઆપ આવી જ જાય. અત્યારે તો જીવોનું સત્ત્વ નબળું અને દીક્ષા આપનારાનું જ્ઞાન પણ મર્યાદિત,માટે કુંડળીની સહાય લેવી પડે. સાચો જાણકાર હોય તો વૈરાગ્યની તીવ્રતા,મનની મક્કમતા વગેરે ગુણો કેવા અને ક્યાં સુધી – તેનો ખ્યાલ મેળવી શકે. સંયમજીવનમાં બાધક બને તેવી શરીરાદિની મોટી તકલીફનો પણ સંભવ હોય તો જાણી શકે. સ્વભાવની ઉગ્રતા વગેરે દુર્ગુણોનો ખ્યાલ આવી શકે. શ્રેષ્ઠ મુહૂર્ત્ત કાઢી શકે. આ બધા માટે કુંડળી જોવાય તે બરાબર છે પણ આજે તો આવા જાણકાર ખાસ રહ્યા નથી. અને અડધુંપડધું જાણનારા વહેમ નાંખે કે તમારી કુંડળીમાં દીક્ષાયોગ નથી, તે સાંભળીને ઘરે બેસી જનારા સત્ત્વ વગરના છે – એમ કહેવાય. સત્ત્વશાળી તો પૂછે કે કેવું તોફાન આવવાનું છે અને ક્યારે આવવાનું છે તે કહો તો તેનો સામનો કરવાની તૈયારી કરું. આજે તો કુંડળી સાચી કે ખોટી – તે ય નહિ સમજી શકનારા કુંડળી જુએ અને ફળાદેશ કરે. આવાના અભિપ્રાય ન લેવાય. જાણકારની વાત ધ્યાનમાં લેવાય. પણ, દીક્ષા લેનાર આ બધું – કુંડળી બતાવવાનું અને મુહૂર્ત્ત કઢાવવાનું – પોતાને માથે લઈને ચાલે

તે ખોટું છે. આ બધી જવાબદારી તો ગુરુને સોંપવાની હોય.ગુરુને યોગ્ય લાગે તેને પૂછે અને નિર્ણય લે. દીક્ષા લેતાં પહેલાં આવા સમર્પિત હોય તે જ પછી ય સમર્પિત રહી શકે. સત્ત્વ પણ ન હોય અને સમર્પણભાવ પણ ન હોય તેવા માટે કોઈ યોગમાર્ગ નથી.

औचित्याद् वृत्तयुक्तस्य અને वचनात्तत्त्वचिन्तनम् આ બે પદોનો વિચાર કર્યા બાદ હવે मैत्र्यादिसारमत्यन्तम् આ પદ ઉપર થોડો વિચાર કરી લઈએ એટલે અધ્યાત્મયોગનું વર્ણન પૂરું થઈ જશે. ઉચિત વર્ત્તન કરનાર અને આજ્ઞાનુસારી તત્ત્વચિંતન કરનારનું ચિત્ત મૈત્ર્યાદિભાવનાથી વાસિત હોવું જોઈએ. મૈત્ર્યાદિ ભાવના હણાય અને ચિંતન કર્યા કરે તેના અધ્યાત્મમાં ધૂળ પડે. સકલ જીવોના હિતની ભાવના તે મૈત્રી ભાવના. અધિક ગુણોવાળાના ગુણોની અનુમોદના કરવી તે પ્રમોદભાવના. દુઃખીના દુઃખને દૂર કરવાની ભાવના તે કરુણાભાવના. અને અયોગ્ય-અવિનીત જીવોની ઉપેક્ષા કરવી તે માધ્યસ્થભાવના. સકલ જીવના હિતની ભાવનાની વાત છે. હિત માટે ઔચિત્યપૂર્વક કામ કરવાનું. પોતાની - સાધુપણાની - પણ મર્યાદા મૂકીને સકલ જીવનું હિત કરવા માટે નીકળી નથી પડવાનું. મર્યાદામાં રહીને કામ કરવાનું. આજે તો સાધુપણા સુધી પહોંચેલામાં પણ આ મૈત્રી ભાવના અદશ્ય થઈ ગયેલી જોવાય છે. બધા જ જીવનું કલ્યાણ થાય - આવી ભાવનાવાળા પોતાના ગુરુ ભગવન્તને કે સહવર્ત્તીને દુઃખ કઈ રીતે પહોંચાડે છે - એ સમજાતું નથી. જે એકેન્દ્રિયની વેદના અવ્યક્ત છે તેને પણ દુઃખ નહિ આપનારા જેની વેદના અભિવ્યક્ત છે એવા સંજ્ઞી પંચેન્દ્રિય ગુર્વાદિજનની પણ ચિંતા ન કરે તો તેના ચિંતનને અધ્યાત્મ કઈ રીતે કહેવાય ? સકલ જીવની મૈત્રી ઈચ્છનારા ગુરુ ભગવન્તની મૈત્રી ન ઈચ્છે તો તે અધ્યાત્મયોગી થાય કઈ રીતે ? ગુરુભગવન્તનું હિત તો ન ચિંતવે - પણ ગુરુ ભગવન્તને દુઃખ પહોંચાડે તેને અધ્યાત્મનો યોગ થાય ? જેની મૈત્રી ભાવના જ હણાઈ ગઈ છે - તેનું અધ્યાત્મ તો ગુમ જ થઈ ગયું છે - એમ સમજી લેવાનું. સાધુપણામાં આવીને પોતાના દોષો જોવાના બદલે બીજાના - ગુર્વાદિકના દોષો જોવાનું શરૂ કર્યું - એનું આ પરિણામ છે. આજે ગુરુભગવન્ત બધાને કેવા જોઈએ છે ? - ઉદાર અને ગંભીર ! આપણે ગમે તેવી ભૂલ કરીએ છતાં તેને ધ્યાનમાં જ ન લે તે ઉદાર અને કદાચ આપણી ભૂલ ધ્યાનમાં આવી પણ ગઈ તોય ક્યારેય આપણી આગળ કે બીજાની આગળ બોલે નહિ તે ગંભીર. આવા ગુરુભગવન્ત લગભગ આજનાં સાધુસાધ્વીને જોઈએ છે - આવી પરિસ્થિતિમાં મૈત્રીભાવનાનો જન્મ પણ ક્યાંથી થાય ? જ્યાં સુધી કર્મનો યોગ છે ત્યાં સુધી ભૂલ તો થવાની જ છે. આપણી પણ થવાની અને ગુરુભગવન્તની પણ થવાની. છતાં ભગવાનના શાસનની આ રીત જ છે કે ગુરુભગવન્તના દોષો આપણે જોવા પણ નહિ. અને આપણા દોષો ગુરુભગવન્ત જાુએ પણ ખરા અને બતાવે પણ ખરા. ગુરુભગવન્તને આટલો અધિકાર આપવાની તૈયારી ન હોય તેવાએ સાધુપણામાં ન આવવું. દીક્ષા લીધેલાની વાત તો જવા દો, આજે તો દીક્ષાર્થી મુમુક્ષુ તરીકે ય સાથે ફરનારો અયોગ્ય હોય તો ગુરુના અને અન્યોના દોષો જોયા કરે. પોતાની યોગ્યતા કેળવવાને બદલે બીજાની યોગ્યતા તપાસતો થઈ જાય. આવાને મુમુક્ષુ તરીકે લાંબો વખત સાથે ન રખાય. બીજી રીતે યોગ્યતા લાગે તો દીક્ષા અપાય, નહિ તો પાછો ઘરે મોકલાય, પણ સાથે તો ન ફેરવાય. ભગવાનના સાધુ શાસનને જોનારા હોય, શિષ્યને જોનારા નહિ. જેને શાસન પ્રિય હોય તે અયોગ્યને સાધુપણામાં ન ઘાલે. કદાચ દીક્ષા લીધા પછી તેવા પ્રકારની અયોગ્યતા જણાય તોય તેવાને શાસનમાં ન રાખતા ઘરે મોકલે. શાસનને પામેલા શ્રાવકની પણ ઈચ્છા એ જ હોય કે પોતાનો છોકરો આજ્ઞા મુજબ દીક્ષા પાળે તો ઠીક, નહિ તો તેને પણ ઘરે લઈ આવવાની તૈયારી હોય. પોતાના નાક ખાતર શાસનનું નુકસાન વહોરી લેવા તે રાજી ન હોય. પોતાના આત્માનું અને ભગવાનના શાસનનું હિત જેને હૈયે વસ્યું હોય તે જ સાચી મૈત્રી ભાવના પામી શકે. આજે શિષ્યોની મૈત્રી ભાવના નાશ પામવા માંડી છે તેના યોગે ગુરુભગવન્તને ઉપેક્ષા ભાવના ભાવવાનો વખત આવ્યો છે. આવી વિષમપરિસ્થિતિમાંથી બહાર નીકળવું હશે તો મૈત્ર્યાદિ ભાવનાથી ભાવિત થયા વિના બીજો કોઈ ઉપાય નથી. અને મૈત્રીભાવના માટે પોતાની અનુકૂળતાની ચિંતા છોડી, પોતાના આત્માના હિતની ચિંતા કરવાની જરૂર છે.

આ રીતે ભગવાનના શાસનના તત્ત્વનું ચિંતન કરવું, સ્વોચિત આચારમાં સ્થિર થવું અને મૈત્ર્યાદિભાવનાથી વાસિત અંતકરણવાળા બનવું - એ જ અધ્યાત્મ યોગ પામવાનો ઉપાય છે. આવા પ્રકારનો અધ્યાત્મયોગ પામ્યા પછી ભાવનાયોગ કઈ રીતે પ્રગટ થાય છે તે જણાવવા માટે અધ્યાત્મયોગનું ફળ ૩૫૯મી ગાથામાં જણાવે છે-

**अतः पापक्षयः सत्त्वं, शीलं ज्ञानं च शाश्वतम् ।**
**तथानुभवसंसिद्धममृतं ह्यद एव तु ।।३५९।।**

આ અધ્યાત્મના કારણે જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મનો પ્રલય થાય છે.વીર્યના ઉત્કર્ષસ્વરૂપ સત્ત્વ પ્રગટે છે. ચિત્તની સમાધિ સ્વરૂપ શીલપ્રાપ્તિ થાય છે. શુદ્ધરત્નની કાંતિજેવું અપ્રતિપાતી એવું વસ્તુના અવબોધસ્વરૂપ જ્ઞાન થાય છે તેમ જ અત્યન્તદારુણ એવા મોહરૂપી વિષના વિકારનું નિરાકરણ કરનાર હોવાથી આ અધ્યાત્મ જ અનુભવસિદ્ધ એવું અમૃત છે.

અધ્યાત્મયોગના કારણે પાપનો ક્ષય થાય છે અને અમૃતાવસ્થા પ્રાપ્ત થાય છે. અહીં અમૃતાવસ્થા એટલે મરણના અભાવવાળી અવસ્થા નહિ, પરંતુ મરણના ભય વગરની અવસ્થા - આવો અર્થ કરવો. જે પાપ કરે તેને મૃત્યુનો ભય હોય. જે પાપ કરતો નથી તેને મરણથી ડરવાનું કોઈ કારણ જ નથી. જેને પાપનો ભય ન હોય તે મરણથી ડર્યા કરે. જેને પાપનો ભય પેદા થયો હોય તેને મરણનો ભય ન હોય, મરણના કારણનો ભય હોય. મરણાવસ્થાનું કારણ આ સંસાર છે. અધ્યાત્મના કારણે રાગદ્વેષની પરિણતિ રૂપ સંસાર ટળ્યો તેથી મરણનો ભય પણ ટળી ગયો. જેનું કારણ ટળી ગયું તે કાર્ય પણ ટળી ગયું - સમજવું.

આ રીતે પાપક્ષય, સત્ત્વ, શીલ, શાસ્ત્રજ્ઞાન આદિના યોગે મજબૂત થયેલો અધ્યાત્મ ભાવનાને કઈ રીતે લાવી આપે છે તે જણાવે છે-

**अभ्यासोऽस्यैव विज्ञेयः, प्रत्यहं वृद्धिसङ्गतः ।**
**मनःसमाधिसंयुक्तः, पौनःपुन्येन भावना ।।३६०।।**

ચિત્તવૃત્તિના નિરોધ સ્વરૂપ મનની સમાધિપૂર્વક, દિવસે દિવસે વૃદ્ધિને પામતો વારંવાર કરેલો આ અધ્યાત્મયોગનો અભ્યાસ જ ભાવના તરીકે જાણવો.

જે ભાવનાનું કારણ બને છે તે જ અધ્યાત્મયોગ કહેવાય. અધ્યાત્મ એ કારણ સ્વરૂપ યોગ છે. જેઓ કારણસ્વરૂપ યોગને પણ યોગ તરીકે સ્વીકારે તેઓ જ અધ્યાત્માદિને યોગ તરીકે માની શકે. જેઓ કારણસ્વરૂપ યોગને યોગ નથી માનતા, તેઓને તો કેવલ વૃત્તિસંક્ષયને જ યોગ માનવો પડશે. અહીં કારણસ્વરૂપ યોગને યોગ માનીને અધ્યાત્માદિને યોગ તરીકે જણાવ્યા છે. જીવાદિ તત્ત્વોનું આજ્ઞાનુસારી ચિંતન એક વાર કર્યા પછી તે વારંવાર કરવાનું મન થાય તો જ ભાવના આવે. જો ભાવના ન આવે તો અધ્યાત્મમાં - એકવારના ચિંતનમાં બનાવટ આવવા માંડી છે - એમ સમજી લેવું. અધ્યાત્મ અને ભાવનાના વિષય એક જ હોય છે. ફરક માત્ર એટલો હોય છે કે અધ્યાત્મમાં એ વિષયનું એક વાર ચિંતન હોય છે. જ્યારે ભાવનામાં અધ્યાત્મના વિષયનું વારંવાર ચિંતન હોય છે. ત્યાર બાદ ભાવનામાં જે વિવિધ વિષયો હતા, તેમાંના એક જ વિષયમાં સ્થિર ચિંતન કરવું તેનું નામ ધ્યાન. આ અધ્યાત્મ, ભાવના, ધ્યાન અંશે અંશે પહેલે ગુણઠાણે તેમ જ ચોથે ગુણઠાણે પ્રાપ્ત કરી લેવાના. પોતાની કક્ષા મુજબ સાધુધર્મની પરિભાવના કરતાં કરતાં જ આ બધું પૂરું કરી લેવાનું. વર્ત્તમાનમાં મોટેભાગે સાધુધર્મની પરિભાવના કરતી વખતે કષ્ટ વેઠવાનું કે સુખશીલતા છોડવાનું કોઈ લક્ષ્ય હોતું નથી. અનુકૂળતા કઈ રીતે મેળવવી અને પ્રતિકૂળતા કઈ રીતે ટાળવી એનો અભ્યાસ સાધુધર્મની પરિભાવનામાંથી જ પાડવા માંડે - એવા અમારા આજના મુમુક્ષુઓ છે. આવા મુમુક્ષુઓ પહેલેથી જ આવા સંસ્કાર લઈને સાધુપણામાં આવે તો તેમનો નિસ્તાર ક્યાંથી થાય ? પૂ. આચાર્યભગવન્તે કહ્યું હતું કે મુમુક્ષુપણામાં રહેલાને ૧૦,૦૦૦ ગાથા કંઠસ્થ કરાવે અને છ મહિના સુધી લાગલગાટ આયંબિલ કરાવે પછી જો તેને દીક્ષા આપવામાં આવે તો એવા દીક્ષિતો પોતાનું કલ્યાણ સાધવા સાથે અનેકોને આદર્શભૂત બની રહે. આચાર્યભગવન્તની આવી ઉત્તમકોટિની સલાહ જો સાધુસાધ્વીએ માની હોત તો આજે આ દશા ન હોત. આવા પ્રકારની સાધુધર્મની પરિભાવના કર્યા વિના જ જેઓ સાધુપણામાં આવી ગયા છે, તેઓ પણ જો દસ હજાર ગાથા કંઠસ્થ કરવા માટે પ્રયત્ન કરે તો આજે ય ઘણા દોષોથી બચી શકાય એવું છે. આવા પ્રકારનો પ્રયત્ન કરો કે ન કરો - પરંતુ જેઓ આ વાતને ફેંકી દેવા જેવી માને તેઓ સાધુપણામાંથી ફેંકાઈ જવાના. આ બધી વાત તો તેને માટે ચાલે છે કે જેને ચારિત્રમોહનીય તોડવું છે. જેને ચારિત્રમોહનીય તોડવું છે તેને જ્ઞાનની રુચિ પેદા કર્યા વિના નહિ ચાલે. સાધુપણાની પ્રાપ્તિ માટે કે સ્થિરતા માટે જ્ઞાનરુચિ એ અમોઘ સાધન છે. જ્ઞાનની રુચિ ન હોય તેને સાધુપણાનો સ્વાદ ન આવે. અમૃત લીધા વિના મીઠાશનો સ્વાદ ક્યાંથી આવે ? જ્ઞાન પ્રત્યેની નફરત, ચારિત્ર પ્રત્યેની નફરતમાં જ પરિણમે છે. આથી જ્ઞાનની નફરતવાળો જ્ઞાનાવરણીય કર્મની સાથે ચારિત્રમોહનીય આગળ વધીને મિથ્યાત્વમોહનીય પણ બાંધે છે. જ્ઞાનની રુચિ વિના સાધુપણામાં પંદર કલાકનો સ્વાધ્યાય શક્ય નહિ બને. આ રુચિ પેદા કર્યા વિના જ સાધુપણામાં પેસી ગયેલા, સ્વાધ્યાયનો ભોગ ન લે તો બીજું કરે પણ શું ? જે જ્ઞાનને શાસ્ત્રકારો અમૃતની ઉપમા આપે છે તે જ્ઞાનામૃત પણ જેને

ઝેર જેવું લાગે તેઓ મરવાના થયા છે. સાધુપણામાં જે સ્વાદ છે તે આ જ્ઞાનરુચિનો છે. પછી તે કેવળજ્ઞાનની રુચિનો હોય કે શ્રુતજ્ઞાનની રુચિનો ! કેવળજ્ઞાનની રુચિવાળાને કેવળજ્ઞાનના કારણભૂત શ્રુતજ્ઞાનની રુચિ ન હોય - એ ન બને. શ્રુતજ્ઞાનની પૂર્ણતા (ચૌદપૂર્વનો ક્ષયોપશમ) વિના ચારિત્રમોહનીયનો ક્ષય થતો નથી અને ચારિત્રમોહનીયના ક્ષય વિના કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી. તમારે કેવળજ્ઞાન જોઈએ છે ? ચારિત્રમોહનીય તોડવું છે ? જો તોડવું હોય તો ભણવા માંડો. ગમે તેવા અજ્ઞાનીને પણ સમર્થ જ્ઞાની બનાવનાર આ જ્ઞાનની રુચિ છે. સંસ્કૃતનો અભ્યાસ કરતી વખતે 'પહેલી બુક, પહેલો પાઠ...' આટલું પણ જેને ગોખવું પડતું હતું, તે એ રીતે ગોખીને પણ પિસ્તાળીસ આગમના જ્ઞાતા બન્યા. સાહેબજીએ એમને એ રીતે ગોખાવ્યું હતું અને તેમણે પણ કંટાળ્યા વગર ગોખ્યું. આજના ભણનારા તો, આમાંથી અડધું નકામું છે એમ કહે. એના યોગે જ ગમે તેટલું ભણવા છતાં વિદ્વત્તા નથી આવતી. યોગ્ય ગુરુની નિશ્રામાં તેમના માર્ગદર્શન મુજબ દિલ દઈને ભણે તો સમર્થ વિદ્વાન અને માર્ગના જ્ઞાતા બન્યા વિના ન રહે.

આપણી મૂળ વાત તો એ હતી કે અધ્યાત્મ, ભાવના અને ધ્યાન યોગ અંશે અંશે સાધુધર્મની પરિભાવનામાં જ પ્રાપ્ત કરી લેવાના છે. અધ્યાત્મયોગમાં જે ચિંતન છે તે જ ભાવનામાં વારંવાર કરવામાં આવે છે. અધ્યાત્મના અજીર્ણ તરીકે લોકોને હીન ગણવાની વૃત્તિની સંભાવના હતી. આથી ત્યાં મૈત્ર્યાદિભાવને લાવવાનું જણાવ્યું હતું. જ્યારે ભાવનાના કારણે ઉપયોગ ચુકાવાની સંભાવના છે. કારણ કે વારંવારનો અભ્યાસ આત્મસાત્ થવાના કારણે નિશ્ચિંત બની જાય. તેથી અનુપયોગદશાના યોગે મનની સમાધિ જાય. ભાવનામાં આ દોષની સંભાવના હોવાથી 'મનઃસમાધિસંયુક્ત' કહ્યું. ચિત્તનું મોક્ષમાં લાગી રહેવું, મનનું અવક્રગમન-સરળતાએ મોક્ષમાર્ગમાં ચાલવું એનું નામ મનની સમાધિ. મન વિચલિત થવા માંડે તો ભાવના મૂકી રાખવાની. ઉપયોગનું સાતત્ય જળવાય, આર્ત્તધ્યાનની લાગણી ન જન્મે - એ રીતે ભાવવાનું. માત્ર વારંવાર કરવાનો ઉપદેશ નથી આપવો, તન્મયતાથી કરવાનો ઉપદેશ આપવો છે. તેથી 'મનની સમાધિ' લાવ્યા. વારંવારનું ચિંતન એ ભાવના નથી. મનની સમાધિપૂર્વકનું વારંવાર જે ચિંતન તેનું નામ ભાવના. મન જો ઉદ્વિગ્ન બને, આર્તધ્યાનમાં પ્રવર્તે તો ભાવના નકામી જાય. ભાવનાયોગના ચિંતન વખતે ધ્યાનયોગ માટે પ્રયત્ન કરવાનો, પણ આર્ત્તધ્યાન ન થાય - એની કાળજી રાખવાની. શરીરને કેળવવા માટે કસરત જે રીતે કરે તે રીતે મનને કેળવવા માટે ચિંતન કરવાનું. શક્તિ છુપાવવાની વાત નથી, પણ આવતી કાલે કરવા માટે જીવતા રહે એ રીતે કસરત કરે ને ? નુકસાન થાય એ રીતે તો ન કરે ને ? તેમ અહીં પણ મનને કેળવવા માટે ચિંતન કરતી વખતે તકલીફ પડે એનો વાંધો નહિ, તકલીફ તો પડવી જ જોઈએ, પરંતુ મન પડી જાય - એવી તકલીફ નથી પાડવાની. આપણી પોતાની શક્તિ, સંયોગો અને સમાધિને નજર સામે રાખીને નિર્માયપણે વર્ત્તવાનું. તો જ ભાવનાયોગ પામી શકાશે.

અધ્યાત્મના પ્રેમના કારણે વારંવાર તત્ત્વચિંતન થાય છે. વારંવાર કરેલું એ તત્ત્વચિંતન સંસ્કાર પેદા કરે છે, જેના યોગે ભાવનાયોગ આવે છે. મળેલો અધ્યાત્મયોગ જો રુચિકર ન બને તો યોગીઓ ભાવના સુધી નથી પહોંચતા. અનેક વાર મળેલો અધ્યાત્મયોગ ગમ્યો નહિ તેથી ભાવના, ધ્યાન, સમતા વગેરે ન આવ્યા. માટે જ અનાદિકાળથી સંસારમાં રખડી રહ્યા છીએ. મૂળમાં ખામી એ છે કે આત્મલક્ષી અનુષ્ઠાન કરવાના બદલે સુખલક્ષી અને દુઃખના અભાવલક્ષી પ્રવૃત્તિ શરૂ કરી દીધી છે. સાધુપણામાં આવેલાની પણ વર્ત્તમાનસ્થિતિ જોતાં લગભગ એમ લાગે કે ઊંડે ઊંડે પણ અધ્યાત્મનો અભાવ છે અથવા તો અધ્યાત્મ આવ્યા પછી પણ તેની રુચિ નથી રહી. મળેલી વસ્તુ જેને ઉપાદેય લાગે તે તેને ટકાવવા માટે મહેનત કરે કે ફેંકી દેવા માટે ? સાધુપણાનું સુખ અંશે પણ અનુભવ્યું નથી - એવું તો લગભગ કોઈ સાધુસાધ્વી કહી નહિ શકે. જો સાધુપણાનો પ્રેમ હોત, રુચિ હોત તો એ નિર્દોષ આનંદને ટકાવવા માટે મહેનત કર્યા વિના ન રહેત. શ્રી દશવૈકાલિક સૂત્રમાં અને શ્રી આચારાંગસૂત્રમાં શાસ્ત્રકારે એ જ હિતશિક્ષા આપી હતી કે, 'यया श्रद्धया निष्क्रान्तः तामेव अनुपालयेद्' જે શ્રદ્ધાના બળે આ સંસારમાંથી નીકળ્યો તે શ્રદ્ધાને જ અનુસર અર્થાદ્ એ શ્રદ્ધાના બળે, મળેલા ગુણને ટકાવવા પ્રયત્ન કર... સારામાં સારી રીતે દીક્ષા લેનારા પણ જો અહીં આવીને મૂંઝાય તો માનવું પડે ને કે પોતાના પરિણામ ટકાવવાની કોશિશ નથી કરી ?

સ૦ અશુભ કર્મનો ઉદય થાય તો ય પરિણામ ન ટકે ને ?

તેવા પ્રકારના કર્મના ઉદયે પરિણામ ટક્યા નહિ - એવું માનવાના બદલે ટકાવવાના પુરુષાર્થના અભાવે પરિણામ પડ્યા - એમ માનવું વધુ સાચું છે. અશુભ કર્મ તો પાડવાનું કામ કરવાનું જ, કર્મ તો ધક્કો મારવાનું જ. છતાં તે વખતે ડગે નહિ, તે ટકી શકે. આત્માના ઘરમાં કર્મને પેસવા દે તે સાધક નહિ, આવેલા

કર્મને લાત મારે તે સાધક. સાધક તો ચારે બાજુ ધ્યાન રાખે. કર્મનો ઉદય થાય એ પહેલાંથી જ તે સાવધ હોય. પૈસા લેતી વખતે અપ્રમત્તપણે વર્ત્તનારો લીધા પછી પ્રમાદ સેવે તો પૈસો રહે કે જાય ? પ્રમાદના યોગે પતન થયું – એવું બોલવાનો વખત તો પ્રમાદી માણસને આવે. પ્રમાદના સંયોગોમાં પણ પતન ન થવા દેવું – એ પુરુષાર્થનું ફળ છે. પુરુષાર્થને આગળ કરે – એવાનું જ અધ્યાત્મમાર્ગમાં કામ છે. કર્મના ભરોસે રહેનારનો અધ્યાત્મયોગ પોલો જ રહેવાનો અને અધ્યાત્મયોગ જો પોલો હશે, ઔદયિકભાવનો હશે તો આગળનું બધું જ પોલું રહેવાનું.

સ૦ એવું પણ અધ્યાત્મ સાચા અધ્યાત્મનું કારણ બને ને ?

ક્યારે બને ? પોતાનું સ્વરૂપ બદલે તો કે કાયમ રાખીને બને ? માટી માટીરૂપે રહે અને ઘડો થાય – એવું બને ? માટી પોતાનો આકાર છોડે તો જ તે ઘડાનું કારણ બને છે. તેમ ઔદયિકભાવની દીક્ષા પણ ક્ષયોપશમભાવનું કારણ બને, પણ ક્યારે ? ઔદયિકભાવનો આકાર બદલાય તો ને ? સારી વસ્તુ પણ પુણ્યના યોગે મળી ગયા પછી તેને ઉપયોગમાં લઈએ તો કામ લાગે. ભલે ઔદયિકભાવની દીક્ષા મળી, પણ દીક્ષા ગમે છે ખરી ? જો દીક્ષા ગમી જશે તો તેને ક્ષયોપશમભાવની બનાવવાનું મન થશે. તારક સામગ્રી મળે પુણ્યના યોગે, પણ એ ગમે ક્ષયોપશમભાવના યોગે. સમવસરણનું પગથિયું ચઢવા મળે પુણ્યથી, પરન્તુ સમવસરણમાં અપાયેલી દેશના ગમે ક્ષયોપશમભાવથી. માત્ર પુણ્યથી નિસ્તાર નથી થતો, સાથે આરાધના કરવાનું મન પણ જોઈએ. તારક સામગ્રીનો ઉપયોગ આરાધના કરવામાં કરવાના બદલે આશાતના કરવામાં કરે તો એ પુણ્ય મહાપાપસ્વરૂપ છે. અરિહન્તપરમાત્માની આશાતના ખરાબમાં ખરાબ થવાની હોય તો તે માટે જન્મ જૈનકુળમાં જ મળવાનો. ધર્મ માટે અનુકૂળ સામગ્રી આપે, એટલા પૂરતું જ પુણ્ય ઉપાદેય છે.

આપણી પાસે પુણ્યની તો કોઈ કમીના નથી. આ કાળમાં જેટલી પણ આરાધના શક્ય છે તે કરી શકીએ એવું આપણું પુણ્ય છે. હવે આરાધના કરવાનું મન કેટલું છે એ તપાસવાની જરૂર છે. આપણે ક્યાં ઊભા છીએ – એ તો આપણે પોતે જ નક્કી કરવું પડશે. પોતાની અવસ્થાનું ભાન ન હોય તેવાઓ ક્યારે પણ ધર્મમાર્ગે જઈ ન શકે. અધ્યાત્મની વાતો કરનારા આજે અધ્યાત્મના માર્ગે નથી રહ્યા. આગળ વધીને 'અધ્યાત્મના માર્ગે નથી' એનું દુ:ખ પણ નથી – આવી વિષમ અવસ્થામાં અધ્યાત્મની ભૂમિકા પણ ક્યાંથી સંભવે ? પોતાની ભૂમિકાને ન જાણે તે ગમે તેટલો અધ્યાત્મનો દેખાવ કરે તોય અધ્યાત્મની ભૂમિકામાં ન આવી શકે. આપણી જાતને તપાસીએ તો આપણો અધ્યાત્મ બનાવટી છે – આ વસ્તુ પ્રામાણિકપણે સ્વીકાર્યા વગર નહિ ચાલે. આપણી ભૂલને ભૂલ તરીકે સ્વીકારવી – આ જ મોટામાં મોટો ગુણનો પાયો છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે ગુર્વાદિક ખોટી ભૂલ બતાવે તોય એક વાર તહત્તિ કરીને ઊભા થઈ જવાનું. જો એ વખતે દલીલ કરવા બેસે તો તેવાની લાયકાત પરખાઈ જાય. લાયકાત પરખાયા પછી બાહ્યથી ગુરુભગવન્ત પાસે કદાચ રહી જાય, પણ હૈયામાંથી તો સ્થાન જતું જ રહે. સાહેબ પણ કહેતા કે મુમુક્ષુને ખોટી ભૂલ બતાવીને તેની પરીક્ષા કરવાની. આજે અમે તો મુમુક્ષુની એક જ પરીક્ષા રાખી છે કે – 'મારી પ્રત્યે એને સદ્‌ભાવ છે કે નહિ' – એ જોવાનું. બોલવાનું કે 'ગુરુ પ્રત્યે સદ્‌ભાવ છે કે નહિ' પણ મનમાં તો સમજી લેવાનું કે 'ગુરુનું માને' એટલે કે 'મારું માને'. આ બધાં લક્ષણ અધ્યાત્મની રુચિના અભાવનાં છે. આમાં ન તો દીક્ષા લેનારને અધ્યાત્મની રુચિ છે કે ન તો આપનારને ! અધ્યાત્મયોગમાં જ આટલી મુસીબત હોય તો ભાવનાયોગની શી વાત કરવી ? અધ્યાત્મયોગનો પ્રેમ કોઈ પણ સંયોગોમાં જગાડ્યા વિના નહિ ચાલે. એક વાર અધ્યાત્મ ગમ્યા પછી કોઈની તાકાત નથી કે ભાવનાયોગમાં જતાં રોકે. એવી પણ મુમુક્ષુઓ હતી કે ખાખરા વણતાં ગાથા ગોખે. અધ્યાત્મનો પ્રેમ હોય તેને જ આ સમજાય. જ્યારે અમારે ત્યાં એવા પણ છે કે જેને ગોખતાં ગોખતાં ખાખરા યાદ આવે... કાંઈ સમજાય છે ?

સ૦ એકસાથે બે ઉપયોગ રહે ?

અધ્યાત્મનો પ્રેમ કોને કહેવાય એ તમને ખબર જ નથી. એકસાથે બે ઉપયોગ ન રહે એ તો બરાબર છે. એકસાથે એટલે કે એક સમયમાં બે ઉપયોગ ન હોય, પરન્તુ એક અંતર્મુહૂર્ત્તમાં કેટલા ઉપયોગ હોય ? ખાખરા વણવાની ક્રિયા અંતર્મુહૂર્ત્તની કે સમયની ? ગાથા કરવાની ક્રિયા અંતર્મુહૂર્ત્તની કે સમયની ? અંતર્મુહૂર્ત્તમાં બે ઉપયોગ રહે કે નહિ ? અને એ અંતર્મુહૂર્ત્તના પાછા કેટલા ભેદ – તે જાણો છો ? એક ક્રોડપૂર્વમાં અનેક વાર સાતમે ગુણઠાણે અંતર્મુહૂર્ત્ત માટે જાય છતાં ક્રોડપૂર્વના ચારિત્રપર્યાયમાં સાતમા ગુણઠાણાનો કાળ બધો મળીને ય અંતર્મુહૂર્ત્તનો જ ગણાય. એમ ઉપયોગ ગાથામાં વધારે છે અને ખાખરા વણવાની ક્રિયામાં અલ્પ છે. સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત મોક્ષમાં અને શરીર સંસારમાં... એમ

શાસ્ત્રકારો કહે છે, ત્યાં એકસાથે બે ઉપયોગની શંકા ન પડી ? વાત, પ્રધાનતા કોની - તેની થાય છે. સંસારની ક્રિયા ભલે થાય છે, છતાં ઉપયોગ તો મોક્ષમાં જ છે... બરાબર સમજાયું ? આજના નવા ભણનારાની આ જ તકલીફ છે કે, વાત કઈ રીતે ખોટી છે ત્યાં જ એનું માથું ચાલે ! આવાઓને ભણાવવામાં આપણી શક્તિ વેડફાઈ જાય.

આપણી વાત તો એ ચાલે છે કે અધ્યાત્મનો પ્રેમ જાગી જાય તે ભાવનામાં ગયા વિના ન રહે. આત્માના સ્વરૂપને જોવું તે અધ્યાત્મ અને આત્માના સ્વરૂપને જોતાં ધરાવું નહિ - તે ભાવના. સ્વાધ્યાય કરવો તે અધ્યાત્મ. સ્વાધ્યાય કર્યા પછી તેને ફેરવ્યા કરવો તે ભાવના. અપ્રશસ્ત અધ્યાત્મમાં આવું સ્પષ્ટ જોવા મળે છે કે તે ભાવનાને લાવી આપે. ખાધા પછી જીભ ફર્યા કરે એ અપ્રશસ્તભાવના છે. બહેનોને પણ જોયાં છે ? સાડી ને અલંકાર પહેર્યા પછી વારંવાર જોયા કરે, જોતાં ધરાય જ નહિ. જે વસ્તુ આપણને રુચિકર બની છે, તેને આત્મસાત્ કરવાનો પ્રયત્ન તેનું નામ ભાવના. અપ્રશસ્ત અધ્યાત્મ અપ્રશસ્ત ભાવનાને લાવે તો પ્રશસ્ત અધ્યાત્મ પ્રશસ્ત ભાવનાને કેમ ન લાવે ? મળેલો ગુણ કોઈ પણ ભોગે ટકાવવો જ છે - આ પરિણામ ભાવનાયોગમાં પહોંચાડે છે. દેશોનપૂર્વકોટિ વર્ષ સુધી જે પરિણામ (સર્વવિરતિનો કે દેશવિરતિનો) ટકે છે - એવું શાસ્ત્રકારો કહે છે, તેને પણ ટકાવવા મહેનત ન કરે તો કેમ ચાલે ? આ કાંઈ અશક્યમાં તો પ્રયત્ન નથી ને ?

ગુણની પ્રાપ્તિ જેમ પ્રયત્નથી સાધ્ય છે તેમ ગુણની સ્થિરતા પણ પ્રયત્નથી જ સાધ્ય છે. કાર્ય શરૂ કરતાં વધુ બળ જોઈએ. છતાં તે ચાલુ રાખવામાં ય બળ તો જોઈએ ને ? અપ્રમત્ત દશા જોઈએ ને ? તેમ અધ્યાત્મયોગ પામવા માટે ઘણું સત્ત્વ અને સામર્થ્ય જોઈએ. છતાં ય અધ્યાત્મથી યોગની પ્રવૃત્તિ શરૂ કર્યા પછી અપ્રમત્તપણે રહે તો જ ભાવના આવે.

આ રીતે ભાવનાયોગ પ્રાપ્ત થયા પછી હવે ભાવનાનું ફળ શું મળે છે - તે જોઈ લઈએ...

**निवृत्तिरशुभाभ्यासाच्छुभाभ्यासानुकूलता ।**
**तथा सुचित्तवृद्धिश्च, भावनायाः फलं मतम् ।।३६१।।**

કામક્રોધાદિવિષયક અશુભ અભ્યાસની નિવૃત્તિ, જ્ઞાનાદિવિષયક શુભ અભ્યાસની અનુકૂળતા અને સુંદર પ્રકારના શુદ્ધચિત્તનો ઉત્કર્ષ ભાવનાનું ફળ છે.

ભાવનાના કારણે સૌથી પહેલાં અશુભ અભ્યાસની નિવૃત્તિ થાય છે - આ જ મોટો લાભ છે. અધ્યાત્મના કારણે અશુભ પ્રવૃત્તિ છૂટી ગઈ હતી, હવે ભાવનાના કારણે અશુભપ્રવૃત્તિનો અભ્યાસ પણ છૂટી જાય છે. સાધુપણામાં આવતી વખતે જે સંયોગો, જે સંબંધો છોડીને આવ્યા તે નવેસરથી ઊભા ન કરે... એમ શાસ્ત્રકારો શ્રી ઉત્તરાધ્યયન વગેરે સૂત્રોમાં કહી ગયા છે. જનસંપર્ક ટાળવાનો, સ્વજનસંપર્ક ટાળવાનો, અર્થકામનો સંપર્ક ટાળવાનો. અનાદિનો આ અભ્યાસ ભાવના વિના છૂટવો શક્ય નથી. ભાવના વિના અશુભની નિવૃત્તિ ન થાય. જો ભાવના ન હોય તો નવરા પડેલા સાધુઓ અશુભમાં પ્રવૃત્તિ કર્યા વગર ન રહે. આથી અશુભ પ્રવૃત્તિમાંથી દૂર થવું - આ ભાવનાયોગનું મહત્ત્વનું ફળ છે. સર્વવિરતિધરની જેમ દેશવિરતિધર કે સમકિતી પણ ભાવનાયોગના આ ફળને અંશે પામે છે. અશુભ અભ્યાસમાંથી કાયાથી કદાચ દૂર ન થવાય તોય મનથી તો તેઓ તેમાંથી નિવૃત્ત થઈ જાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે અવિરતિને ટાળવા માટે અને સર્વવિરતિને પામવા માટે અધીરો થાય તે સમકિતી. સ્વાદ ચાખ્યા પછી ન મળે તો અધીરાઈ થાય ને ? તેમ સર્વવિરતિનો સ્વાદ ચાખ્યા પછી સર્વવિરતિ ન મળે અને અવિરતિ ન ટળે એની અધીરાઈનો તો પાર ન રહે.

અશુભ અભ્યાસમાંથી નિવૃત્તિ થાય તો જ શુભ અભ્યાસ પાડવાની અનુકૂળતા મળે છે. શુભ અભ્યાસ આવે કે ન આવે, શુભ અભ્યાસની અનુકૂળતા તો ભાવનાએ કરી આપી. એક વિષયને ચોક્કસપણે આત્મસાત્ કરવું તે ધ્યાન અને તેની અનુકૂળતા ભાવનાના કારણે મળે છે. શુભ પ્રવૃત્તિની શરૂઆત અધ્યાત્મથી થાય છે અને ભાવનાના યોગે એમાં લાગી રહેવાનું બને છે. તેથી હવે શુભનો અભ્યાસ પાડવાનું સહેલું થાય છે. આ શુભ અભ્યાસ ઉત્તરોત્તર ગુણઠાણાનો લેવો.

આ રીતે અશુભ અભ્યાસમાંથી નિવૃત્ત થવાથી અને શુભ અભ્યાસની ભૂમિકા સર્જાવાથી જે શુભ અધ્યવસાયની વૃદ્ધિ થાય છે એ વૃદ્ધિ ધ્યાનયોગને લાવી આપે છે તે જણાવે છે.

**शुभैकालम्बनं चित्तं, ध्यानमाहुर्मनीषिणः ।**
**स्थिरप्रदीपसदृशं, सूक्ष्माभोगसमन्वितम् ।।३६२।।**

નિર્વાતસ્થાનમાં રહેલ સ્થિરપ્રદીપની ઉપમાવાળા, ઉત્પાદાદિવિષયક સૂક્ષ્મ ઉપયોગથી યુક્ત અને પ્રશસ્ત એક પદાર્થરૂપ વિષયવાળા ચિત્તને બુદ્ધિમાનો ધર્મધ્યાનાદિસ્વરૂપ ધ્યાન કહે છે.

શુભ ચિત્તની વૃદ્ધિ થાય એટલે સ્થિર પ્રદીપની જ્યોત જેવું સ્થિર જ્ઞાન થઈ જાય. નિર્વાતસ્થાનમાં રહેલી પ્રદીપની જ્યોત જેમ સ્થિર હોય તેમ શુભ ચિત્તની અવસ્થા પણ સ્થિર હોય છે. જ્ઞાનને અસ્થિર બનાવનાર અશુભ ચિત્તવૃત્તિસ્વરૂપ સંકલ્પવિકલ્પો છે. ભાવનાના કારણે એ સંકલ્પવિકલ્પનો અભ્યાસ ટળી જાય છે અને નિર્મળપરિણતિરૂપ ચિત્તની વૃદ્ધિ થાય છે એ ચિત્ત શુભ એક આલંબનમાં સ્થિર બને છે - તેને ધ્યાન કહેવાય છે. તમારી ભાષામાં કચરામાંથી પણ પૈસા કમાવાની વૃત્તિ તે ધ્યાન. કારણ કે તમારે એક જ વિષય છે, પૈસો. જ્યાં મળે ત્યાં અને જ્યાંથી મળે ત્યાંથી પૈસાની જ વાત... એનું નામ પૈસાનું ધ્યાન. એ રીતે યોગમાર્ગમાં જ્યાં મળે ત્યાં અને જ્યાંથી મળે ત્યાંથી નિર્જરાની જ લગની તેનું નામ ધ્યાન. તમે જેમ ઓછી મહેનતે વધુમાં વધુ પૈસો કમાવામાં પડ્યા છો તેમ સાધુ ભગવન્તો ઓછામાં ઓછી પ્રવૃત્તિ કરી નિર્જરા ઢગલાબંધ કર્યા કરે. પ્રવૃત્તિનો લેશ નહિ અને ફળનો પાર નહિ તેનું નામ ધ્યાન. સ્વાધ્યાય કરે તે અધ્યાત્મ. વિષય ફર્યા કરે છતાં પંદર કલાક સ્વાધ્યાયમાં લાગી રહે તે ભાવના અને એક વિષય પર પંદર કલાક સ્વાધ્યાય કરે તે ધ્યાન. અધ્યાત્મમાં પણ આલંબન શુભ જ છે. છતાં અહીં એક જ આલંબન છે તેથી 'શુભૈકાલંબન' કહ્યું.

સ૦ વાત 'શુભ'ની જ ચાલે છે તો 'શુભ' ફરી કેમ કહ્યું ?

ધ્યાનની વ્યાખ્યા અધ્યાત્મગર્ભિત નથી. બધાની વ્યાખ્યા સ્વતંત્ર છે તેથી એ પ્રમાણે લખ્યું - અશુભ એક આલંબન અપ્રશસ્ત ધ્યાનમાં હોય અને શુભ અનેક આલંબન અધ્યાત્મમાં હોય, તે બંન્નેનો વ્યવચ્છેદ કરવા માટે શુભૈકાલંબન કહ્યું.

ધ્યાનની વાત જલદીથી મગજમાં બેસાડવા માટે દૃષ્ટાન્ત આપ્યું છે. અધ્યાત્મ અને ભાવનાની વ્યાખ્યા કરતી વખતે ઉપમા આપી ન હતી. સ્થિરતા વિના એકાગ્રતા નથી આવતી અને એકાગ્રતા વિના જ્ઞાનમાં સૂક્ષ્મતા આવતી નથી. ભાવનાના કારણે અભ્યાસ થવાથી સ્થિરતા આવી, એ સ્થિરતાના યોગે વિષયમાં એકાગ્રતા આવી અને પંદર કલાકથી એક જ વિષયમાં એકાગ્ર બનવાના કારણે જ્ઞાન સૂક્ષ્મ બન્યું, માટે ધ્યાનને સૂક્ષ્મ આભોગથી સમન્વિત કહ્યું.

'ભાવનામાં વિષય ભલે ફર્યા કરે, ઉપયોગ તો શુભમાં જ હતો ને ? તો પછી ધ્યાનની શી જરૂર ?' આ પ્રમાણે આશંકા હોય તો તેના નિરાકરણમાં ધ્યાનનું ફળ બતાવવા દ્વારા ધ્યાનની આવશ્યકતા અને પ્રધાનતા જણાવે છે-

**वशिता चैव सर्वत्र, भावस्तैमित्यमेव च ।**
**अनुबन्धव्यवच्छेद उदर्कोऽस्येति तद्‌विदः ।।३६३।।**

દુનિયાનાં દરેક કાર્યોની સ્વાધીનતા, ભાવની સ્તિમિતતા અને ભવાન્તરનો આરંભ કરનારા તેમ જ બીજાં પણ કર્મોના બંધનો અભાવ : આને ધ્યાનયોગના ફળના જાણકારો ધ્યાનયોગનું ફળ કહે છે.

દુનિયાના બધા પદાર્થો આપણને વશ બને છતાંય એમાંથી એક પણ પદાર્થ આપણા ભાવને વિચલિત ન બનાવે, આ પ્રભાવ ધ્યાનયોગનો છે. એથી ય આગળ વધીને ભવની પરંપરાને કરનાર કર્મબંધનો વ્યવચ્છેદ ધ્યાનયોગના કારણે થાય છે એ જ યોગીઓને મન પરમ આનંદનો વિષય છે. પ્રશસ્તવિષયનું ધ્યાન ધરતાં ધરતાં ધ્યાતા પણ પ્રશસ્ત બની જાય છે.

સ૦ ધૂન અને ધ્યાનમાં શું ફરક છે ?

ધૂન અપ્રશસ્ત વિષયની ય હોય, સાચું ધ્યાન પ્રશસ્ત વિષયનું હોય. ધૂન તો ખાવાપીવાની, પૈસા કમાવાની ય હોય. જ્યારે સાચું ધ્યાન તો આત્માના નિર્મળ સ્વરૂપનું હોય. એક વક્તા શ્રીમતી સુલસાસતીનું દૃષ્ટાન્ત આપતાં વ્યાખ્યાનમાં એમ બોલી ગયા કે 'સુલસાને સમકિતનો આફરો ચઢેલો'... આફરો ગુણનો ન હોય. ગુણની તો નિર્મળતા હોય, વિશુદ્ધિ હોય, પ્રકર્ષ હોય. હૈયામાં જો ગુણ હોય અથવા તો ગુણની રુચિ હોય તો સ્વાભાવિક જ મોઢામાં એવા શબ્દો આવે કે જે યોગ્ય જીવને અસર કર્યા વિના ન રહે - એવાઓ જ દેશના દેવાના અધિકારી છે. શાસ્ત્રમાં કહ્યું છે કે આચાર્યભગવન્તો અમોઘ દેશનાના ધણી હોય છે. એવા પ્રવચનદેશકો માર્ગના જ્ઞાતા અને નિર્મળ બુદ્ધિપ્રતિભાને ધરનારા હોવાથી તેમનાં પ્રવચનો સાંભળવાથી શ્રોતાઓ માર્ગના જ્ઞાતા બને. એવા પ્રવચનદેશકો પોતાની મહત્તા વધારવા માટે નહિ પરંતુ લોકોને માર્ગના જ્ઞાતા બનાવવા માટે દેશના આપતા હોય છે.

સ૦ સાહેબનાં વ્યાખ્યાન સંસ્કૃતમાં કરવાનું કોઈ આચાર્ય ભગવન્તે કહ્યું હતું - તે સાચું છે ?

સાહેબનાં વ્યાખ્યાન સંસ્કૃતમાં કરવાનું પૂ.આ.શ્રી. પ્રેમ સૂ.મ. કહેતા હતા તેનું કારણ એ હતું કે જે સાધુઓ સંસ્કૃતના જ્ઞાતા હતા અને સાહેબના

વ્યાખ્યાનમાં જતા ન હતા, તેવાઓને આ બહાને વ્યાખ્યાન વાંચતા કરીને માર્ગના જ્ઞાતા બનાવવા હતા. બાકી તો જે પદાર્થો શાસ્ત્રમાં સંસ્કૃત-પ્રાકૃતમાં હતા તે સામાન્યજનો પણ સમજી શકે તે માટે તો સરળ ગુજરાતી ભાષામાં એ આગમના પદાર્થો વ્યાખ્યાનમાં સાહેબ ફરમાવતા હતા. આથી તેનું ફરી સંસ્કૃતમાં ભાષાન્તર કરવાનું કોઈ પ્રયોજન ન હતું. સાહેબના વ્યાખ્યાનની મહત્તા વધારવા માટે એ વાત ન હતી, સાધુઓને માર્ગના જ્ઞાતા બનાવવાનો એમાં આશય હતો.

ધ્યાનનું ફળ વિચારતાં વિચારતાં આપણે બીજા વિષયમાં ચઢી ગયા. આપણે એ જોઈ ગયા કે ધ્યાનનો રસ જેને પડે, ધ્યાનયોગ જેને પ્રાપ્ત થઈ જાય, તે વ્યક્તિને દુનિયાના બધા જ પદાર્થો સ્વાધીન બની જાય. બાહ્યપરિણતિ તેને કદી નડતી નથી અને અભ્યન્તર પરિણતિ નિરન્તર ચાલ્યા કરે છે - તે જ ધ્યાનનું મોટામાં મોટું ફળ છે.

વિષયની-સાધનની જરૂર અધ્યાત્મ અને ભાવનામાં પડે છે, જ્યારે ધ્યાનમાં સાધનની જરૂર પડતી નથી. કારણ કે એક જ વિષય ઉપર એકાગ્રતા કેળવી હોવાથી સ્થિરતા ટકાવી શકાય છે. ભાવનામાં જ્ઞાનની ધારા ચાલે છે, વિષય ફરે છે. જ્યારે ધ્યાનમાં એક જ વિષયની - એક જ વિષયના જ્ઞાનની ધારા ચાલે છે. આવું ધ્યાન આપણે પણ પ્રાપ્ત કરવું છે. ધ્યાનનું આલંબન આપણા માટે ખૂબ લાભદાયક નીવડે એવું છે. કારણ કે આપણે મૃત્યુશય્યા પર હોઈએ, પુસ્તક હાથમાં લઈ શકાય - એવી સ્થિતિ ન હોય, પાસે નિર્યામણા કરાવનાર કોઈ હાજર ન હોય... તેવા વખતે કોઈ પણ સાધન વિના ધ્યાનના કારણે જ આપણે તરી શકીએ, ધ્યાન જ આપણને સમાધિ આપી શકે.

ધ્યાનયોગમાં જે સૂક્ષ્મ જ્ઞાન થાય છે, એ જ્ઞાનના યોગે વિવેક પ્રગટે છે. આ વિવેક સમભાવને લાવે છે - તે જણાવે છે...

**अविद्याकल्पितेषूच्चैरिष्टानिष्टेषु वस्तुषु ।**
**सज्ज्ञानात् तद्व्युदासेन समता समतोच्यते ।।३६४।।**

અનાદિની અશુભ ભાવનાથી ઉત્પન્ન થયેલ વિકલ્પરૂપ અવિદ્યાના કારણે ઇષ્ટાનિષ્ટરૂપે કલ્પેલા શબ્દાદિવિષયોમાં; 'જે પદાર્થ પર દ્વેષ થાય છે, તેમાં જ પાછી લીનતા પણ આવે છે, આથી વસ્તુતઃ કોઈ પણ વસ્તુ ઇષ્ટ પણ નથી, અનિષ્ટ પણ નથી...' આવા પ્રકારની ભાવનારૂપ વિવેક(સંજ્ઞાન)ના યોગે ઇષ્ટત્વ કે અનિષ્ટત્વની કલ્પનાનો પરિહાર થવાથી, (તે ઇષ્ટાનિષ્ટવસ્તુમાં) જે તુલ્યતાની બુદ્ધિ થાય છે - તેને સમતા કહેવાય છે.

સમતાયોગ, ધ્યાનયોગના કારણે મળે છે. સમતા માટે જે વિવેકની જરૂર છે, એ વિવેક ધ્યાનયોગના જ્ઞાનના કારણે પ્રગટે છે. ઇષ્ટત્વ અને અનિષ્ટત્વની કલ્પનાના કારણે આપણે બધા પદાર્થોની સાથે સંબંધ કરીએ છીએ તેથી સમતા આવતી નથી. વસ્તુને સારીનરસી માનવાના કારણે તેમાં જે પ્રવૃત્તિ થાય છે તે કાયમ માટે મમત્વમૂલક હોવાથી સમતા આવતી નથી. આ મમતાને માર્યા વિના સમતા આવવાની નથી. ધ્યાનના પ્રભાવે ઇષ્ટાનિષ્ટત્વનું જ્ઞાન ભ્રમાત્મક છે - એ સમજાય છે. કોઈ પણ વસ્તુના જ્ઞાતા બનવું હોય તો તેમાં તન્મય થવું પડે, વિષય બદલ્યા કરે તો સ્થિરતાનો અભાવ હોવાથી તેમાં થયેલ ભ્રમાત્મક જ્ઞાન ન ટળે. માટે વસ્તુનું ધ્યાન કરવાના કારણે વસ્તુના યથાર્થસ્વરૂપનું ભાન થાય છે અને તેથી વાસ્તવિક સમતા પ્રાપ્ત થાય છે. યોગની પ્રારંભદશામાં જ એક વિષય ઉપર સ્થિર થવા જાય તો સંભવ છે કે કંટાળો આવવાના કારણે જ્ઞાનથી જ પાછા પડી જઈએ. આથી શરૂઆતમાં વિષય બદલીને પણ જ્ઞાન ટકાવવા માટે કહ્યું. એક વાર જ્ઞાનમાં સ્થિર થવાય તો પછી એક વિષય પર સ્થિર થવાનું સહેલું પડે. પહેલેથી જ એક વિષય ઉપર સ્થિર થવા જાય તો ખેદાદિ દોષોનું ઉત્થાન થવાનો સંભવ છે. ગયેલા દોષો પાછા આવીને ઊભા રહે અને આપણી ખબર કાઢે તો મળેલા થોડાઘણા પણ ગુણો ગુમાવવાનો વખત આવે. ગમે તે બહાને પેસી ગયેલા દોષો અધઃપતનનું કારણ બન્યા વિના નહિ રહે. આથી જ શરૂઆતમાં વિષય બદલવાની રજા આપી. એનો અર્થ એવો નથી કે વિષય બદલવાના કારણે ગુણ મળે છે. વિષય બદલીને પણ જ્ઞાનની ધારા ચલાવવાના કારણે પાછા ન પડીએ - એ બને, પણ એથી આગળ ન વધાય. વિષય બદલવાના કારણે દોષોનો સંભવ ટળવાથી જ્ઞાનની પ્રવૃત્તિમાં ટકી રહેવાય છે. જ્યારે ગુણની પ્રાપ્તિ તો વિષયની એકાગ્રતાના કારણે આવે છે. વિષયની એકાગ્રતાના કારણે, વસ્તુનું ઇષ્ટત્વ કે અનિષ્ટત્વ આરોપિત છે એ સમજાઈ જવાથી વસ્તુનું મમત્વ ટળી જાય છે અને સમતા આવે છે. ગુણમાં આગળ વધવું - એ જ સાચી સિદ્ધિ છે. માત્ર ગુણમાં ટકી રહેવું - એ સિદ્ધિ નથી. સ્થાનમાં અને વિષયમાં સ્થિરતા આવે તો ધ્યાનયોગ ટકે અને સમતા સુધી પહોંચાડે. વિષયનું આલંબન લીધા પછી એક વિષયમાં સ્થિરતા ન આવે તો સમતા કોઈ કાળે ન આવે. એક

જ વિષયમાં સ્થિરતા અને એના યોગે સમતા, દુનિયાના વ્યવહારમાં અત્યન્ત પ્રસિદ્ધ છે. વેપારીઓ ઢગલાબંધ વસ્તુઓનું ખરીદી-વેચાણ કરે છતાં તેમાં ઇષ્ટત્વ કે અનિષ્ટત્વનું જ્ઞાન ન કરતાં માત્ર ધન કમાવાના સાધન તરીકે તેને જાુએ છે. એ જ રીતે અહીં ધ્યાન અને સમતાના યોગે દુનિયાના દરેક પદાર્થો માત્ર જ્ઞાનના વિષયરૂપે જણાય છે. વસ્તુને વસ્તુરૂપે જાણવી - એ જ સૂક્ષ્મ જ્ઞાન. જેને સૂક્ષ્મજ્ઞાન નથી મળ્યું તેને સમતા ન આવે. અત્યાર સુધી વસ્તુમાં ઇષ્ટત્વનો કે અનિષ્ટત્વનો આરોપ કર્યો... આ જ મોટામાં મોટી ભૂલ હતી. આ ભૂલ સમજાવાના કારણે વસ્તુમાંથી ઇષ્ટાનિષ્ટત્વના વ્યવહારનો ત્યાગ કરીને વસ્તુને યથાર્થરૂપે જાણવી - તેનું જ નામ સમતા. સમતાના કારણે જ્ઞાન નથી આવતું, જ્ઞાનના કારણે જ સમતા આવે છે. સમતા જ્ઞાનમૂલક છે. જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી સમતા આવતી નથી. જે વસ્તુ જ્ઞાનના આધારે જ ટકે છે, તે જ્ઞાનના અભાવમાં કઈ રીતે રહી શકે ? આત્મામાં જો જ્ઞાનનો લેપ કરવો હશે તો આત્મામાંથી અજ્ઞાન, મમત્વ વગેરે બધા દોષો ખાલી કરવા પડશે. દોષોથી નિર્લેપ બનીએ તો જ્ઞાનનો લેપ લાગે. આપણે અજ્ઞાન ટાળીને સર્વજ્ઞ બનવું છે - એ નક્કી, પણ એ માટે સર્વ વિષયના જ્ઞાતા બનવાનો પ્રયત્ન નથી કરવો. વિષયના સંપૂર્ણ જ્ઞાતા બનવું છે અને તે પણ આત્મસ્વરૂપના સંપૂર્ણ જ્ઞાતા બનવું છે. સર્વ વિષયોનું જ્ઞાન કેવળજ્ઞાનથી થાય, પણ બધું જ જાણવાનું મન જેને હોય તેને કેવળજ્ઞાન ન થાય. જેને આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણવાની ઈચ્છા હોય તેને કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે જે દિદૃક્ષા હોય છે તે શુદ્ધાત્મસ્વરૂપની હોય છે, બધા વિષયોની નહિ. જે આત્મસ્વરૂપનો અંશે પણ જ્ઞાતા બને તેને આત્મભિન્ન પુદ્ગલતત્ત્વમાં ઇષ્ટત્વનું કે અનિષ્ટત્વનું ભાન નથી થતું, તેથી સમતા આવે છે. આત્મસ્વરૂપનું અજ્ઞાન જ પુદ્ગલના વિષયમાં ભ્રમ પેદા કરે છે. આથી આ અજ્ઞાનનો નાશ કરવા માટે જ ક્ષપકશ્રેણિનું મંડાણ છે. એ અજ્ઞાનનો સર્વથા ક્ષય થાય એટલે કેવળજ્ઞાન પ્રગટે. પહેલા ગુણઠાણાથી બારમા ગુણઠાણા સુધીનો પુરુષાર્થ મોહનીયને દૂર કરવાનો હોવા છતાં અસલમાં અજ્ઞાનના નાશ માટેનો છે. બારમા ગુણઠાણે મોહનીયનો ક્ષય થવા છતાં ક્ષપકશ્રેણિ વિરામ પામતી નથી, કારણ કે અજ્ઞાનનો નાશ નથી થતો. અજ્ઞાન જેવું ભયંકર એકેય પાપ નથી. મિથ્યાત્વ નામના પાપને પણ જિવાડનાર કોઈ હોય તો તે આ અજ્ઞાન જ છે. મિથ્યાત્વની ભયંકરતાનું અજ્ઞાન જ આપણને સંસારમાં રખડાવે છે. એ અજ્ઞાન ટળે અને મિથ્યાત્વની ભયંકરતાનું જ્ઞાન થાય તો જ મિથ્યાત્વને ટાળવાનો પુરુષાર્થ શરૂ થાય. આજે મિથ્યાત્વ હજુ ખરાબ લાગે છે, પણ અજ્ઞાન ભૂંડું નથી લાગતું. આપણી જાતને પ્રામાણિકપણે પૂછવાની જરૂર છે કે - અજ્ઞાન ભૂંડું લાગે છે ખરું ? એ અજ્ઞાન ટાળવાનો પુરુષાર્થ કર્યો ખરો ? જો કર્યો તો કેટલો કર્યો ? જેમને અજ્ઞાન ખટકતું ન હોય તેમની આગળ જ્ઞાનમૂલક સમતાનો ઉપદેશ આપવાથી શું વળવાનું ? લોકોત્તરમાર્ગમાં અજ્ઞાનની આટલી બધી ઉપેક્ષા કરનારાનો પણ દુનિયાના વ્યવહારમાં અજ્ઞાન ટાળવાનો પુરુષાર્થ લગભગ ક્ષપકશ્રેણિના ઘરનો છે. વ્યવહારમાં ગમે તેટલું જ્ઞાન મળે તોય અધૂરું લાગે. ત્યાં જાણવા છતાં ન જાણવાનો ડોળ કરી વધુ જ્ઞાન મેળવવા તૈયાર થઈ જાય. અને અહીં લોકોત્તરમાર્ગમાં ન જાણવા છતાં જાણકારીનો ડોળ કરી અજ્ઞાન છૂપાવવા તૈયાર થઈ જાય... આવી અવસ્થામાં આ અધ્યાત્માદિ યોગોની પ્રાપ્તિ કઈ રીતે સંભવે ? યોગમાર્ગની થોડીઘણી પ્રીતિ હોય અને એથી આ બધું સાંભળવા માટે અવાય છે - એ સારી વાત છે. પરંતુ અજ્ઞાન ટાળ્યા વિના અને તત્ત્વજ્ઞાન મેળવ્યા વિના સમતા વગેરે ગુણો નહિ મળે. એ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે, વિષયને શોધવા માટે મહેનત નથી કરવી, આત્મસ્વરૂપને શોધવા માટે મહેનત કરવી છે. તે માટે સ્વાધ્યાયયોગને આત્મસાત્ કરવાની જરૂર છે. સૂત્રયોગ અને અર્થયોગને આત્મસાત્ કરવા માટે આ દુનિયાના બધા પદાર્થો ભૂલવા પડશે. ગાથાક્રમના આધારે સૂત્ર ગોખે, કઈ ગાથા કેટલામી છે - એ પણ કંઠસ્થ રહે એ રીતે ગોખે તો સૂત્ર આત્મસાત્ થાય. તેવું સૂત્ર ગોખવા માટે એક વિષય પર તન્મય થવું જ પડે. સૂત્રયોગ આત્મસાત્ કરી લીધા પછી અર્થયોગને પોતાના નામની જેમ ચિર-પરિચિત કરવા મહેનત કરવાની. સૂત્ર બોલતાંની સાથે અર્થ ઉપસ્થિત થઈ જાય - એ રીતે અર્થયોગનું અધ્યયન કરવું. આ રીતે સૂત્રાર્થના નિષ્ણાત બનેલાને ક્યાંય રાગદ્વેષની પરિણતિ નડે નહિ. તે જે બોલે તે સૂત્ર, જે ચિંતવે તે અર્થ ને જે કરે તે યોગની સાધના. તે તે ક્ષેત્રમાં નિષ્ણાત બનેલાને સિદ્ધિ આ રીતે જ વરે છે. સારો તબલચી જે થાપ મારે તે તાલ, ટપલી મારે તોય તાલમાં અને હથોડી ઠોકે તે પણ તાલમાં. સારો સંગીતકાર જે ગાય તે રાગ. યોગમાર્ગમાં આવા પ્રકારની સિદ્ધિ મેળવવા ભવોભવની સાધના જોઈશે. આત્માની સાથે પ્રીતિ કેળવાય, આત્મા સાથે એકાકાર થવાય, આત્મા સિવાય બીજાું કાંઈ જ ન સૂઝે તો જ આ બધું શક્ય બને. આવાનું જ યોગમાર્ગમાં કામ છે. જેને આત્મા સિવાયની પરપરિણતિ જ સૂઝતી હોય તેને યોગમાર્ગમાં ફાવે નહિ.

અહીં એ યાદ રાખવું કે, માત્ર રાગદ્વેષમાં સમભાવને સમતા જણાવવાના બદલે વસ્તુના વાસ્તવિક જ્ઞાનના કારણે જાગેલા વિવેકના યોગે પ્રગટેલા સમભાવને સમતા તરીકે જણાવ્યો છે. કારણ કે સુખ-દુઃખમાં સમાનભાવ, ભવ-મોક્ષમાં સમાનભાવ, અજ્ઞાનમૂલક પણ હોઈ શકે છે. ઔદાસીન્ય આવ્યા પછી જો જ્ઞાન આવવાનું બાકી હોય તો એ ઔદાસીન્ય બનાવટી જ માનવું પડે. એ ઔદાસીન્ય જ્ઞાનમૂલક ન હોવાથી નિરર્થક જ રહેવાનું. આથી અહીં જ્ઞાનમૂલક સમતાની વ્યાખ્યા કરી. જ્ઞાની બનાવટ કરે ? ન જ કરે ને ? માટે જ્ઞાનીની સમતા એ જ સાચી સમતા છે. પરમાત્મા બનવાનો ઉપાય આ સમતા છે. આ સમતા માટે જ યોગમાર્ગમાં જ્ઞાનની સાધના છે.

આવા પ્રકારની સમતાનું ફળ જણાવે છે કે-

**ऋद्ध्यप्रवर्त्तनं चैव, सूक्ष्मकर्मक्षयस्तथा ।**
**अपेक्षातन्तुविच्छेदः, फलमस्याः प्रचक्षते ।।३६५।।**

આમર્ષૌષધિ વગેરે ઋદ્ધિઓનું અપ્રવર્ત્તન, સૂક્ષ્મ કર્મોનો અર્થાત્ કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાતચારિત્ર અને અનંતવીર્યને આવરનારાં કર્મોનો ક્ષય અને બંધના કારણભૂત અપેક્ષાતન્તુનો વિચ્છેદ આ સમતાનું ફળ છે.

સાતમા ગુણઠાણાની પરાકાષ્ઠામાં ક્ષયોપશમભાવની ઘણી ઋદ્ધિઓ મળે છે. એવા વખતે ઋદ્ધિઓ પ્રવર્ત્તતી હોવા છતાં તે યોગીઓ સ્વયં ઋદ્ધિમાં પ્રવૃત્તિ નથી કરતા અર્થાત્ ઋદ્ધિઓને પ્રવર્ત્તાવતા નથી. પોતાને મળેલા પુણ્યપ્રકર્ષનો ઉપયોગ ન કરવો એનું જ નામ સમતા. સમતાનો પાયો કહો કે સમતાનું ફળ કહો - તે આ જ છે. જેને પુણ્ય ગમે, પુણ્યને પ્રવર્ત્તાવવાનું જેને મન થાય તેને સમતા ન આવે. જેની પાસે સમતા હોય તેને પોતાના પુણ્યપ્રકર્ષનો ઉપયોગ કરવાનું મન ન થાય. કોઈ વાર ભૂતકાળના સંસ્કારના કારણે અથવા તો શાસનની પ્રભાવના વગેરે કારણે પ્રવૃત્તિ કરે - એ જાુદી વાત. જેમ, ગૃહસ્થોને નોકરી કરવી પડે, કરવાનું મન નથી હોતું; બહેનોને રસોઈ કરવી પડે, કરવાનું મન નથી હોતું, તેવી રીતે સમતાયોગના ધણીને ઋદ્ધિની પ્રવૃત્તિ હોઈ શકે, તેનું પ્રવર્ત્તન તો ન જ હોય. આ જ સમતાનું ફળ છે. અહીં ગ્રંથકારશ્રીએ શબ્દો કેવા માર્મિક વાપર્યા છે ? સમજવા માટે કોશિશ કરો તો ચોક્કસ તમે જ્ઞાતા બનો. 'પ્રવૃત્તિ' અને 'પ્રવર્ત્તન' આ બંન્ને શબ્દો प्र+ वृत् ધાતુને ભાવમાં (क्ति અને अनट्) પ્રત્યય કરીને બનેલા હોવા છતાં ગર્ભિત પ્રેરકરૂપને કારણે બંન્ને શબ્દો જાુદા અર્થને જણાવે છે. શબ્દોની સાથે તાદાત્મ્ય કેળવવા માટે સાધનગ્રંથોનો અભ્યાસ કરવાની જરૂર છે. પૂછવા માટે મહેનત કરશો તો જ્ઞાતા નહિ બનો, સમજવા માટે પ્રયત્ન કરશો તો જ જ્ઞાતા બનશો. જ્ઞાની થવા માટે પૂછપૂછ કરવાના બદલે અભ્યાસ કરવા માંડો. આવી સુંદર વાતો સાંભળવા અને સમજવા મળતી હોય તો માથું નમાવીને બેસી જવાનું, આવા ગ્રંથોના અભ્યાસમાંથી માથું ઊંચું કરવું જ નથી.

કાદવમાં પગ પડવો તે પ્રવૃત્તિ અને કાદવમાં પગ નાંખવો તે પ્રવર્ત્તન. જ્યાં ચિત્તનો ઉપયોગ ન હોય, કર્ત્તાનો પ્રયત્ન ન હોય છતાં ક્રિયા દેખાય - તે પ્રવૃત્તિ. અને જ્યાં કર્ત્તાનો પ્રયત્ન હોય, ચિત્તનો ઉપયોગ હોય તે પ્રવર્ત્તન. પ્રવૃત્તિ હોવા છતાં પ્રવર્ત્તન ન હોય - આ સમતાનો પ્રભાવ છે. સમતાના કારણે ક્યાંય પણ ઋદ્ધિમાં પ્રવર્ત્તન ન હોય, કારણ કે ઋદ્ધિનું પ્રવર્ત્તન અસલમાં પતનનું જ પ્રવર્ત્તન છે. સુવર્ણકમળ ઉપર પગ મૂકે છતાં એ ઋદ્ધિ મનને અડે નહિ તે ઋદ્ધિનું અપ્રવર્ત્તન. ભગવાન જેવા ભગવાન ઋદ્ધિનું પ્રવર્ત્તન ન કરે અને ભગવાનના ભક્ત કહેવાતા સાધુ-સાધ્વી ઋદ્ધિનું પ્રવર્ત્તન કરે ?! અને કદાચ કરે તોપણ તેને સારું માને ?

સ૦ હૈયામાં એનું દુઃખ હોય તો ?

જે પ્રવૃત્તિ આપણે ટાળી શકીએ એવી છે એ પ્રવૃત્તિ કર્યે રાખવાની અને એનું હૈયે દુઃખ ધરવાનું - એ ચાલે ? તેને બનાવટ નહિ તો બીજાું શું કહેવું ? આવી બનાવટો કરીને જ આપણે શક્યમાર્ગથી દૂરસુદૂર રહ્યા છીએ.

સમતાના કારણે ઋદ્ધિનું અપ્રવર્ત્તન થાય છે અને સાથે સૂક્ષ્મ-ઘાતિકર્મોનો ક્ષય થાય છે. વીતરાગતા આવ્યા પછી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થવા માટે વાર નથી લાગતી. કારણ કે ઘાતિકર્મોના મૂળમાં અપેક્ષારૂપ તન્તુનું અનુસંધાન હતું. સમતાના કારણે એ અપેક્ષાતન્તુનો નાશ થાય છે. એટલે કે સુખની અને સુખનાં સાધનોની અપેક્ષાનો વિચ્છેદ થાય છે, દુઃખના અભાવની અને દુઃખનાં સાધનો ટાળવાની અપેક્ષાનો વિચ્છેદ થાય છે. સ્પૃહામાત્રનો વિચ્છેદ થાય છે. परस्पृहा महादुःखम् બોલનારા અને માનનારા સ્પૃહાને ટાળવા માટે મહેનત કરે કે દુઃખને ટાળવા ? જ્યાં સુધી સ્પૃહા દુઃખરૂપ નહિ લાગે ત્યાં સુધી દુઃખને ટાળવાની સ્પૃહા રહેવાની જ. જે સ્પૃહાને દુઃખરૂપ માને તે જ સ્પૃહાથી અને દુઃખથી મુક્ત બની શકે.

આ રીતે પરિપૂર્ણ બનેલી સમતા વૃત્તિસંક્ષયને લાવી આપે છે-

**अन्यसंयोगवृत्तीनां, यो निरोधस्तथा तथा ।**
**अपुनर्भावरूपेण, स तु तत्संक्षयो मतः ।।३६६।।**

શરીર અને મન સ્વરૂપ અન્યના સંયોગના નિમિત્તે ઉત્પન્ન થયેલ વિકલ્પરૂપ (મનસંબંધી) કે પરિસ્પન્દરૂપ (શરીરસંબંધી) વૃત્તિઓનો, કેવળજ્ઞાનની પ્રાપ્તિના કાળે અને અયોગીકેવલી અવસ્થાના કાળે, ફરી ઉત્પન્ન નહિ થવા રૂપે જે નિરોધ કરવામાં આવે છે તેને વૃત્તિઓનો સંક્ષય કહેવાય છે.

અંશતઃ વૃત્તિનો ક્ષય પહેલે ગુણઠાણે પણ થાય છે અને એ રીતે અંશતઃ ક્ષય થતાં થતાં અંતે સર્વથા સકલ વૃત્તિઓનો ક્ષય થાય તેને વૃત્તિનો સંક્ષય કહેવાય છે. ભવિષ્યમાં ક્યારે પણ ક્ષય કરવાનો વખત ન આવે એવો ક્ષય તે સંક્ષય. વૃત્તિનો નિરોધ કરવા માટે વૃત્તિઓને ઓળખવી પડે. અન્ય સંબંધના કારણે જે ઉત્પન્ન થાય છે તેને વૃત્તિ કહેવાય છે. અને એ અન્ય એટલે કર્મ. ઘાતિકર્મના કારણે ઉત્પન્ન થનારા સંકલ્પ વિકલ્પો એ જ વૃત્તિ છે. વૃત્તિ એ આત્માનો વિભાવ છે. વૃત્તિઓ વિકલ્પ સ્વરૂપ હોવાથી વિચારણારૂપ છે. વિચારવું એ આત્માનો સ્વભાવ નથી, ઉપયોગ એ આત્માનો સ્વભાવ છે. વિચારો-સંકલ્પવિકલ્પો તો કર્મના સંયોગના કારણે જ આવે છે. એ સંયોગ ટળે એટલે વિચારણા એની મેળે ટળે. કર્મ(અન્ય)સંયોગને આધીન ન થઈએ તો જ વૃત્તિ ઉપર નિરોધ આવે. કર્મને આધીન બને તો વૃત્તિઓ આવે, આવે ને આવે જ. આત્માને નજીકનો સંબંધ શરીરની સાથે કે કર્મ સાથે ? અનાદિથી ક્ષીરનીરન્યાયે કર્મ સાથે જ સંબંધ છે ને ? એ સંબંધ ટળે એટલે શરીરાદિનો સંબંધ એની મેળે ટળે. કર્મ ઉપર ઘા મારવા માંડો એટલે બીજા બધા આપોઆપ ભાગશે. આ સમસ્ત સંસાર કર્મમૂલક હોવાથી કર્મના ઉચ્છેદ વિના સંસારનો ઉચ્છેદ નહિ થવાનો. જો સંસારનો ઉચ્છેદ કરવો હશે તો પોતાના આત્માને લાગેલાં કર્મનો ઉચ્છેદ કરવો જ પડશે. પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે આપણને આપણા આત્માના સંસારનો ઉચ્છેદ કરવાનું મન થયું છે ખરું ? આ પ્રશ્નનો પ્રામાણિકપણે જવાબ મળે તો જ આગળ વધાય. બાકી સાંભળવા ખાતર જ જો સાંભળવા આવે તેના માટે આ બધો જ ઉપદેશ વ્યર્થ જવાનો...

અંતે વૃત્તિસંક્ષયના ફળને જણાવે છે-

**अतोऽपि केवलज्ञानं, शैलेशीसम्परिग्रहः ।**
**मोक्षप्राप्तिरनाबाधा, सदानन्दविधायिनी ।।३६७।।**

આ વૃત્તિસંક્ષયના કારણે સકલ દ્રવ્યપર્યાયવિષયક પરિપૂર્ણ જ્ઞાન સ્વરૂપ કેવળજ્ઞાન, સર્વસંવરભાવસ્વરૂપ જે શીલ તેનો અધિપતિ જે શીલેશ તેની અવસ્થા સ્વરૂપ શૈલેશી અવસ્થાનો સ્વીકાર તેમ જ સર્વ શરીર અને મનસંબંધી વ્યથાથી વિકલ અને સદા માટે પરમ આનંદને કરનારી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ વૃત્તિસંક્ષયના કારણે શું મળે છે - આવી જિજ્ઞાસાના નિરાકરણમાં ગ્રંથકારશ્રી સૌથી પહેલું ફળ કેવળજ્ઞાન બતાવે છે કે જે લગભગ આપણને જોઈતું નથી ! એટલે એમાં આપણે કશું વિચારવાનું રહેતું નથી. 'આ કાળમાં કેવળજ્ઞાન ક્યાં મળવાનું છે' - આવી ભાવનાવાળાઓ માટે એકે શાસ્ત્ર કામનું નથી. કારણ કે કોઈ પણ શાસ્ત્રની રચના, કેવળજ્ઞાનની પ્રાપ્તિની ઈચ્છા, કેવળજ્ઞાનની પ્રાપ્તિના ઉપાય અને કેવળજ્ઞાનરૂપ ફળની પ્રાપ્તિ... એના વર્ણન માટે જ કરાઈ છે. ચૌદ ગુણઠાણાનો વિકાસક્રમ કહો કે યોગમાર્ગનો વિકાસક્રમ કહો, કેવળજ્ઞાનની ઈચ્છાથી એનો પ્રારંભ થાય છે અને કૈવલ્યપ્રાપ્તિમાં જ તેનો વિરામ છે.

અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય આ પાંચે યોગની અવસ્થાને ગુણઠાણાના ક્રમે વિચારીએ તો ચોથે-પાંચમે અધ્યાત્મ અને ભાવના યોગ હોય છે, અંશતઃ પહેલે ગુણઠાણે પણ હોય છે. છઠ્ઠે-સાતમે ધ્યાન અને સમતાયોગ હોય છે. અને આઠમેથી બારમા ગુણઠાણા સુધી વૃત્તિસંક્ષય-યોગ હોય છે. તેરમા ગુણઠાણે તો યોગના ફળરૂપ કેવળજ્ઞાન મળી ગયું હોવાથી ત્યાં યોગ નથી. યોગ એ મોક્ષસાધક પુરુષાર્થ છે અને ઘાતિકર્મનો બારમાના અંતે ક્ષય થવાથી અને અઘાતિકર્મના ક્ષય માટે કોઈ પણ જાતનો પુરુષાર્થ કરવાનો રહેતો ન હોવાથી તેરમે-ચૌદમે કોઈ યોગની જરૂર નથી. તેરમે ગુણઠાણે મોક્ષરૂપ ફળ સિદ્ધ થયું ન હોવા છતાં પણ ફળની સિદ્ધિ માટે કોઈ સાધનની જરૂર ન હોવાથી યોગ માનતા નથી. કેવળજ્ઞાન મળ્યા પછી કેવળજ્ઞાનથી અતિરિક્ત કોઈ સાધનની મોક્ષ માટે અપેક્ષા નથી. સ્વાભાવિક પ્રવૃત્તિના કારણે જો ફળની સિદ્ધિ થતી હોય તો તે માટે કોઈ આલંબનની જરૂર રહેતી નથી. કેવળજ્ઞાનના કારણે મોક્ષ મળે છે એવું નથી, કેવળજ્ઞાનની હાજરીમાં મોક્ષ મળે છે. જો કેવળજ્ઞાનના કારણે મોક્ષ મળે છે - એવું માનીએ તો કેવળજ્ઞાનને પણ યોગ માનવો પડશે. પરંતુ કેવળજ્ઞાન

એ યોગનું ફળ છે. કેવળજ્ઞાનમાં આલંબનની જરૂર નથી માટે સાલંબન યોગ નથી અને કેવળજ્ઞાનરૂપ ફળ સિદ્ધ થયેલ હોવાથી અનાલંબનયોગ પણ નથી. તેથી માત્ર સાલંબન પ્રકાશ છે - એમ માનવું.

આ રીતે ખૂબ જ અલ્પ સમયમાં અત્યન્ત સંક્ષેપથી આપણે શ્રી યોગબિંદુ ગ્રંથના આધારે યોગમાર્ગની વિકાસયાત્રા જોઈ. સૂરિપુરંદર આચાર્યભગવન્ત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગશાસ્ત્રરૂપ મહાસમુદ્રમાંથી સમુદ્‌ધૃત કરેલ આ યોગબિંદુ ગ્રંથમાંના જે કેટલાક અંશો આપણે જોયા - એની છાયા પણ આપણા હૃદયપટ ઉપર પડી જાય તો આપણે પણ તેઓશ્રીએ બતાવેલા પંથે ચાલી અનાદિની ભવયાત્રાનો અન્ત કરવા માટે સમર્થ બની શકીએ. વહેલામાં વહેલી તકે એ સામર્થ્ય મેળવવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ - એ જ એક શુભાભિલાષા.

-: વિશેષ નોંધ :-

-: વિશેષ નોંધ :-